# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

07 NOVEMBER-2025 SATURDAY | Vol. : 17 | Issue : 127 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  પ્રથમ ફેઝમાં રેકોર્ડ 64.4% વોટિંગ, નીતિશને હટાવવા મુશ્કેલ, બિહારમાં જ્યારે જ્યારે 5%થી વધુ વોટિંગ...

4  કોકોના ભાવ ટોચ પરથી તૂટ્યા દિવાળીમાં ચોકલેટોના ભાવ નીચા રહેશે.....

6  'ધ ફેમિલી મેન 3'માં શિકારી જ શિકાર બનશે, નિમરત કૌર અને જયદીપ અહલાવતની એન્ટ્રી...

7  600 પોઈન્ટ ઘટ્યા બાદ બજાર સુધર્યું : સેન્સેક્સ 95 પોઈન્ટ ઘટીને 83,216 પર બંધ


### આનાથી ભાગલા પાડવાના બીજ વવાયા, નવું ભારત જાણે છે કે આતંકવાદનો નાશ કરવા માટે દુર્ગા કેવી રીતે બનવું

# 1937માં વંદે માતરમના ટુકડા કરવામાં આવ્યા : PM મોદી

**નવી દિલ્હી, તા.07**

રાષ્ટ્રગીત વંદે માતરમને આજે શુક્રવારે 150 વર્ષ પૂર્ણ થયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં એક કાર્યક્રમમાં સંબોધન કર્યુ હતું. PMએ કહ્યું, ‘વંદે માતરમ એક મંત્ર, એક સ્વપ્ન, એક સંકલ્પ, એક ઉર્જા છે. આ ગીત ભારત માતાની આરાધના છે.‘ PMએ કહ્યું- વંદે માતરમ ભારતની સ્વતંત્રતાની ઘોષણા હતી. તે દરેક યુગમાં સુસંગત છે. 1937માં, વંદે માતરમનો એક ભાગ કાઢી નાખવામાં આવ્યો હતો. તેના ટુકડા કરવામાં આવ્યા હતા. વંદે માતરમના ટુકડાથી દેશમાં ભાગલાના બીજ વાવવામાં આવ્યા હતા. તે વિભાજનકારી વિચારસરણી આજે પણ દેશ માટે એક પડકાર છે.

PM મોદીએ કહ્યું - વંદે માતરમના મૂળ સ્વરૂપમાં લખ્યું છે કે ભારત માતા સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગા છે. જ્યારે દુશ્મને આતંકવાદ દ્વારા ભારતની સુરક્ષા અને સન્માન પર હુમલો કરવાની હિંમત કરી, ત્યારે આખી દુનિયાએ જોયું કે નવું ભારત જાણે છે કે આતંકવાદનો નાશ કરવા માટે દુર્ગા કેવી રીતે બનવું.

PM એ રાષ્ટ્રગીતની 150મી વર્ષગાંઠ નિમિત્તે એક ટપાલ ટિકિટ અને એક સિક્કો બહાર પાડ્યો. તેમણે એક વર્ષ સુધી ચાલનારા સ્મૃતિ સમારોહનું ઉદ્ઘાટન કર્યું અને એક વેબસાઈટ લોન્ચ કરી. PMએ વંદે માતરમના સામૂહિક ગાયન કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. PMએ કહ્યું- વંદે માતરમની પંક્તિ - ’સુજલામ, સુફલામ, મલયજ શીતલામ, શસ્યશ્યામલામ માતરમ’ પ્રકૃતિના દિવ્ય આશીર્વાદથી સુશોભિત આપણી માતૃભૂમિને નમન કરે છે.

મોદીએ કહ્યું, ‘વંદે માતરમ એક શબ્દ, એક મંત્ર, એક ઊર્જા, એક સંકલ્પ છે. વંદે માતરમ આપણને ઈતિહાસમાં લઈ જાય છે. એ આપણને આપણા ભવિષ્ય માટે નવી હિંમત આપે છે કે એવો કોઈ સંકલ્પ નથી, જે પૂર્ણ ન થઈ શકે, એવું કોઈ લક્ષ્ય નથી, જેને આપણે ભારતીયો પૂરું ન કરી શકીએ.‘

1. વડાપ્રધાનએ કહ્યું- રવીન્દ્રનાથ ટાગોરે એક વખત કહ્યું હતું કે બંકિમચંદ્રનું ’આનંદમઠ’ માત્ર એક નવલકથા નથી. તે સ્વતંત્ર ભારતનું સ્વપ્ન છે. બંકિમ બાબુએ લખેલા દરેક શબ્દનો ગહન અર્થ છે. આ ગીત ગુલામીના યુગ દરમિયાન રચાયું હતું, પરંતુ તે



ફક્ત તે સમય પૂરતું મર્યાદિત નથી. વંદે માતરમ દરેક યુગમાં સુસંગત છે. 2. PMએ કહ્યું- જ્યારે બંકિમ ચંદ્રાએ 1875માં બંગદર્શનમાં વંદે માતરમ પ્રકાશિત કર્યું, ત્યારે કેટલાક લોકોએ તેને ફક્ત એક ગીત માન્યું. જોકે, ધીમે ધીમે, વંદે માતરમ ભારતની સ્વતંત્રતા માટે લડતા લાખો લોકોનો અવાજ બની ગયો. એક એવો અવાજ જે દરેક ભારતીયની લાગણીઓનો પડઘો પાડે છે. 3. મોદીએ કહ્યું-આજે, જ્યારે આપણે આપણા રાષ્ટ્રગીતના 150 વર્ષની ઉજવણી કરીએ છીએ, તે આપણા દેશના મહાન નાયકોને શ્રદ્ધાંજલિ છે. તે લાખો શહીદોને નમન છે. જેમણે ફાંસીનાં મંચડે ચઢતી વખતે વંદે માતરમના નારા લગાવ્યા હતા, જેમણે વંદે માતરમ બોલતા બોલતા કોરડાનો માર સહન કર્યો હતો.

4. મોદીએ કહ્યું, ‘વંદે માતરમ એક શબ્દ, એક મંત્ર, એક ઉર્જા, એક સંકલ્પ છે. વંદે માતરમ આપણને ઈતિહાસમાં લઈ જાય છે. તે આપણને આપણા ભવિષ્ય માટે નવી હિંમત આપે છે કે એવો કોઈ સંકલ્પ નથી જે પૂર્ણ ન થઈ શકે, એવું કોઈ લક્ષ્ય નથી જેને આપણે ભારતીયો પુરુ ન કરી શકીએ.‘

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય સક્સેના અને મુખ્યમંત્રી રેખા ગુપ્તા પણ હાજર રહ્યાં હતાં. વંદે માતરમની 150મી વર્ષગાંઠનો કાર્યક્રમ 7 નવેમ્બર, 2025થી 7 નવેમ્બર, 2026 દરમિયાન દેશભરમાં યોજાશે.

ભારતનું રાષ્ટ્રગીત, વંદે માતરમ, 7 નવેમ્બર 1875ના રોજ અક્ષય નવમીના શુભ પ્રસંગે બંકિમ ચંદ્ર ચેટર્જી દ્વારા લખવામાં આવ્યું હતું. એ સૌપ્રથમ તેમની નવલકથા આનંદમઠના ભાગ રૂપે તેમના મેગેઝિન બંગદર્શનમાં પ્રકાશિત થયું હતું. પીએમ મોદીએ ગુરુવારે રાત્રે X પર લખ્યું - ‘7 નવેમ્બર દેશવાસીઓ માટે એક ઐતિહાસિક દિવસ છે. આપણે વંદે માતરમ ગીતના ગૌરવશાળી 150 વર્ષની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. આ પ્રેરણાદાયી હાકલથી દેશની પેઢીઓ દેશભક્તિની ભાવનાથી ભરાઈ ગઈ છે. આ ખાસ પ્રસંગે સવારે 9:30 વાગ્યે દિલ્હીમાં એક કાર્યક્રમમાં હાજરી આપવાનું મને સૌભાગ્ય મળશે. અહીં એક સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડવામાં આવશે. વંદે માતરમનું સામૂહિક ગાન આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે!‘

7 નવેમ્બર, 1875ના રોજ બંકિમચંદ્ર ચેટર્જીએ સૌપ્રથમ વખત સાહિત્યિક મેગેઝિન બંગદર્શનમાં ‘વંદે માતરમ‘ પ્રકાશિત કર્યું. 1896માં રવીન્દ્રનાથ ટાગોરે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં સ્ટેજ પર ‘વંદે માતરમ‘ ગાયું. આ પહેલીવાર હતું જ્યારે આ ગીત રાષ્ટ્રીય સ્તરે જાહેરમાં ગવાયું. સભામાં હાજર હજારો લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

વંદે માતરમ ગાવા બદલ બાળકોને 5 રૂપિયાનો દંડ, 1905માં બંગાળના ભાગલા સામે વંદે માતરમ એક વ્યાપક નારો બની ગયો. રંગપુરની એક શાળામાં બાળકોએ આ ગીત ગાયું ત્યારે બ્રિટિશ અધિકારીઓએ 500 વિદ્યાર્થીને ફક્ત વંદે માતરમ બોલવા બદલ પાંચ-પાંચ રૂપિયાનો દંડ ફટકાર્યો.

બ્રિટિશ સરકારે ઘણી શાળાઓમાં વંદે માતરમ ગાવા પર પ્રતિબંધ મૂક્યો હતો. એ સમયે વિદ્યાર્થીઓ વર્ગો છોડી દેતા હતા, સરઘસ કાઢતા હતા અને ગીત ગાતા રહેતા હતા. ઘણી જગ્યાએ તેમને પોલીસે માર માર્યો હતો અને કેદ કરવામાં આવ્યા હતા.

17 ઓગસ્ટ 1909ના રોજ જ્યારે મદનલાલ ધીંગરાને ઈંગ્લેન્ડમાં ફાંસી આપવામાં આવી ત્યારે તેમના છેલ્લા શબ્દો વંદે માતરમ હતા.

## 'ચૂંટણીમાં ચોરી કરી મોદી PM બન્યા, GenZને બતાવીશું..' બિહાર અંગે પણ રાહુલ ગાંધીના આરોપ

**નવી દિલ્હી, તા.07**

ચૂંટણી પંચ (EC) દ્વારા મત ચોરીના દાવાઓ ફગાવી દેવાયા હોવા છતાં, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કહ્યું કે, તેઓ આ બાબતે તપાસ ચાલુ જ રાખશે. તેમણે જણાવ્યું કે, ’અમારી પ્રક્રિયા અટકી નથી અને અમારી પાસે ઘણી બધી બાબતો છે. જે સાબિત કરશે કે ચૂંટણી પંચ કેવી રીતે ગેરરીતિઓ આચરી રહ્યું છે. આ દરમિયાન, તેમણે ’જનરેશન ઝેડ’(Gen Z)ને જાગૃત કરવાની વાત કરતાં કહ્યું કે, ’અમે દેશના યુવાનોને જણાવીશું કે PM નરેન્દ્ર મોદી ચૂંટણીમાં ચોરી કરીને કેવી રીતે વડાપ્રધાન બન્યા છે.’

રાહુલ ગાંધીએ કહ્યું કે, ’સીધી વાત એ છે કે હરિયાણાની ચૂંટણી, જેને મેં પ્રેઝન્ટેશનમાં બતાવી, તે ચૂંટણી નહોતી, પણ હોલસેલ ચોરી હતી. મારા આરોપો પર ચૂંટણી પંચ કે ભાજપ તરફથી કોઈ જવાબ આવ્યો નથી, પરંતુ મારા નિવેદનને નકારવામાં પણ આવ્યા નથી.’ કોંગ્રેસ નેતાએ આકરો આક્ષેપ કરતાં કહ્યું કે ’નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ઈલેક્શન કમિશન મળીને બંધારણ પર આક્રમણ કરી રહ્યા



છે. બંધારણનો સિદ્ધાંત ’વન મેન, વન વોટ’ હરિયાણામાં લાગુ પડ્યો નથી, કારણ કે ત્યાં બ્રાઝિલની મહિલાના નામે વોટર આઈડી બન્યા અને એક બૂથ પર 200 કાર્ડ્સમાં એક જ મહિલાની તસવીર જોવા મળી.’ બિહારમાં મતદાનની ટકાવારી વધવા અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે, ’અમારી પાસે ઘણી બધી વસ્તુઓ છે. અમારી પ્રક્રિયા ચાલતી રહેશે. અમે GenZને બતાવતા રહીશું કે નરેન્દ્ર મોદી ચૂંટણીમાં ચોરી કરીને PM બન્યા છે.’ તેમણે આ અંગે વધુમાં કહ્યું કે, ’આખરે હરિયાણામાં કેવી રીતે કોઈ વોટર આઈડી પર બ્રાઝિલની મહિલાનો ફોટો આવી શકે? જે મહિલાનું નામ હતું અને જેણે મત આપ્યો હતો, તેને આગળ કરી દેવામાં આવી. પરંતુ એ જવાબ ન મળ્યો કે આખરે બ્રાઝિલની મહિલાની તસવીર તેમાં કેવી રીતે છે.





સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

“હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી”

વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ

જનજાતીય ગૌરવ વર્ષ

અંતરિયાળ વિસ્તારથી મુખ્યધારા સુધી

માળખાકીય સવલતો દ્વારા વિકાસને વેગ



પાકા રસ્તા, સિંચાઈ અને વીજળીકરણ જેવી પાયાની સવલતો થકી આદિજાતિ સમુદાયના જીવનમાં સમૃદ્ધિનો નવો અધ્યાય

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિવાસી સમુદાયનું સામાજિક અને આર્થિક ઉત્થાન

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ માળખાકીય સગવડો ઊભી કરીને આદિજાતિ વિકાસને આપ્યો વેગ

માળખાકીય વિકાસની મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ (વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫):

- આદિજાતિ વિસ્તારોમાં મોટી ઉદ્વહન પાઈપલાઈન યોજનાઓમાં અંદાજિત ₹ ૨,૯૦૩.૩૧ કરોડનાં ૧૦ કામો પૂર્ણ તથા ₹ ૨,૨૧૧.૬૧ કરોડના ૯ કામો પ્રગતિ હેઠળ
- આદિજાતિ વિસ્તારોમાં અંદાજિત ₹ ૪,૦૯૮.૬૨ કરોડના ખર્ચ થકી ૪,૬૭૯ રસ્તા તથા પુલનાં કામો પૂર્ણ
- આદર્શ નિવાસી શાળાઓમાં (૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬) અંદાજિત ₹ ૧૧૦૮ કરોડના ખર્ચે કુલ ૩૪ નવાં ભવનોનું નિર્માણ, અંદાજિત ૧૦,૦૦૦ આદિજાતિ વિદ્યાર્થીઓને લાભ
- સરકારી છાત્રાલયો માટે (૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬) અંદાજિત ₹ ૭૯૦ કરોડના ખર્ચે કુલ ૫૮ નવાં ભવનોનું નિર્માણ, અંદાજિત ૧૦,૮૫૦ આદિજાતિ વિદ્યાર્થીઓને લાભ
- એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, GLRS, મોડેલ ડે શાળા, સૈનિક સ્કૂલ સહિતની ૨૯ શાળાઓના નિર્માણ માટે અંદાજિત ₹ ૪૦૧.૩૫ કરોડનો ખર્ચ
- આદિજાતિ વિસ્તારોના તમામ મહેસૂલી ગામોને પાકા રસ્તાના જોડાણથી આવરી લેવાયા



આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર

### જમણી બાજુના મગજને ચીરીને ગોળી ડાબી બાજુ પહોંચી

# લોહીલુહાણ હાલતમાં મહિલા RFOને પહેલા સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવાયા

## નજરે જોનાર 4 વર્ષનો દીકરો, ઘટના પહેલાંના CCTV, મહિલા RFO કેસમાં શંકા ઉપજાવતાં સવાલ ઉભા થયા

**સુરત, તા.07**

સુરત રેન્જ ફોરેસ્ટ ઓફિસર સોનલ સોલંકીને ગોળી વાગવાના ગંભીર મામલામાં એક બાદ એક ચોંકાવનારા ખુલાસા સામે આવી રહ્યાં છે. 6 નવેમ્બરના સવારે લગભગ 8:30 વાગ્યે આ ઘટના બની ત્યારે પહેલા અકસ્માતની ઘટના લાગતી હતી. જોકે, પછી ખબર પડી કે આ ફાયરિંગનો કેસ છે. લોહીલુહાણ હાલતમાં મહિલા RFOને પહેલા સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવાયા હતાં. બાદમાં વધુ સારવાર માટે સુરતની પી.પી.સવાણી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં સીટી સ્કેન કરતા ખબર પડી કે તેમના માથામાં ગોળી છે. અહીં ઓપરેશન કરીને સોનલબેનના માથામાંથી ગોળી બહાર કઢાઈ હતી. 7.65 mmની ગોળી લગભગ 8 કલાક સુધી સોનલબેનના માથામાં હતી.

મહિલા RFO સોનલ સોલંકીને ગોળી વાગવાના બનાવ પહેલાના CCTV ફૂટેજ સામે આવ્યા છે, જેમાં તેઓ કાર લઈને ઘરેથી નીકળ્યા બાદ ગામમાં બે વાર રાઉન્ડ મારતા જોવા મળે છે. પ્રથમ વખત તેમણે જોખા ગામથી ધારુથા ગામ તરફ ગાડી ટર્ન લીધી હતી અને ત્યારબાદ માત્ર સાત મિનિટમાં જ કાર ફરીથી જોખા ગામમાં પાછી ફરી હતી. જોખા ગામ



અકસ્માત સ્થળથી માત્ર બે કિલોમીટરના અંતરે આવેલું છે. આ સમગ્ર ઘટનાક્રમ સમયે તેમનો ચાર વર્ષનો પુત્ર પણ તેમની સાથે કારમાં હાજર હતો, જે હાલમાં કેસનો સૌથી મહત્ત્વનો સાક્ષી સાબિત થઈ શકે છે. પોલીસે પરિવારની અનુમતિ બાદ તેનું નિવેદન લેવાની તૈયારી બતાવી છે. આ કેસમાં મુખ્ય શંકાસ્પદ વ્યક્તિ સોનલબેનનો પતિ આરટીઓ ઈન્સ્પેક્ટર નિકુંજ ગોસ્વામી છે. જે હાલમાં મોબાઈલ બંધ કરીને ફરાર છે. દંપતી વચ્ચે લાંબા સમયથી અણબનાવ છે. ઘટનાના દિવસે નિકુંજ આરટીઓ કચેરી પણ ગયો નહોતો. પોલીસે આજે નિકુંજનો ફોન ટ્રેસ કરતાં તેનું લોકેશન પાલ સ્થિત ઘરે મળ્યું હતું. જોકે, પોલીસ જ્યારે ત્યાં પહોંચી ત્યારે તેના માતા-પિતા હાજર હતા, પણ નિકુંજ નહોતો અને તેનો મોબાઈલ ફોન પણ ત્યારબાદ બંધ થઈ ગયો હતો.

મહિલા RFOની હાલની સ્થિતિને લઈ પી.પી. સવાણી હોસ્પિટલના ન્યુરોસર્જન ડો. જતીન માવાણીએ જણાવ્યું કે, આજે સોનલ સોલંકીની આંખોમાં મૂવમેન્ટ આવી છે. હજી પણ સોનલ સોલંકીની સ્થિતિ ક્રિટિકલ છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મહિલા RFO સોનલ સોલંકી ડ્રાઈવિંગ સીટ પર બેઠા હતા અને તેમની બાજુની સીટ પર તેમનો ચાર વર્ષનો પુત્ર હાજર હતો. જે બાજુ સોનલ સોલંકી બેઠા હતા, તે સાઈડનો કારના દરવાજાનો ગ્લાસ ખુલ્લો હતો. હાલ તો સોનલ સોલંકીએ પોતે ગોળી મારી કે તેમને કોઈએ ગોળી મારી? તે રહસ્ય સર્જાયું છે. હત્યાનો પ્રયાસ કે આપઘાતનો પ્રયાસ તે દિશામાં પોલીસે તપાસ ચાલી રહી છે.

આ મામલે પોલીસ સુપ્રિટેન્ડન્ટ રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસમાં આ ઘટના અકસ્માત લાગી રહી હતી, પરંતુ હોસ્પિટલમાં તપાસ દરમિયાન માથાના ભાગે બુલેટ વાગી હોવાનો ખુલાસો થયો હતો. પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, પતિ નિકુંજ ગોસ્વામી પાસે લાઈસન્સવાળી રિવોલ્વર છે. જોકે, તે હથિયાર મહેસાણામાં જમા છે. તેમ છતાં, સુરત ગ્રામ્ય પોલીસ આ અંગેની તમામ વિગતોની સઘન તપાસ કરી રહી છે. વધુમાં, આ ઘટનાના ત્રણ દિવસ પહેલાં સોનલે પોતાની કારમાં જીપીએસ લગાડવામાં આવ્યું હોવાની ફરિયાદ કામરેજ પોલીસ મથકમાં કરી હતી. પોલીસ આ અંગે પણ એરટેલ કંપની પાસેથી તમામ વિગતો મંગાવીને તપાસ કરી રહી છે કે, ઘટના સમયે શંકાસ્પદ નિકુંજ ગોસ્વામી ક્યાં હતો? આ ઘટનાની તપાસ હવે માત્ર અકસ્માત નહીં, પણ હત્યાના પ્રયાસની દિશામાં આગળ વધી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ડીવાયએસપી આર. આર. સરવૈયાએ જણાવ્યું કે, આરએફઓ સોનલબેન સોલંકી કામરેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા જોખા ગામમાં રહે છે. પ્રથમ દ્રષ્ટિએ એવી માહિતી હતી કે અકસ્માત થયો છે. પછી સાંજના એવી ખબર પડી કે એમને ગોળી વાગી છે અને એ બાબતની તપાસ ચાલુ છે. આ મામલે ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે.

### સોનલબેન હાલ હોસ્પિટલમાં એડમિટ, 72 કલાક મહત્વપૂર્ણ

વધુમાં ઉમેર્યું કે, સોનલબેન હાલ હોસ્પિટલમાં એડમિટ છે. ડોક્ટરના કહ્યા મુજબ 72 કલાક બાદ જ વિશેષ કહી શકાય. અત્યારે આજે તેમની તબિયત થોડી સુધારા પર છે, એવું ડોક્ટરનું કહેવું છે. તેમના ગાડીની અંદર જીપીએસ ટ્રેકર લગાડવામાં આવ્યું હતું, એ બાબતે ગુનો રજિસ્ટર કરવામાં આવ્યો હતો, એમાં ફરિયાદી સોનલબેન છે. વેગેનાર કાર જેઓ પોતે યુઝ કરે છે, એમાં એ ટ્રેકર લગાડવામાં આવ્યું હતું, એ બાબતની જે તે દિવસે જ્યારે તેમણે પ્રથમ વખત રજૂઆત કરી ત્યારથી જ બધી માહિતી ટેકનીકલ જે હોય જીપીએસ બાબતની જે તે કંપની પાસેથી મંગાવવામાં આવી હતી. અમુક રિપોર્ટ આવવાના બાકી છે. આ ગુનાની સાથે તેને પણ સાંકળી લેવામાં આવશે. જીપીએસ ટ્રેકરવાળી બાબત જો આની સાથે સંકળાયેલી હશે તો એ બાબતની પણ ઘનિષ્ઠ તપાસ ચાલુ છે.

### સમગ્ર ઘટનામાં રહસ્ય સર્જતા મુદ્દા

મહિલા ફોરેસ્ટ ઓફિસર પાસે વેગેનાર કાર છે, જ્યારે અકસ્માત સમયે કાર અન્ય હોન્ડા અમેઝ છે અને નંબરપ્લેટ પણ નથી. કારમાં ગોળી વાગી હોવાનાં નિશાન કોઈપણ જગ્યાએ પ્રાથમિક તપાસમાં મળ્યાં નથી. કાર કામરેજથી સુરત તરફ જતી હતી ને વિરુદ્ધ દિશામાં ઝાડ સાથે કેમ અથડાઈ?

### '1' નંબર લેવા ડિફેન્ડરના માલિકની 24.78 લાખની બોલી

# 999 માટે ગુજરાતની પહેલી B6 બેટમેન એડિશનના માલિકે 3.44 લાખ ખર્ચ્યાં

**રાજકોટ, તા.07**

રાજકોટ શહેરમાં ફોર વ્હીલરના પસંદગીના નંબરો લેવા માટે જબરો ક્રેઝ જોવા મળી રહ્યો છે. RTOમાં તાજેતરમાં ફોર વ્હીલરમાં નવી PM સિરીઝ આવતા પસંદગીના નંબરો લેવા માટે બોલી લગાવવામાં આવી રહી છે. જેના થકી રાજકોટ RTOને રૂપિયા 54 લાખથી વધુની આવક થઈ છે. ફોર-વ્હીલરમાં નંબર 1 લેવા માટે ગ્રાહકે સૌથી વધુ રૂપિયા 24.78 લાખ જ્યારે નંબર 5 માટે રૂપિયા 5 લાખ 92 હજાર બોલી લગાવવામાં આવી છે. હવે આગામી એક સપ્તાહની અંદર આ રકમ ભરપાઈ કરવાની રહેશે, જો પૂરતી રકમ ભરપાઈ ન થાય તો જે તે નંબર માટે ફરી રી-ઓક્શન થઈ શકે છે.

રાજકોટ જિલ્લા RTO તંત્રએ ફોર વ્હીલરની 'PM' સિરીઝ જાહેર કરી છે આ સિરીઝમાં પસંદગીનાં નંબરોની ફાળવણી કરવામાં આવી છે. ફોર વ્હીલરમાં પસંદગીનાં નંબરો થકી રૂ.54 લાખથી વધુની બોલી બોલાઈ છે. દર વખતની જેમ આ વખતે પણ ફોર વ્હીલરમાં પસંદગીનાં નંબરોમાં '1' નંબરની



બોલબાલા રહી હતી જેના માટે પ્રકાશભાઈ ચાવડા દ્વારા 24.78 લાખની બોલી બોલાઈ છે. જ્યારે 5 નંબર માટે 5.92 લાખ, 555 નંબર માટે 5.08 લાખ, 1111 નંબર માટે 4.81 લાખની બોલી બોલાઈ છે.

આ ઉપરાંત 99 નંબર માટે રૂ.3.91 લાખ, તથા 999 નંબર માટે રૂ.3.44 લાખ, 7777 નંબર માટે રૂ.3.41 લાખ, 8888 નંબર માટે રૂ.2.80 લાખ, 19 નંબર માટે 2.51 લાખ, 73 નંબર માટે 2.11 લાખ, 7000 નંબર માટે 1.63 લાખ, 2 નંબર માટે 1.60 લાખ, 11 નંબર માટે 1.28 લાખ, 12 નંબર માટે 1.07 લાખ અને 5555 નંબર માટે 1.01 લાખ બોલી બોલાઈ છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં GJ.03.પીએમ સિરીઝમાં 1 નંબર માટે સૌથી વધુ બોલી 24.78 લાખની બોલનાર પ્રકાશભાઈ પ્રભાતભાઈ ચાવડા દ્વારા કાળા કલરની ડિફેન્ડર કાર ખરીદ કરવામાં આવી છે, જ્યારે 999 નંબર માટે 3.44 લાખની બોલી લગાવવામાં આવી હતી અને આ નંબર કાળા કલરની ગુજરાતની પહેલી B6 બેટમેન એડિશનના માલિક નરેન્દ્રસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# વડોદરામાં ક્રિકેટર રાધા યાદવનો ભવ્ય રોડ શો

### રાત્રે 8 વાગ્યે એરપોર્ટથી શરૂ થઈ કૃગારા ક્રિકેટ એકેડમી ખાતે પૂર્ણ થશે, વુમન્સ વર્લ્ડકપ જીત્યા બાદ પ્રથમવાર ઘરે આવશે

**વડોદરા, તા.07**

વડોદરા શહેરની ગૌરવ અને ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ખેલાડી રાધા યાદવ વિમેન્સ વર્લ્ડકપ જીત્યા બાદ આવતીકાલે 8 નવેમ્બરે પ્રથમવાર વડોદરા આવી રહી છે અને તેના સન્માનમાં એક ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. રાધા યાદવ રાત્રે 8 વાગ્યે વડોદરા એરપોર્ટ પર આવશે, જ્યાંથી આ રોડ શોનો પ્રારંભ થશે. રોડ શો એરપોર્ટ સર્કલ, મીરા ચાર રસ્તા, ગાંધી પાર્ક, સંગમ ચાર રસ્તા, કારેલીબાગ પાણીની ટાંકી, મુક્તાનંદ સર્કલ, આનંદનગર અને અમિતનગર જેવા મુખ્ય વિસ્તારોમાંથી પસાર થઈને કૃગારા ક્રિકેટ એકેડમી ખાતે પૂર્ણ થશે. રાધા યાદવના સ્વાગત માટે મોટી સંખ્યામાં રમતપ્રેમીઓ અને સ્થાનિક લોકો ઉમટી પડશે તેવી સંભાવના છે.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ક્રિકેટર રાધા યાદવના કોચ મિલિન્દ વરાવડેકરે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાધા યાદવ આવતીકાલે 8 નવેમ્બરના રોજ રાત્રે 8 વાગ્યે વડોદરા એરપોર્ટ પર આવશે. જ્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. દેશ માટે વર્લ્ડ કપ જીતીને આવી હોવાથી તેનું



વિનિંગ સેલિબ્રેશન રાખવામાં આવ્યું છે. વિજય ભવ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે જેના માટે એક ભવ્ય રોડ શો યોજાશે. જેમાં રાધા એક ડેકોરેટ ગાડીમાં લોકોનું અભિવાદન કરશે અને આ રોડ શો વડોદરા એરપોર્ટથી શરૂ થશે અને કૃગારા એકેડમી ખાતે પૂર્ણ થશે. જેમાં મોટી સંખ્યામાં લોકો આવશે, તેવી મને આશા છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ રોડ શોમાં બીએસએની છોકરીઓ, મારી ક્લબ અને અન્ય ક્લબની છોકરીઓ પણ જોડાશે. આ ઉપરાંત વડોદરાના મહાનુભાવો પણ જોડાશે. રાધા યાદવ વડોદરા માટે પ્રાઉડ બની ગઈ છે. જેથી વડોદરાવાસીઓને હું અપીલ કરું છું કે, તમે આ રોડ શોમાં જોડાઈને, રાધાનો ઉત્સાહ વધારજો.

તેઓએ ઉમેર્યું હતું કે, રાધા યાદવે તેના ક્રિકેટ કરીયરની શરૂઆત મુંબઈથી કરી હતી, તે સમયે તેના કોચ કિરણ કાંબલી હતા. કિરણ કાંબલીએ તેને સૂચન કર્યું હતું કે, રાધા તું વડોદરા જા. જેમની વાત સાંભળીને રાધા વડોદરા આવી હતી.

તેઓએ કહ્યું હતું કે, રાધાના હાર્ડવર્કને આપણે બિરદાવવું પડે, તે રોજ ઓછામાં ઓછા 5 કલાક પ્રેક્ટિસ કરે છે. ગમે તેવી ગરમીમાં પણ તે પ્રેક્ટિસ કરે છે. આ ઉપરાંત તે જીમ પણ કરે છે. મને તેની ફિલ્ડિંગ અને બોલિંગ ખૂબ પસંદ છે અને હવે તે બેટીંગ પણ સારી કરે છે અને સારી ઓલ રાઉન્ડર બની ગઈ છે. તે ખૂબ સંઘર્ષ કરીને આવી છે. અમારી એકેડમીને ખૂબ પ્રાઉડ છે કે, અમારી એકેડમીને છોકરી વર્લ્ડ કપ જીતીને આવી રહી છે. હું તેને દીકરી જ માનું છું. આવતીકાલે રેલીમાં વડોદરાના સાંસદ હેમાંગ જોષી, વડોદરા શહેર પ્રમુખ ડો. જયપ્રકાશ સોનીને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ રેલી માટે શ્વેતાબેન, જીતુભાઈ, બંદીશભાઈએ ખૂબ સપોર્ટ કર્યો છે.

રાધા વડોદરાના ગોરવા વિસ્તારમાં એક ઓરડાના નાનકડા ઘરમાં ભાડે રહેતી હતી અને ક્રિકેટની બારાખડી શીખતી હતી. વડોદરાના ખોબલા જેવડા ઓરડાથી માંડીને ઈન્ટરનેશનલ ક્રિકેટર સુધીની રાધાની સંઘર્ષયાત્રા ખરેખર પ્રેરણાદાયી છે. વાસ્તવમાં રાધા યાદવ વડોદરાના હરણી રોડ પર આવેલી કૃગારા ક્રિકેટ એકેડમીની ખેલાડી છે. બાળપણમાં રાધા યાદવ મુંબઈના કાંદીવલી વિસ્તારમાં રહેતી હતી. તેના પિતા ઓમપ્રકાશ યાદવ શાકભાજીની રેંકડી ચલાવતા હતા. રાધાને નાનપણથી જ ક્રિકેટ રમવાનો જબરદસ્ત શોખ હતો.

તેણે પોતાની ક્રિકેટ કારકિર્દીની શરુઆત મુંબઈની ગલી ક્રિકેટથી કરી હતી. કાંદિવલીની ગલીઓમાં રાધા તેના બંને ભાઈઓ સાથે આખોય દિવસ ક્રિકેટ રમ્યા કરતી હતી. તેના ક્રિકેટ પ્રત્યેના લગાવને તેના પિતાએ પહેલેથી જ પારખી લીધો હતો. એટલે જ એમણે રાધાને 8 વર્ષની વયે ક્રિકેટ કોચિંગ માટે મુંબઈની શિવસેવા એકેડમીમાં મુકી દીધી હતી. તે સમયે તેના કોચ કિરણ કાંબલી હતા. જેમણે તેને ક્રિકેટનો કક્કો શીખવાડ્યો હતો. ત્યારબાદ તે વડોદરા શિફટ થઈ હતી અને તેનું કિસ્મત ચમકી ગયું હતું.

# અડાજણની હોસ્પિટલમાં દર્દીના ગળામાંથી સોનાની ચેઈનની ચોરી

### 1.2 લાખની ચેઈન તસ્કર લઈને ફરાર, યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયો'તો




**સુરત, તા.07**

શહેરના અડાજણ વિસ્તારમાં આવેલી યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલા એક દર્દીના ગળામાંથી સોનાની ચેઈનની ચોરી થવાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટના અંગે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

જહાંગીરપુરા, સાંઈ પૂજન રેસિડેન્સીમાં રહેતા હિરલ નિલેશભાઈ પાઠલના ફુવા કૌશિકભાઈને સારવાર અર્થે અડાજણની યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન, કોઈ અજાણ્યા ઈસમે તકનો લાભ લઈને તેમના ગળામાંથી રૂપિયા 1,12,000ની કિંમતની સોનાની ચેઈન ચોરી કરી લીધી હતી.ચોરીની જાણ થતાં જ હોબાળો મચી ગયો હતો. હિરલ પાઠલે તાત્કાલિક આ બનાવ અંગે અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે હિરલ પાઠકની ફરિયાદના આધારે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે, જેમાં હોસ્પિટલના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે.પોલીસે હિરલ પાઠકની ફરિયાદના આધારે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે, જેમાં હોસ્પિટલના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે.

# નશામાં ધુત નબીરાને કારણે પરિવારે બે બાળક ગુમાવ્યાં

### દિવાળીની રાતે ગર્ભવતી મહિલા, 4 વર્ષના બાળક પર કાર ચડાવી, અધૂરા મહિને જન્મેલા બાળકનું પણ મોડીરાતે મોત

**વડોદરા, તા.07**

વડોદરા શહેરના અવધૂત ફાટક પાસે 21 ઓક્ટોબરને દિવાળીની રાત્રે નશામાં ચૂર નીતિન ઝાએ શ્રમજીવી પરિવાર ઉપર ગાડી ચઢાવી દીધી હતી. આ ઘટનામાં 4 વર્ષના એક બાળકનું મોત નીપજ્યું હતું, તો બાળકની ગર્ભવતી માતા પણ ગંભીર ઈજાગ્રસ્ત થતાં તેને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં મહિલાની અધૂરા મહિને ડિલિવરી કરવાની ફરજ પડી હતી. દિવાળી બાદથી સારવારમાં રહેલા બાળકે પણ 6 નવેમ્બરની મોડીરાતે જીવ ગુમાવી દેતાં પરિવાર શોકમાં ગરકાવ થયો છે. નબીરાને કારણે પરિવારે બે બાળકને ગુમાવતાં રોષ સાથે આરોપીને કડક સજા કરવાની માગ કરી છે.

દિવાળીની રાતે નીતિન ઝાએ ચિક્કાર દારૂ ઢીંચ્યો અને અકોટાની એક હોટલમાં જમવા માટે એકલો નીકળ્યો હતો ત્યારે આ ગંભીર અકસ્માત કર્યો હતો. આ અકસ્માતમાં મારવાડી પરિવારના ચાર વર્ષના નીતિનનું મોત થયું હતું. તો અન્ય 4 શ્રમજીવીને ઈજા પહોંચી હતી. આ અકસ્માતમાં મૃતક બાળકની માતા સોનિયાબેનને 6 મહિનાનો ગર્ભ હતો, તેમને પણ હાથ અને પગમાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જીને ભાગતાં કારચાલક નીતિન ઝાનો લોકોએ પીછો કરીને ઝડપી બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. આ દરમિયાન પોલીસે સ્થળ પર



પહોંચી કારમાં તપાસ કરતાં વિદેશી દારૂની બોટલો મળી હતી.

આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલાં ગર્ભવતી મહિલા સોનિયાબેનને પહેલા સયાજી હોસ્પિટલ, બાદમાં વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જોકે તેમણે ફરી સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. આ દરમિયાન પરિસ્થિતિને જોતાં સયાજી હોસ્પિટલના તબીબો દ્વારા સોનિયાબેનની ડિલિવરી કરવામાં આવી હતી. સયાજી હોસ્પિટલના તબીબોના અથાગ પ્રયાસોથી સોનિયાબેને ફરી પુત્રને જન્મ આપ્યો હતો.

બાળકની હાલત નાજુક હોવાથી તેને બચાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. જોકે ગત મોડીરાત્રે બાળકે અંતિમ શ્વાસ લીધા હતા. હોસ્પિટલ દ્વારા આ બાળકને તેના પરિવારને સોંપી દેવામાં આવ્યું છે, પરિવાર બાળકને રિક્ષામાં લઈને ખાસવાડી સ્મશાન પહોંચ્યો હતો અને ત્યાં તેની દફનવિધિ કરવામાં આવી છે.

મૃતક બાળકના નાના બિરજુભાઈએ જણાવ્યું હતું કે અમને ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ પર ભરોસો છે. આરોપી નીતિન ઝાને સજા આપવામાં આવશે. અમારી માગણી છે કે તેને કડકમાં કડક સજા થવી જોઈએ. તેને ફાંસીને માંચડે ચડાવી દેવો જોઈએ. તેને સજા એ મોત આપવું જોઈએ, જેથી કરીને ફરી બીજી કોઈ વ્યક્તિ દારૂ પીને ગાડી ચલાવતા વિચાર કરે. મારી દીકરી સોનિયાને તો તેના નવજાત બાળકના મોત વિશે માહિતી આપી નથી. તેને ખબર પડશે તો તેની શું હાલત થશે એની મને ચિંતા છે.

# સારોલીમાં આવેલી ટેકસટાઇલ માર્કેટમાં 12મા માળે લાગી આગ

### કાપડનો મોટો જથ્થો આગની લપેટમાં આવી જતાં કરોડોના નુકસાનની આશંકા, 12થી વધુ ફાયર ફાઇટરની ગાડીઓએ આગ કાબૂમાં લીધી

**સુરત, તા.07**

સુરતના સારોલી વિસ્તારમાં આવેલી જાણીતી કુબેરજી ટેક્સટાઇલ વર્લ્ડ માર્કેટમાં આગ લાગવાની મોટી ઘટના બની હતી. પ્રાથમિક માહિતી અનુસાર, ફાયર વિભાગને બિલ્ડિંગના 12મા માળે આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો, જેના પગલે તુરંત જ એક મોટું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. 6 ફાયર સ્ટેશનોની 12થી વધુ ગાડીઓએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઈ લીધી હતી. જો કે, કરોડોનો માલસામાન આગમાં ખાખ થઈ ગયો હોવાનો અંદાજ છે.

આગ પર કાબૂ મેળવવા માટે 6 ફાયર સ્ટેશનની 12થી વધુ ફાયર ફાઇટર ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ટેક્સટાઇલ માર્કેટમાં આગ લાગવાની જાણ થતાં જ વેપારીઓ અને ત્યાં હાજર લોકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સૌ પ્રથમ લોકોએ પોતાનો જીવ બચાવવા માટે દોડધામ કરી હતી અને સલામત સ્થળે ખસી ગયા હતા.

કાપડ માર્કેટમાં આગ લાગી હોવાથી કાપડનો મોટો જથ્થો આગની લપેટમાં આવી ગયો હોવાની આશંકા છે, જેના કારણે કરોડો રૂપિયાના માલસામાનને નુકસાન થવાનો ભય છે. હાલમાં, ફાયર વિભાગના જવાનો યુદ્ધના ધોરણે આગ પર કાબૂ મેળવવાની કામગીરી કરી રહ્યા છે અને આગ વધુ ન ફેલાય તે માટે પ્રયાસો ચાલુ છે. સદભાગ્યે, કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ આગથી થયેલા નુકસાનનો ચોક્કસ અંદાજ આગ સંપૂર્ણ કાબૂમાં આવ્યા બાદ જ લગાવી શકાશે.

ફાયર ઓફિસર દિનુ પટેલ પાસેથી મળતી માહિતી અનુસાર, કુબેરજી વર્લ્ડ ટેક્સટાઇલ માર્કેટના બારમાં માળે દુકાનો ભેગી કરીને એક મોટા ગોડાઉનમાં આગ લાગી છે. જેમાં મોટી સંખ્યામાં કાપડના મોટા રોલ મૂકવામાં આવ્યા હતા. અચાનક આગ ફાટી નીકળતા આફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. આગ લાગવાના પગલે તાત્કાલિક તમામ વેપારીઓ અને કામદારો નીચે ઉતરી ગયા હતા. ફાયર વિભાગને કોલ કરવામાં આવતા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી આગ પર કાબૂ મેળવવા માટે પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. ગણતરીના સમયમાં ફાયર વિભાગ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો અને આગળ પ્રસરતિ અટકાવવામાં આવી હતી. હાલ વિભાગ દ્વારા કુલિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

# પ્રથમ ફેઝમાં રેકોર્ડ 64.4% વોટિંગ, નીતિશને હટાવવા મુશ્કેલ

## બિહારમાં જ્યારે જ્યારે 5%થી વધુ વોટિંગ વધ્યું ત્યારે ત્યારે સત્તા પલટી, 17 ચૂંટણીનું એનાલિસિસ

**પટના, તા.07**

બિહારમાં પ્રથમ તબક્કાની 121 બેઠક પર 64.46% મતદાન થયું છે. જો બીજા અને છેલ્લા તબક્કાની 122 બેઠક પર પણ આ જ રીતે મતદાન થાય, તો એ બિહારની રાજનીતિને સંપૂર્ણપણે બદલી શકે છે. ઓછામાં ઓછા આંકડાઓ તો આ જ જણાવી રહ્યા છે.

64.46% મતદાન એક રેકોર્ડ છે. 2020ની ચૂંટણીના પ્રથમ તબક્કામાં માત્ર 55.68% મતદાન થયું હતું, જોકે એ સમયે ચૂંટણી 3 તબક્કામાં થઈ હતી અને પ્રથમ તબક્કામાં બેઠકો પણ 71 હતી.

આઝાદી પછીની કુલ 17 વિધાનસભા ચૂંટણીનાં પરિણામોથી સ્પષ્ટ છે કે જ્યારે પણ બિહારમાં મતદાન 5%થી વધુ વધ્યું કે ઘટ્યું છે ત્યારે રાજ્યમાં માત્ર સત્તા જ નહીં, પણ રાજકીય યુગ પણ બદલાઈ ગયો છે, જોકે 4માંથી 3 નિષ્ણાતોનું કહેવું છે કે આ વખતે સત્તા કદાચ નહીં, પણ રાજનીતિ સંપૂર્ણપણે બદલાઈ શકે છે.

1967ની ચૂંટણીમાં મતદાનમાં 7%નો વધારો થયો. આ રાજ્યમાં પહેલીવાર બિન-કોંગ્રેસી સરકાર રચાઈ હતી, જોકે સરકાર અસ્થિર રહી. મહામાયા પ્રસાદ સિંહા મુખ્યમંત્રી બન્યા. જન ક્રાંતિ દળ અને શોષિત દળે કોંગ્રેસનું વર્ચસ્વ તોડ્યું, પરંતુ તેમની એકતા જાળવી રાખવામાં નિષ્ફળ ગયા. કોંગ્રેસ પક્ષ સરકારમાં આવતા જતા રહ્યા. આ ચૂંટણીએ કોંગ્રેસની નબળાઈની શરૂઆત કરી.

1980માં મતદાન 6.8% વધુ હતું. કોંગ્રેસ પોતાના દમ પર સત્તામાં પાછી આવી, જગન્નાથ મિશ્રા મુખ્યમંત્રી બન્યા. એ સમયે, આંતરિક સંઘર્ષોને કારણે કોંગ્રેસે જનતા પાર્ટીને સત્તામાંથી છીનવી લીધી. જોકે કોંગ્રેસ પાર્ટીની આંતરિક રાજનીતિએ 10 વર્ષમાં જ તેના શાસનનો અંત લાવી દીધો.

1990માં મતદાનમાં 5.8%નો વધારો થયો, જેના કારણે કોંગ્રેસ સત્તા પરથી દૂર થઈ ગઈ. જનતા દળે સરકાર બનાવી અને લાલુ યાદવ મુખ્યમંત્રી બન્યા. ત્યાર બાદ રાજ્યના રાજકારણ પર મંડલની છાપ એટલી ઘેરી થઈ ગઈ કે કોંગ્રેસ ક્યારેય પુનરાગમન કરી શકી નહીં. લાલુ યાદવે બિહારના સમગ્ર રાજકીય પરિદૃશ્યને બદલી નાખ્યું અને 15 વર્ષ સુધી શાસન કર્યું.

2005માં મતદાન 16.1% ઓછું હતું, પરંતુ લાલુ-રાબડી શાસનનો અંત આવ્યો. નીતિશ કુમાર મુખ્યમંત્રી બન્યા. આ વખતે સત્તા પરિવર્તન ઓછા મતદાનને કારણે થયું. નીતિશ કુમારે




સુશાસનની છબિ કેળવી અને 20 વર્ષથી બિહારમાં સત્તા સંભાળી છે.

સિચ્યુએશન-1: નીતિશ કુમાર મજબૂત બનશે, 10 વર્ષ જૂનો દબદબો પાછો ફરશે નિષ્ણાત માને છે કે નીતિશ કુમાર આ ચૂંટણીમાં મજબૂત બનીને ઊભરશે. જો આવું થશે તો તેઓ ભાજપની સાથે રહેતા 2010ના જૂના દબદબામાં પાછા ફરશે. ત્યારે નીતિશની પાર્ટી JDUને 115 બેઠક મળી હતી.

સિચ્યુએશન-2: પ્રશાંત કિશોર 10% મત લાવશે તો આગળની રાજનીતિ બદલશે પોલિટિકલ એનાલિસ્ટ અમિતાભ તિવારી કહે છે કે નીતિશ કુમારની ઉંમર થઈ ગઈ છે અને તેમણે હજુ સુધી પાર્ટીના આગામી નેતાની જાહેરાત કરી નથી. આવી સ્થિતિમાં રાજ્યની ત્રીજી શક્તિ પર પ્રશાંત કિશોરની નજર છે. જો જનસુરાજને 10% મત મળશે, તો બિહારમાં તેની પકડ મજબૂત થશે અને તે થર્ડ ફ્રન્ટ બની શકે છે.

સિચ્યુએશન-3: તેજસ્વી હારશે તો મહાગઠબંધનમાં નેતૃત્વને પડકાર મળશે જો મહાગઠબંધનને બહુમતી નહીં મળે, તો તેજસ્વી યાદવને ગઠબંધનની અંદર પડકાર મળી શકે છે. કોંગ્રેસનું વલણ તેમના પ્રત્યે બહુ હકારાત્મક નથી. તેજસ્વી પર IRCTC કૌભાંડનો આરોપ પણ છે. જો આગામી 5 વર્ષ સુધી તેઓ વિપક્ષમાં રહ્યા અને કેસમાં સજા થઈ તો રાજકીય નુકસાન થઈ શકે છે.

અમિતાભ તિવારી (Vote Vibeના ફાઉન્ડર): મતદાન વધવાથી ફાયદો અને નુકસાન બંને થઈ શકે છે. મહિલાઓ અને નીતિશ કુમારના કોર-વોટર્સે મોટી સંખ્યામાં મતદાન કર્યું છે. આ તેમની તરફથી નીતિશ કુમાર માટે એક ફેરવેલ જેવું છે. 2. રાકેશ પ્રવીર (બિહારના વરિષ્ઠ પત્રકાર): મતદાન વધવાથી સરકારના જવાની શક્યતા ઓછી છે. જમીન પર નીતિશ કુમાર પ્રત્યે કોઈ નારાજગી નથી. તેમને હટાવવા માટે લોકોમાં ઉતાવળ નથી. 3. અભિરંજન કુમાર (બિહારના વરિષ્ઠ પત્રકાર): મતદાન વધવાનો ફાયદો પ્રશાંત કિશોરને થતો દેખાય છે, જોકે નીતિશ સરકાર બદલવાની સંભાવના ઓછી છે. મહિલાઓને 10,000 આપવા નીતિશ કુમાર માટે અસરકારક સાબિત થઈ રહ્યું છે. 4. અરવિંદ મોહન (પોલિટિકલ એનાલિસ્ટ): બિહારમાં આટલું આક્રમક મતદાન સત્તા બદલવા માટે જ થાય છે. જો આગામી તબક્કામાં પણ આ જ વલણ રહ્યું, તો સરકાર જઈ શકે છે. ગઈકાલ સુધી નીતિશ કુમાર પ્રત્યે લોકોની સહાનુભૂતિ દેખાતી હતી, પણ આજનું મતદાન એનાથી વિપરીત લાગે છે.

મહિલાઓ સાથે જોડાયેલા વાયદા: NDA અને મહાગઠબંધન બંને તરફથી મહિલાઓ માટે યોજનાઓનું વચન આપવામાં આવ્યું છે. NDAની નીતિશ સરકારે ચૂંટણી પહેલાં જ 1.21 કરોડ મહિલાઓનાં ખાતાંમાં 10,000નો પહેલો હપતો જમા કરાવ્યો છે. મહાગઠબંધનના તેજસ્વી યાદવે દર વર્ષે 30,000 આપવાનું વચન આપ્યું છે. નિષ્ણાતો માને છે કે આ વચનોને કારણે મહિલાઓ મોટી સંખ્યામાં મતદાન કરવા આવી.

પોલિટિકલ એનાલિસ્ટ અરવિંદ મોહન કહે છે કે મતદાન વધવાનું કારણ SIR પણ હોઈ શકે છે. મહાગઠબંધને એને વોટ ચોરીનો મુદ્દો બનાવ્યો, જેના કારણે પછાત અને અતિ પછાત મતદારો આ વખતે ઉત્સાહપૂર્વક મતદાન કરવા પહોંચ્યા, જોકે વરિષ્ઠ પત્રકાર અભિરંજન કુમાર કહે છે કે મૃત મતદારોનાં નામ કપાવાને કારણે સંખ્યા ઘટી છે અને ટકાવારી વધી છે.

જનસુરાજ પાર્ટી: પોલિટિકલ એનાલિસ્ટ પવન કોરાડાના મતે, બિહારમાં મતદાન વધવાનું એક કારણ પ્રશાંત કિશોરની જનસુરાજનું આગમન પણ છે. પીકેના આવવાથી લોકોમાં એક આશા જાગી છે.

છઠ પર્વ: 2010 પછી આ વર્ષે છઠ પર્વ પછી મતદાન થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં બહારથી આવેલા લોકો મતદાન કરવા માટે રોકાઈ ગયા છે. જનસુરાજ અને મહાગઠબંધને પણ છઠ માટે બિહાર આવેલા લોકોને અપીલ કરી હતી કે તેઓ વોટ આપીને જ જાય. નિષ્ણાતો માને છે કે આનાથી પણ મતદાનમાં વધારો થયો છે.

# કાશ્મીરમાં બરફવર્ષા, હિમાચલ પ્રદેશમાં પારો -5.5 ડિગ્રી પહોંચ્યો

## આગામી 2-3 દિવસમાં ભારે ઠંડી પડશે
## મધ્યપ્રદેશમાં તાપમાન 11°, દિલ્હીમાં 12.7° પહોંચ્યું

**નવી દિલ્હી, તા.07**

પહાડો પર બરફવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી છે. ગુરુવારે રાત્રે મધ્યપ્રદેશમાં સરેરાશ તાપમાનમાં 6.1 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો હતો. રાજગઢમાં સૌથી ઓછું તાપમાન 11 ડિગ્રી નોંધાયું હતું. ઈન્દોરમાં 12.1 ડિગ્રી અને ભોપાલમાં 13 ડિગ્રી નોંધાયું હતું.



ગુરુવારે દિલ્હીમાં સિઝનની સૌથી ઠંડી રાત નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન ઘટીને 12.7 ડિગ્રી નોંધાયું હતું. આ શિયાળામાં પહેલી વાર તાપમાન 15 ડિગ્રીથી નીચે ગયું છે. આ વર્ષે અગાઉનું સૌથી ઓછું તાપમાન 26 ઓક્ટોબરે 15.8 ડિગ્રી હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 48 કલાકમાં મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં તાપમાન 2-4C સુધી ઘટી શકે છે. આગામી 2-3 દિવસમાં દિલ્હી-એનસીઆરમાં તાપમાનમાં તીવ્ર ઘટાડો થશે, અને ઠંડા પવનો ફૂંકાશે, જેના કારણે હવામાનમાં કડકડતી ઠંડીનો અનુભવ થશે. આગામી બે દિવસ સુધી વાદળછાયું વાતાવરણ રહેશે.

હિમાચલ પ્રદેશમાં છેલ્લા 48 કલાકમાં અનેક વિસ્તારોમાં હળવો વરસાદ અને હિમવર્ષા થઈ. ઘણા ઊંચાઈવાળા વિસ્તારોમાં પારો શૂન્યથી નીચે ગબડ્યો. લાહૌલ-સ્પિતિ જિલ્લામાં તાબોમાં બુધવારે રાત્રે લઘુત્તમ તાપમાન માઈનસ 5.5 ડિગ્રી નોંધાયું. કાશ્મીરના ગુલમર્ગમાં બરફવર્ષાથી ચારેય તરફ બરફની ચાદર છવાઈ ગઈ. ગુરુવારે રાત્રે મધ્યપ્રદેશમાં લઘુત્તમ તાપમાન ઘટીને 6.1 ડિગ્રી નોંધાયું. બધા શહેરોમાં લઘુત્તમ તાપમાન 20 ડિગ્રીથી નીચે નોંધાયું. ઈન્દોરમાં લઘુત્તમ તાપમાન 12.1 ડિગ્રી નોંધાયું. ગુરુવારે નવેમ્બરમાં 10 વર્ષમાં પાંચમી સૌથી ઠંડી રાત હતી.

# ઝોહરાન મમદાની સાથે આ ભારતવંશી શીખ નેતા પણ અમેરિકામાં છવાયા, હવે મેયર બન્યા

**નવી દિલ્હી, તા.07**

ભારતીય મૂળ ઝોહરાન મમદાની અમેરિકાના ન્યૂયોર્ક શહેરના મેયર બનતાં જ વિશ્વભરમાં ચર્ચામાં આવ્યા છે. તેઓ તેમના પક્ષ ડેમોક્રેટમાં ચૂંટાઈ આવ્યા બાદથી ચર્ચામાં હતા. અમેરિકામાં ભારતીય મૂળના અન્ય એક શીખ નેતા સ્વર્ણજીત સિંહ ખાલસાએ પણ મોટી સફળતા હાંસલ કરી છે. તેઓ યુએસએના કનેક્ટિકટના શહેર નોર્વિચના મેયર પદે ચૂંટાયા છે. ખાલસાએ રિપબ્લિક ઉમેદવાર પીટર નેસ્ટ્રોમને હરાવ્યા હતા. નોર્વિચ શહેર માત્ર 10 પરિવારનું શહેર છે. તેમ છતાં ખાલસાની આ જીત મહત્ત્વની ગણાય છે. 40 વર્ષીય અમૃતધારી શીખ સ્વર્ણજીત સિંહ ખાલસા મૂળ રૂપે પંજાબના જલંધરના રહેવાસી છે. તેમનો પરિવાર દિલ્હી, પંજાબથી માંડી હવે અમેરિકાની રાજનીતિમાં સક્રિય બન્યો છે. તેમણે અમેરિકામાં રાજકીય જીવનની શરૂઆત 9/11 આતંકી હુમલા બાદ કરી હતી. આ આતંકી હુમલા બાદ તેમણે વંશીય ટિપ્પણીઓ અને હેટ ક્રાઈમનો



સામનો કર્યો હતો. ત્યારબાદ તેમણે વંશીય ભેદભાવ વિરુદ્ધ લાંબી ઝુંબેશ ચલાવી હતી. અને તેઓ શીખ સમુદાયમાં લોકપ્રિય નેતા બન્યા. તેઓએ બાદમાં સ્થાનિક મુદ્દાઓ પણ ઉઠાવ્યા અને ધીમે-ધીમે અમેરિકાના નોર્વિચ શહેરમાં લોકપ્રિય ચહેરો બન્યા.

સ્વર્ણજીતના લોક કાર્યોના સતત પ્રયાસોના કારણે નોર્વિચ સહિત અમેરિકામાં સહિષ્ણુતા અને સામુદાયિક ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું. તેમના આ પ્રયાસોના કારણે અમેરિકાની એજન્સી એફબીઆઈએ તેમને 2017માં કોમ્યુનિટી લીડરશીપ એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. આ એવોર્ડ કુલ 56 લોકોને મળ્યો હતો. જેમાં તેઓ એકમાત્ર ભારતીય હતાં. તેમનો મુખ્ય પ્રયાસ અમેરિકન્સની અંદર શીખ વિશે અલગ સાચી ઓળખ સ્થાપિત કરવાનો છે. તેઓની ગેરસમજ દૂર કરવાનો છે. મોટાભાગના અમેરિકન્સ માનતા હતા કે, દાઢી અને પાઘડીના કારણે તેઓ આતંકવાદી છે. તેમના વિશે આ પૂર્વગ્રહ દૂર કરી જાગૃત્તિ ફેલાવવાનો છે.

સ્વર્ણજીતસિંહ ખાલસાના પિતા પરમિન્દર પાલ શીખ ઈન્ટરનેશનલ સોસાયટીમાં છે. તેમણે પોતાના પુત્રની આ સફળતાનો ઉલ્લેખ સોશિયલ મીડિયા પર કર્યો હતો. તેમણે જણાવ્યું કે, મારા પુત્રે જલંધરની ડીએવી એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તે સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા ગયો હતો. અમેરિકામાં સ્વર્ણજીત સિંહે કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં માસ્ટર્સ ડિગ્રી હાંસલ કરી હતી. લુધિયાણામાં જ રહેતી શીખ યુવતી સાથે લગ્ન કર્યા હતા. હાલ તેઓ નોર્વિચમાં કંસ્ટ્રક્શનનો બિઝનેસ કરે છે. ઉલ્લેખનીય છે કે, નોર્વિચ શહેરમાં લોકોની માથાદીઠ આવક અમેરિકાના અન્ય શહેરોની તુલનાએ વધુ છે.

# દિલ્હી એરપોર્ટ પરથી બ્રિટિશ નાગરિક ફરાર : શહેરમાં શોધખોળ ચાલુ....

## બેંગકોકથી આવ્યો હતો, ડિપોર્ટ કરીને બ્રિટન મોકલવાનો હતો

**નવી દિલ્હી, તા.07**

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષામાં મોટી ચૂકનો મામલો સામે આવ્યો છે. એક બ્રિટિશ નાગરિક ઈમિગ્રેશન એરિયામાંથી ફરાર થઈને શહેરમાં ગુમ થયો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના 28 ઓક્ટોબરના રોજ બની હતી.

બ્રિટિશ નાગરિક એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 333 દ્વારા બેંગકોકથી નવી દિલ્હી પહોંચ્યો હતો. તેને ડિપોર્ટ કરીને થાઈલેન્ડ થઈને બ્રિટન મોકલવાનો હતો. જોકે, દિલ્હીમાં, તે અધિકારીઓની નજરથી બચીને ઈમિગ્રેશન એરિયામાંથી ફરાર થઈ ગયો હતો.

ન્યૂઝ એજન્સી ANI મુજબ, બ્રિટિશ નાગરિકની ઓળખ ફિટ્ઝ




પેટ્રિક તરીકે થઈ છે. દિલ્હીમાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ બ્રિટિશ નાગરિકને શોધવા માટે શહેરમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. દિલ્હી પોલીસે એક FIR પણ નોંધી છે. દિલ્હી પોલીસે એરલાઈન સ્ટાફની પણ પૂછપરછ શરૂ કરી દીધી છે. સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF), બ્યુરો ઓફ ઈમિગ્રેશન અને દિલ્હી પોલીસની સંયુક્ત ટીમે ફરાર બ્રિટિશ નાગરિકને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પેટ્રિક કેવી રીતે ભાગી ગયો અને સુરક્ષામાં ક્યાં ભૂલ થઈ તે નક્કી કરવા માટે એરપોર્ટ પરથી સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હી-એનસીઆરમાં તેના સંભવિત છુપાવાના સ્થળો અને શહેરની બહાર જતા માર્ગો પર પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

બ્રિટિશ નાગરિકનું બેકગ્રાઉન્ડ અને તેના ભાગી જવાના હેતુની પણ તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં, દિલ્હી પોલીસે બ્રિટિશ નાગરિકનો કોઈ ફોટો શેર કર્યો નથી, ન તો તેનું નામ કે અન્ય માહિતી જણાવવામાં આવી છે.

આ દરમિયાન દિલ્હી એરપોર્ટ પર શુક્રવારના રોજ એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ટેક્નિકલ ખામીના કારણે 300થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી છે. ન્યૂઝ એજન્સી PTI મુજબ, ગુરુવાર સાંજથી જ ટેક્નિકલ ખામીના કારણે એર કંટ્રોલર્સને ફ્લાઈટનું શેડ્યૂલ) મળી નથી રહ્યું.

એર ટ્રાફિક કંટ્રોલર્સ મેન્યુઅલી કામ કરી રહ્યું છે. હાલત ક્યાં સુધી સામાન્ય થશે, હજી આ વિશે દિલ્હી એરપોર્ટ ઓથોરિટીએ કોઈ જાણકારી આપી નથી. રિપોર્ટ્સ મુજબ, ઓટોમેટિક મેસેજ સ્વિચ સિસ્ટમ (AMSS)માં ખામી આવી ગઈ છે. આ પ્લેનના શેડ્યૂલ એટલે કે ટેકઓફ અને લેન્ડિંગની જાણકારી આપે છે.

# મમદાનીની જીતથી ન્યૂયોર્કના અબજોપતિ મુશ્કેલીમાં : 8 લાખ લોકો શહેર છોડી શકે છે

- ટેક્સાસ ગવર્નરની ધમકી, અહીં આવ્યા તો 100% ટેરિફ લાદીશું

**વોશિંગ્ટન, તા.07**

ન્યૂ યોર્ક મેયરની ચૂંટણીમાં ભારતીય-અમેરિકન ઝોહરાન મમદાનીની જીતથી શહેરના અબજોપતિઓની મુશ્કેલીઓ વધી ગઈ છે. જે.એલ. પાર્ટનર્સના સર્વે મુજબ, ન્યૂ યોર્કના 9% લોકો અથવા આશરે 765,000,000 લોકો શહેર છોડી શકે છે.

આ મોટે ભાગે શ્રીમંતો પર વધારાના કર લાદવાની મમદાનીની નીતિને કારણે છે. ચૂંટણી પહેલાં તેમણે શ્રીમંતો અને મોટાં કોર્પોરેશનો પર નવા કર લાદીને $9 બિલિયન એકત્ર કરવાનું વચન આપ્યું હતું.

દરમિયાન ટેક્સાસના રિપબ્લિકન ગવર્નર ગ્રેગ એબોટે ચૂંટણી પહેલાં ધમકી આપી હતી કે જો મમદાની જીતશે તો ન્યૂ યોર્કના લોકો ટેક્સાસ આવશે તો તેમના પર 100% ટેરિફ લાગશે.

બુધવારે મેયરની ચૂંટણીમાં ઝોહરાન મમદાનીએ ભૂતપૂર્વ ગવર્નર એન્ડ્રુ કુઓમોને હરાવ્યા. મમદાની 100 વર્ષમાં ન્યૂ યોર્કના સૌથી યુવા, પ્રથમ ભારતીય-અમેરિકન અને પ્રથમ મુસ્લિમ મેયર બનશે.

સર્વેમાં એ પણ બહાર આવ્યું છે કે મમદાનીની જીત પછી આશરે



25%, અથવા લગભગ 2.1 મિલિયન લોકો શહેર છોડવાનું વિચારી શકે છે. જો આ આંકડો સાચો સાબિત થાય છે, તો એ અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટું શહેરી સ્થળાંતર હશે. ન્યૂ યોર્કની કુલ વસતિ આશરે 8.4 મિલિયન છે. સર્વેમાંથી મુખ્ય તારણો...

ટેક્સાસના ગવર્નરે 100% ટેક્સની ધમકી આપી હશે, પરંતુ આવો ટેક્સ કાયદેસર રીતે શક્ય નથી. એવું માનવામાં આવે છે કે તેમણે ન્યૂ યોર્કવાસીઓને ડરાવવા અને તેમને મમદાનીને મતદાન કરતા અટકાવવા માટે આ નિવેદન આપ્યું હતું.

દરમિયાન ટેનેસીના ગવર્નર બિલ લીએ મમદાનીની જીત બાદ ન્યૂ યોર્કના વ્યાવસાય માલિકોને ટેનેસીમાં રોકાણ કરવા વિનંતી કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું:

ટેનેસી એ દેશનું શ્રેષ્ઠ રાજ્ય છે, જ્યાં તમે વ્યવસાય કરી શકો છો. જો તમે ન્યૂ યોર્કમાં નાખુશ છો, તો અહીં આવો. અમારા કર ઓછા છે, અર્થતંત્ર મજબૂત છે અને સરકાર તમારા માર્ગમાં આવતી નથી. ટેનેસીમાં મજબૂત કાયદો અને વ્યવસ્થા છે અને અહીં સ્થળાંતર કરતી કંપનીઓને રાજ્ય સરકાર તરફથી સંપૂર્ણ સમર્થન મળશે.

ફ્લોરિડાના ગવર્નર રોન ડિસેન્ટિસે કહ્યું હતું કે તેઓ ન્યૂ યોર્ક પોલીસ વિભાગ (NYPD)ના અધિકારીઓનું સ્વાગત કરશે, જેઓ મમદાનીની નીતિઓ સાથે અસંમત છે.

જ્યારે મેયર તમને પસંદ નથી કરતા અને તમારા વિભાગની જરૂરિયાત પર સવાલ ઉઠાવતા હોય ત્યારે શા માટે તમારા જીવનું જોખમ લો છો? અમે ફ્લોરિડામાં નવા પોલીસ અધિકારીઓને $5,000 બોનસ આપીએ છીએ.

ડિસેન્ટિસે જણાવ્યું હતું કે આ યોજના ડેમોક્રેટિક રાજ્યોમાં દુર્વ્યવહારનો સામનો કરતા પોલીસ અધિકારીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. તેમણે અગાઉ આગાહી કરી હતી કે જો ન્યૂ યોર્કમાં 'કાયદા અમલીકરણ વિરોધી' મેયર ચૂંટાય છે, તો ઘણા લોકો ફ્લોરિડા જવાનો પ્રયાસ કરશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફ્લોરિડા, કેરોલિના અને ટેનેસી ન્યૂ યોર્કવાસીઓ માટે સૌથી વધુ માગવાળાં સ્થળોમાંના એક છે. અહીં કર ઓછા છે અને રહેવાની કિંમત પોસાય એવી છે. આ રાજ્યોના ગવર્નરો દ્વારા ન્યૂ યોર્કવાસીઓને ખુલ્લું આમંત્રણ પણ આપવામાં આવ્યું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે એવી પણ ધમકી આપી હતી કે જો ન્યૂ યોર્કના લોકો 'સામ્યવાદી' તરીકે ચૂંટાય તો તેઓ શહેરને આપવામાં આવતા ભંડોળમાં કાપ મૂકશે.

મમદાની પોતાને 'લોકશાહી સમાજવાદી' કહે છે, એટલે કે તેઓ કોર્પોરેશનો કરતાં સામાન્ય લોકોની તરફેણ કરતી નીતિઓનું સમર્થન કરે છે. મમદાની ડેમોક્રેટિક પાર્ટીના ડાબેરી જૂથ (DSA) સાથે સંકળાયેલા છે. આ જૂથ મોટાં કોર્પોરેશનો, અબજોપતિઓ અને ડેમોક્રેટિક પાર્ટીની પરંપરાગત નીતિઓનો વિરોધ કરે છે.

ન્યૂ યોર્ક શહેર અમેરિકાના હૃદય તરીકે જાણીતું છે. મેયર બનવું એ ફક્ત શહેરનું નેતૃત્વ કરવા વિશે નથી, એ અમેરિકાના સૌથી પ્રભાવશાળી રાજકીય પદોમાંથી એક પર કબજો કરવા વિશે છે. એટલા માટે દુનિયાએ આ ચૂંટણી પર નજર રાખી.

ન્યૂ યોર્કનો વાર્ષિક GDP આશરે $2.3 ટ્રિલિયન છે. આનો અર્થ એ થયો કે એકલું ન્યૂ યોર્ક શહેર ભારતના GDPના અડધાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે. ન્યૂ યોર્કના મેયર શહેરના વહીવટ, પોલીસ, પરિવહન, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્ય પ્રણાલીઓનું નિયંત્રણ કરે છે.

ન્યૂ યોર્ક શહેરનું પોતાનું બજેટ ($100 બિલિયનથી વધુ) અને નિયમો છે. મેયર નક્કી કરે છે કે કરના પૈસા ક્યાં ખર્ચવામાં આવશે, કઈ નીતિઓ લાગુ કરવામાં આવશે અને શહેર કઈ દિશામાં જશે. આ મૂળભૂત રીતે એક નાની-પ્રધાનમંત્રીની ભૂમિકા છે.

ન્યૂ યોર્ક શહેર યુનાઈટેડ સ્ટેટ્સની નાણાકીય રાજધાની તરીકે જાણીતું છે. એ વોલ સ્ટ્રીટ, વિશ્વની મીડિયા કંપનીઓ અને સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય મથકનું ઘર છે, તેથી મેયરના નિર્ણયો ફક્ત શહેર પર જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અસર કરે છે.

1609માં ડચ લોકોએ સૌપ્રથમ ન્યૂ યોર્કની શોધ કરી હતી. 1624માં તેમણે ત્યાં તેમની વેપારી વસાહત સ્થાપી અને નેધરલેન્ડ્સની રાજધાની પરથી એનું નામ ન્યૂ એમ્સ્ટરડેમ રાખ્યું.

ચાલીસ વર્ષ પછી 1664માં અંગ્રેજોએ ડચ લોકો પાસેથી ન્યૂ એમ્સ્ટરડેમ કબજે કર્યું. ઈંગ્લેન્ડના રાજા ચાર્લ્સે આ સ્થળનું નામ તેમના ભાઈ ડ્યુક ઓફ યોર્કના નામ પરથી ન્યૂ યોર્ક રાખ્યું.

## મમતા બેનર્જીએ SIR ફોર્મ લેવાના દાવાને નકારી કાઢ્યો

# જ્યાં સુધી દરેક બંગાળી તેને નહીં ભરે ત્યાં સુધી હું તેને નહીં ભરું, મીડિયાએ જુઠ્ઠાણું ફેલાવ્યું....

**કોલકાતા, તા.07**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે એવા દાવાઓને ફગાવી દીધા કે તેઓ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ફોર્મ સ્વીકારશે, અને કહ્યું કે જ્યાં સુધી બંગાળનો દરેક વ્યક્તિ તે ફોર્મ ભરે નહીં ત્યાં સુધી તેઓ આમ નહીં કરે. તૃણમૂલ કોંગ્રેસના મુખપત્ર જાગો બાંગ્લા અને અન્ય મીડિયા આઉટલેટ્સે દાવો કર્યો હતો કે મમતા બેનર્જીએ સ્થાનિક બૂથ-લેવલ ઓફિસર (BLO) પાસેથી વ્યક્તિગત રીતે SIR ફોર્મ મેળવ્યું હતું. મુખ્યમંત્રીએ ફેસબુક પર લખ્યું: બુધવારે અમારા કાલીઘાટ વિસ્તારમાં BLO આવ્યા અને કેટલાક લોકોને SIR ફોર્મ આપ્યા. તેઓ મારા ઘરે પણ મારી ઓફિસમાં આવ્યા. તેમણે વિસ્તારના મતદારોની સંખ્યા વિશે પૂછપરછ કરી અને ફોર્મ આપ્યા.

તેમણે પોસ્ટમાં લખ્યું, 'ઘણા મીડિયા આઉટલેટ્સે અહેવાલ આપ્યો કે હું મારા ઘરની બહાર આવી અને BLO પાસેથી વ્યક્તિગત રીતે SIR ફોર્મ લીધું. આ સમાચાર સંપૂર્ણપણે ખોટા, ભ્રામક અને ઈરાદાપૂર્વકનો પ્રચાર છે. મેં કોઈ ફોર્મ ભર્યું નથી. જ્યાં સુધી દરેક બંગાળી ભરશે નહીં, ત્યાં સુધી હું પણ ફોર્મ નહીં ભરું.'

મમતા બેનર્જી પશ્ચિમ બંગાળ અને અન્ય 11 રાજ્યોમાં ચાલી



રહેલી SIR પ્રક્રિયાનો વિરોધ કરી રહી છે. તેમણે 4 નવેમ્બરના રોજ કોલકાતામાં SIR વિરુદ્ધ વિરોધ રેલીનું નેતૃત્વ પણ કર્યું હતું. 3.8 કિમી લાંબી રેલીમાં તેમની સાથે પાર્ટીના મહાસચિવ અભિષેક બેનર્જી અને મોટી સંખ્યામાં પાર્ટી કાર્યકરો પણ હતા.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે જો મતદાર યાદી ખોટી છે, તો ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પણ ખોટી છે. 2026ની વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીમાં શાંતિથી છેડછાડ કરવા માટે SIRનો ઉપયોગ રાજકીય હથિયાર તરીકે કરવામાં આવી રહ્યો છે. જેમ દરેક ઉર્દૂ ભાષી પાકિસ્તાની નથી, તેમ દરેક બંગાળી ભાષી બાંગ્લાદેશી નથી.

4 નવેમ્બરથી 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બૂથ-લેવલ ઓફિસરો (BLOs) ઘરે ઘરે જઈને મતદાર યાદીઓ અપડેટ કરી રહ્યા છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે આ રાજ્યોમાં BLOsને 28 ઓક્ટોબરથી 3 નવેમ્બર સુધી મતદાર યાદી અપડેટ માટે તાલીમ આપવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયા 7 ફેબ્રુઆરીએ પૂર્ણ થશે.

SIR મતદાર યાદીને અપડેટ કરશે, નવા મતદારોના નામ ઉમેરશે અને મતદાર યાદીમાં ભૂલો સુધારશે. 12 રાજ્યોમાં અંદાજે 51 કરોડ મતદારો SIR ધરાવતા 12 રાજ્યોમાં આશરે 51 કરોડ મતદારો છે. રાજકીય પક્ષો આ કાર્ય માટે 533,000 BLO અને 700,000થી વધુ BLA તૈનાત કરશે. SIR દરમિયાન, BLO/BLA મતદારને એક ફોર્મ આપશે. મતદારે તેમની માહિતી ચકાસવી પડશે. જો મતદાર યાદીમાં બે જગ્યાએ નામ દેખાય, તો તેને એક જગ્યાએથી દૂર કરવું પડશે. જો મતદાર યાદીમાં નામ ન હોય, તો એક ફોર્મ ભરવું પડશે અને તેને ઉમેરવા માટે સંબંધિત દસ્તાવેજો પૂરા પાડવા પડશે.

તંત્રી લેખ

# 'બુલેટપ્રૂફ' વસિયતનામું લખવાની 3 સ્માર્ટ ટ્રિક

ગાંધીનગરમાં એક પરિવાર, જેમની મિલકતનો કેસ કોર્ટમાં પાંચ વર્ષથી અટવાયો છે. કારણ જાણો છો શું? બાપુજીએ આખી જિંદગી મહેનત કરી, મિલકત બનાવી, પણ છેલ્લે એક કાગળ લખવાનું ભૂલી ગયા, જે હતું વસિયતનામું... આ એક ભૂલ આખા પરિવારને કોર્ટના ચક્કર ખવડાવી રહી છે. મોટા ભાગના લોકો વસિયતને જટિલ, મોંઘી અને કાયદાકીય માથાકૂટ માનીને ટાળી દે છે, પણ શું તમે જાણો છો કે વસિયત સાદા કાગળ પર પણ 100% કાયદેસર છે? જોકે આ જાણકારી અધૂરી છે. જો મિલકત વહેંચનાર વડીલની ઉંમર 65 વર્ષથી વધુ છે, તો એક નાનકડી ભૂલ તમારા આખા પરિવારને કોર્ટના ધક્કા ખવડાવી શકે છે. માટે આજે ભાસ્કર એક્સપ્લેનરમાં આપણે જાણીએ કે 'બુલેટપ્રૂફ' વસિયતનામું કેવી રીતે બનાવવું.

તેના પહેલા વસિયત પરના બે મોટા ભ્રમ, જે આજે જ ભાંગવા જરૂરી છે

ભ્રમ 1: વસિયત માટે મોંઘો સ્ટેમ્પ પેપર જોઈએ.

હકીકત: નહીં ભાઈ, આ તદ્દન ખોટી વાત છે. કાયદો સ્પષ્ટ કહે છે કે તમે સાદા સફેદ કાગળ પર, હાથથી લખીને કે ટાઈપ કરીને વસિયત બનાવી શકો છો. તમારો ઈરાદો અને તમારી સહી જ મહત્ત્વની છે. યાદ રાખજો: વસિયતની કિંમત કાગળમાં નહીં, તમારા ઈરાદામાં છે.

ભ્રમ 2: વસિયતની નોંધણી (Registration) ફરજિયાત છે.

હકીકત: ના, એવું બિલકુલ નથી. ભારતીય નોંધણી અધિનિયમ, 1908 મુજબ, વસિયતની નોંધણી વૈકલ્પિક (Optional) છે. હા, નોંધણી કરાવવી એ સારો વિકલ્પ છે (એનાથી વસિયત વધુ મજબૂત બને છે), પરંતુ જો તમે નોંધણી ન કરાવો તોપણ તમારી વસિયત 100% કાયદેસર અને માન્ય રહે છે.

વસિયત બનાવવાના 3 સચોટ નિયમ

જો તમે ઈચ્છો છો કે તમારી વસિયતને ભવિષ્યમાં કોઈ પડકારી ન શકે તો આ ત્રણ વસ્તુ ફરજિયાત છે:

1. સાદા કાગળ પર સ્પષ્ટ લખાણ

તમારે સાદા કાગળ પર સ્પષ્ટપણે લખવાનું છે કે તમારા પછી તમારી કઈ મિલકત (જેમ કે ઘર, જમીન, બેંક બેલેન્સ, દાગીના વગેરે) કોને, ક્યારે અને કેટલી આપવી છે.

2. બે નિષ્પક્ષ સાક્ષી (Impartial Witness)

આ સૌથી મહત્ત્વનું છે. તમારી વસિયત પર બે સાક્ષીની સહી ફરજિયાત છે અને યાદ રાખો, 'નિષ્પક્ષ' સાક્ષી, એટલે કે સાક્ષીઓ એવા હોવા જોઈએ, જેમને તમારી મિલકતમાંથી કોઈ હિસ્સો ન મળતો હોય (દા.ત. તમારા મિત્ર, પાડોશી કે દૂરના સંબંધી).

3. 65+ ઉંમર માટે 'ગેમ ચેન્જર' સર્ટિફિકેટ

આ એ સ્માર્ટ ટિપ છે, જે તમારી વસિયતને 'બુલેટપ્રૂફ' બનાવે છે. જો વસિયત લખનાર વડીલની ઉંમર 65 વર્ષથી વધુ હોય, તો વસિયત સાથે એક ડૉક્ટરનું 'મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ' જોડી દો, કારણ કે માની લો કે તમારા પછી કોઈ વારસદારને ઓછો હિસ્સો મળ્યો અને તે કોર્ટમાં જઈને એમ કહી દે કે, 'બાપુજીની ઉંમર 65+ હતી, તેમની માનસિક સ્થિતિ ઠીક નહોતી, કોઈએ દબાણમાં સહી કરાવી છે,' તો તમારી આખી વસિયત રદ થઈ શકે છે.

# સાવધાન! આપણે મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર ને કારણે સહજ રહી શકતાં નથી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનસ સાવધાની બીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે સાવધાનનો સંદર્ભ ક્યો લેવો એ માટે ઘણા પ્રશ્નો આવ્યાં છે અને હું ધારામાં આવશે એ રીતે જવાબ આપવા કોશિશ કરીશ. સાવધાન શબ્દનાં બે અર્થ કરવામાં આવે છે, (૧) લૌકિક અને (૨) અલોકિક.

લૌકિક સાવધાની રાખવી એટલે કે સ્થૂળ શરીરની દૈનિક જીવનમાં સાવધાની, બેસવામાં સાવધાની, ઉઠવામાં સાવધાની, ખાવા પીવામાં સાવધાની, જ્વલનશીલ પદાર્થોથી દૂર રહેવું, રોડ ક્રોસ કરવામાં સાવધાની, આ લૌકિક અર્થ.

અલૌકિક અર્થ આધ્યાત્મિકતા સૂચવે છે, એટલે કે સહજ રહીને સાવધાન કેમ રહેવું? 'ઉત્તમા સહજાવસ્થા' આપણો મૂળ સ્વભાવ સહજતા છે ! પણ આપણે સહજ રહી શકતાં નથી, બાકી 'ચેતન સહજ અમલ સુખરાસી' જીવમાત્ર સહજ છે, મારે ને તમારે શ્વાસ લેવા માટે કંઈ જ કરવું પડતું નથી, પણ અહીં જાગૃતિ પ્રેરક સાવધાની રાખવાની જરૂર છે. જેમકે નિંદ્રા લેવી અને સપનું જોવું એ આપણા સૌનો અધિકાર છે, પણ કેટલી નિંદ્રા લેવી એની સાવધાની.

ટૂંકમાં આપણું મૂળ સ્વરૂપ સહજ છે, પણ આપણે ચાર કારણે સહજ રહી શકતાં નથી. એક મન ને કારણે સહજ રહી શકાતું નથી, બીજું કારણ આપણી બુદ્ધિ, ત્રીજું કારણ આપણું ચિત્ત અને ચોથું કારણ અહંકારને કારણે આપણે સહજ રહી શકતાં નથી. અસહજતા પરધર્મ છે, અને એટલે ભગવાન શ્રીકૃષ્ણ આદેશ આપીને કહે છે સ્વધર્મ નિધનં શ્રેયઃ, પોતાના ધર્મમાં મૃત્યુ પામવું એ સૌથી ઉત્તમ છે. કબીર સાહેબ તો આખી જિંદગી સહજતામાં વિતાવી.

કથા એ ધર્મશાળા નથી પણ પ્રયોગ શાળા છે! હું અને તમે આપણે જીવનને સહજ બનાવવા પ્રયોગ કરી રહ્યા છીએ ચિંતન કરી રહ્યા છીએ. મુંબઈમાં મહાપ્રભુજીની આશ્રિત પુષ્ટિમાર્ગીય સમાજ સવિશેષ છે, મહાપ્રભુજીનું એક સ્તોત્ર છે મધુરાષ્ટ, એમાં એક પંક્તિ છે ગુંજા મધુરા, ગુંજા એટલે ચણોઠીની માળા પવિત્ર એકાદશીને દિવસે મહાપ્રભુજીએ ગુંજાની માળા ઠાકોરજીને અર્પણ કરી હતી, પરંતુ વૈષ્ણવોએ બારસે દર્શન કર્યા એટલા માટે પવિત્રા બારસ એમ કહેવાયું. સંસ્કૃત ગ્રંથોમાં ગુંજાનો એક અર્થ ચિંતન પણ થાય છે. પરમાત્માને ચણોઠીની માળા બહુ પ્રિય છે, મધુર છે, એનો મતલબ કોઈ પણ ભક્તનું ચિંતન પ્રભુને પ્રિય છે, તો આ સહચિંતન છે. વિનોદબાજી કહેતા હતા સહચિંતન થવું જોઈએ, સહસાધના થવી જોઈએ, સહખેતી થવી જોઈએ અને સહજીવન થવું જોઈએ. ચિંતન શબ્દ આવ્યો છે તો કંઈક વધુ કહું, મહાપ્રભુજી કહે છે ચિંતનથી સ્નેહ પ્રગટ થાય છે, આપણે કોઈ વિશે બહુ ચિંતન કરવા લાગીએ પછી, સ્નેહ શરૂ થાય, સ્નેહ સ્નિગ્ધ હોય એટલે સ્નેહમાંથી ત્રણેય પ્રગટ થાય. પ્રણયનો મતલબ છે જેની સાથે આપણો સ્નેહ હોય, એમાં આપણો પૂરેપૂરો ભરોસો. મહાપ્રભુજીએ કહ્યું પ્રણય પછી માન પ્રગટ થાય છે, અને આ માનના બે સુર છે, અભિમાન અને ગૌરવ! એટલે કે અભિમાન અધિકાર પ્રેરક છે કે, આ વ્યક્તિ હવે બીજા સાથે પ્રેમ ન કરી શકે, એ કેવળ મારો છે! પણ કોઈ બુદ્ધ પુરુષ સાથે પોતાને સ્નેહ કે પ્રણય છે એનું એને ગૌરવ હોવું એ પણ એક ભાવ છે, પ્રીત કોની સાથે છે? ઠાકોરજી સાથે! આપણી શરણાગતિ મહાપ્રભુજીના ચરણમાં છે, એ ગૌરવ હોવું જરૂરી પણ છે, અને એને માન કહે છે. આ પ્રણેયની યાત્રા આગળ ચાલે છે, અને અંધારામાંથી અજવાળા તરફ, અસતમાંથી સત, મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જાય છે. ભક્તિનો આ ભાવ સાધકને સંસારી રાગમાંથી અનુરાગ તરફ લઈ જઈ શકે છે, પરંતુ રાગ વિના અનુરાગની યાત્રા ફરદાયી નથી નીવડતી. અનુરાગ પછી મહાપ્રભુજી અને ચૈતન્યનો મત એક થઈ જાય છે, નદી ઉછળથી ઉછળતી સમુદ્રને મળવા માટે દોડી જાય છે, ત્યારબાદ જે એક પડાવ છે એને ઉન્માદ કહેવામાં આવે છે. ઉન્માદ એક એવો ભાવ છે કે, ત્યાં સાવધાની બહુ જરૂરી છે, તો મનથી સાવધાન કારણકે મન આપણને સહજ નથી રહેવા દેતું બુદ્ધિ વ્યભિચારિણી થઈ જાય, એ સહજ નથી રહેવા દેતી. ચિત્તમાં જનમ જનમના રાગ દ્વેષ ચાલ્યા આવે છે એ આપણને સહજ નથી રહેવા દેતા અહંકાર આપણને અસહજ બનાવે છે એટલા માટે સાવધાન રહેવું.

સાવધાન મન કરિ પુનિ શંકર!

તુલસીનું આધ્યાત્મિક દર્શન છે શંકર ભગવાન તરત મનથી સાવધાન થઈ જાય છે અને ભગવાન રામ શબરીને પણ 'સાવધાન સુનુ ધરુ મન માહી. આધ્યાત્મિક જગતમાં સાવધાન એટલે મન બુદ્ધિજીત અહંકારની સાવધાની મનના સંકલ્પ વિકલ્પથી સાવધાન મનના તરંગોથી સાવધાન.

જનમ એક દુઈ કહેવું ભવાની,
સાવધાન સુનુ સુમતિ ભવાની.

હે પાર્વતી મનથી સાવધાન બુદ્ધિથી સાવધાન અભિમાનથી સાવધાન, સાવધાન માનદ મન હિના, આપણી વાણી મનના કારણે હોય છે પ્રત્યેક વ્યક્તિનું મન જેવું હોય એવું જ એ બોલતા હોય, મન સાથે વાણીનો સીધો સંબંધ છે. બુદ્ધિનો કાન સાથે સંબંધ છે, બુદ્ધિ એ જ સાંભળે છે જેમાં આપણો લાભ હોય, ચિત્તનો સંબંધ આંખ સાથે છે, સાધકની આંખ જોઈ એના ચિત્તનો ખ્યાલ આવે, એટલે કે ચિતથી સાવધાન રહેવા માટે ચક્ષુથી સાવધાન રહેવું જ્યાં ત્યાં નજર જાય નહીં તેની સાવધાની રાખવી.

સાવધાન સુનુ સુમુખિ સુલોચનિ,
ભરત કથા ભવ બંધ વીમોચનિ.

જનક રાજા પોતાની ધર્મ પત્નીને કહે છે, હે સુંદર મુખ વાળી અને સુલોચની, ચિત્તથી સાવધાન, માનથી સાવધાન,કે અહંકારથી સાવધાન રહી સાંભળો, ભરતની કથા ભવોભવના બંધન છોડાવનારી છે.

મહાપ્રભુજીએ સેવાના ત્રણ પ્રકારના ફળ બતાવ્યા છે લૌકિક સામર્થ્ય, એટલે કે તમારી પાસે કેટલી જમીન છે કેટલા રૂપિયા છે, સંપતિ લૌકિક સામર્થ્ય છે. લૌકિક સામર્થ્યની એક સીમા હોય, એક મર્યાદા હોય, એનાથી વધુ તમે કંઈ કરી ન શકો! બીજું અલૌકિક સામર્થ્ય, જેમાં તમારી પાસે લૌકીક રીતે કોઈ જ આર્થિક આર્થિક શક્તિ નથી, અને છતાં બધું થાય. ત્રીજું સાયુજ્ય પરમાત્મા તમને સેવા ઉપયોગી શરીર પ્રદાન કરશે જેથી એ વિગ્રહથી સેવા કરી શકો! સેવાના વિકાર પણ છે પહેલું ઉદ્વેગ, આપણી કામનાઓ ઉદ્વેગ જન્માવે છે. બીજું પ્રતિબંધ બાંધક છે, અને ભોગ પણ સેવાનો બાધક છે. જોકે હું એ મતનો નથી, ભોગને ભોગવો પરંતુ ભોગનો અતિરેક બાધક છે. જે ભોગ ભગવાનને ભુલાવી દે, એ ભોગ રોગ છે.મહાપ્રભુજી આપણને આ રીતે સાવધાન કરે છે.

સેવાયાઃ ફલત્રયમ અલૌકિક,
સામર્થ્યમ સાયુજ્યમ્
સેવોપયોગ દેહો.

માનસ સાવધાન કથાનો મુખ્ય વિષય છે અને એમાં ભગવાન શંકર ભવાની એટલે કે પાર્વતીને કહે છે કે તમારી બુદ્ધિ ખૂબ સુંદર છે, પણ સાવધાન અને થઈને સાંભળો! કારણ કે શંકર જાણે છે ગત જન્મમાં સતીની બુદ્ધિને કારણે જ એ કથાના મર્મ ને પામી શક્યા નહીં, માટે સુમતિ થી સાંભળો. હું એક શબ્દ જોડું માત્ર સાવધાન નહીં સાવચેત થઈને સાંભળો! નિંદ્રા કે સપનામાં ખોવાઈ જાવ નહીં, નિંદ્રા નો એક અર્થ તમસ પણ થાય છે, જીવનમાં તમોગુણથી સાવચેતી રાખવી! એટલે કે સાવધાન રહેવું. રામનામ ના મહિમા સુધીની કથા કહી બીજા દિવસની કથાને વિરામ આપ્યો.



# કોકોના ભાવ ટોચ પરથી તૂટયા દિવાળીમાં ચોકલેટોના ભાવ નીચા રહેશે

## વૈશ્વિક સ્તરે કોકો બજારમાં સપ્લાય ડેફીસીટના બદલે હવે સપ્લાય સરપ્લસના સંકેતો



દેશમાં દિવાળીના તહેવારો નજીક આવ્યા છે તથા વિવિધ બજારોમાં ચહલ પહલ વધી રહ્યાના વાવડ મળ્યા છે. દિવાળીના તહેવારોમાં વર્ષો અગાઉ વિવિધ મીઠાઈઓનું ચલણ વધુ રહેતું હતું પરંતુ તાજેતરના વર્ષોમાં હવે મીઠાઈઓનું ચલણ ઘટયું છે તથા વિવિધ સૂકામેવાઓ તથા ચોકલેટોનું ચલણ વધતું જોવા મળ્યું હોવાનું બજારોના જાણકારો જણાવી રહ્યા હતા. લોકો હવે આરોગ્ય માટે વધુ સભાનતા બતાવતા થયા છે અને તેના પગલે વિવિધ બજારોમાં પણ સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. દરમિયાન, ચોકલેટોની માગ હવે વધી છે તથા વર્ષ દરમિયાન આવી માગ સતત રહેતી હોય છે તેવા તહેવારોમાં તથા ગીફટીંગમાં હવે આવી માગ વિશેષ દેખાતી રહે છે. વર્ષો પૂર્વે ચોકલેટોનો વપરાશ મુખ્યત્વે નાના બાળકોમાં રહેતો હતો પરંતુ હવે દરેક વયના તથા દરેક ઉંમરના લોકો ચોકલેટો ખાતા થઈ ગયા છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. ચોકલેટોના ઉત્પાદનમાં મુખ્યત્વે કોકોનો ઉપયોગ થાય છે તથા કોકોના ભાવમાં થતી વધઘટની અસર ચોકલેટ બજાર પર વર્તાતી જોવા મળી છે. ચોકલેટનો ઉત્પાદન ખર્ચ છેલ્લા ૩ વર્ષમાં આશરે ૫૦ ટકા જેટલો વધ્યો છે. વૈશ્વિક સ્તરે કોકોનું જે કુલ ઉત્પાદન થાય છે એ પૈકી આશરે ૭૦ ટકા ઉત્પાદન વેસ્ટ આફ્રિકામાં થાય છે. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની ટેરીફ નિતીના કારણે અમેરિકામાં ચોકલેટની બજારોમાં સમીકરણો બગલાયા છે. વિશ્વ બજારમાં કોકોના ભાવ ઉંચા મથાળેથી તાજેતરમાં નીચા આવતા જોવા મળ્યા છે અને તેના પગલે ચોકલેટ ઉત્પાદકોમાં રાહત પણ જોવા મળી છે. કોકોના ભાવ તાજેતરમાં ઘટી ટનના ૭૪૦૦ ડોલરની સપાટીની અંદર ઉતરી ગયાના વાવડ મળ્યા હતા. કોકોની બજારમાં ૨૦૨૪નું વર્ષ ખાસ્સી તેજીનું રહ્યા પછી ૨૦૨૫ના વર્તમાન વર્ષમાં આરંભના મહિનાઓમાં કોકોના ભાવ ઉંચા રહ્યા પછી ઉંચા મથાળેથી પ્રત્યાઘાતી ઘટતા જોવા મળ્યા હતા. કોકોના ભાવ ઉંચા ગયા પછી યુરોપ, એશિયા તથા નોર્થ અમેરિકાના દેશોમાં કોકોની માગ ધીમી પડી ગઈ હતી અને તેના પગલે કોકોના ભાવમાં તેજીના વળતા પાણી જોવા મળ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારના સમાચાર મુજબ ઈકવેડોર દેશમાં કોકોનું ઉત્પાદન વધ્યું છે તથા ત્યાં ૨૦૨૫-૨૬ના વર્ષમાં કોકોનું ઉત્પાદન વધી ૬ લાખ ૫૦ હજાર ટનની ઉપર જવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. કોકોનું ઉત્પાદન ધાના દેશ કરતાં હવે ઈકવેડોરમાં વધુ થઈ રહ્યું હોવાથી કોકોના વૈશ્વિક ઉત્પાદક વિવિધ દેશોમાં હવે ધાના દેશને પાછળ ધકેલી ઈકવેડોર દેશ બીજા ક્રમાંકે આવી ગયાના વાવડ દરિયાપારથી મળ્યા હતા.

કોકોના વૈશ્વિક ભાવ ગયા વર્ષે ઉછળી ઉંચામાં ટનના ૧૨ હજાર ડોલર સુધી જતા રહ્યા હતા અને તેના પગલે ઊંચા ભાવના આકર્ષણ વચ્ચે કોકોનું ઉત્પાદન વધારવા વિશ્વના વિવિધ ઉત્પાદક દેશોના ખેડૂતોએ પ્રયત્નો વેગીલા બનાવ્યા હતા. ગયા વર્ષે આઈવરી કોસ્ટ તથા ધાનામાં કોકોનું ઉત્પાદન નોંધપાત્ર ઘટયું હતું. આ વર્ષે હવે ઉત્પાદનના સમીકરણો બદલાયા છે. ઈકવડોરમાં ૨૦૨૪-૨૫માં કોકોનું ઉત્પાદન ૫ લાખ ૭૦ હજાર ટન થયું હતું. ત્યાં ૨૦૩૦ સુધીમાં આ આંકડા વધી ૮ લાખ ટન સુધી પહોંચી જવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. ધાનામાં હેકટરદીઠ ઉત્પાદન આશરે ૫૦૦ કિલો જ્યારે ઈકવેડોરમાં ૮૦૦ કિલો નોંધાયું છે. વૈશ્વિક સ્તરે કોકો તથા ચોકલેટની બજારનું કુલ કદ જે હાલ વાર્ષિક ૨૩થી ૨૪ અબજ ડોલર થઈ જવાની શક્યતા તજજ્ઞો બતાવી રહ્યા હતા.કોકોનો વપરાશ હવે ચોકલેટ ઉપરાંત કેક, પેસ્ટ્રીઝ તથા બેરવેજીસ હવે પીણાઓમાં વધ્યો છે. વિશ્વ બજારમાં કોકોના ભાવ તાજેતરમાં ઘટી ૨૦ મહિનાના તળિયે ઉતર્યા છે. વિશ્વ બજારમાં છેલ્લા ઘણાં વર્ષોથી સપ્લાય ડેફીસીટમાં રહ્યા પછી આ વર્ષે સપ્લાય સરપ્લસમાં આવી હોવાના સંકેતો દરિયાપારથી મળ્યા હતા અને કોકોના ભાવ ટોચ પરથી ઝડપી નીચા આવતાં હવે દિવાળીના તહેવારોમાં ચોકલેટના ભાવ કદાચ ગયા વર્ષની સરખામણીએ ઓછા રહેવાની આશા બજારના જાણકારો બતાવી રહ્યા હતા.કોકોના વૈશ્વિક ભાવ ગયા વર્ષે ઉંચામાં ટનના ૧૨ હજાર ડોલર સુધી પહોંચી ગયા હતા તે હવે અડધા થઈ ગયા છે. વૈશ્વિક સ્તરે કોકો તથા ચોકલેટની બજારનું કુલ કદ જે હાલ વાર્ષિક ૨૩થી ૨૪ અબજ ડોલર થઈ જવાની શક્યતા તજજ્ઞો બતાવી રહ્યા હતા.કોકોનો વપરાશ હવે ચોકલેટ ઉપરાંત કેક, પેસ્ટ્રીઝ તથા બેરવેજીસ હવે પીણાઓમાં વધ્યો છે. વિશ્વ બજારમાં કોકોના ભાવ તાજેતરમાં ઘટી ૨૦ મહિનાના તળિયે ઉતર્યા છે. વિશ્વ બજારમાં છેલ્લા ઘણાં વર્ષોથી સપ્લાય ડેફીસીટમાં રહ્યા પછી આ વર્ષે સપ્લાય સરપ્લસમાં આવી હોવાના સંકેતો દરિયાપારથી મળ્યા હતા અને કોકોના ભાવ ટોચ પરથી ઝડપી નીચા આવતાં હવે દિવાળીના તહેવારોમાં ચોકલેટના ભાવ કદાચ ગયા વર્ષની સરખામણીએ ઓછા રહેવાની આશા બજારના જાણકારો બતાવી રહ્યા હતા.કોકોના વૈશ્વિક ભાવ ગયા વર્ષે ઉંચામાં ટનના ૧૨ હજાર ડોલર સુધી પહોંચી ગયા હતા તે હવે અડધા થઈ ગયા છે.

# સેવા અને પૂજામાં ભેદ છે, જ્યાં પ્રેમપ્રધાન છે તે સેવા. જ્યાં વેદ મંત્રો પ્રધાન છે તે પૂજા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઇએ તો ઈશ્વરને એવી ઈચ્છા નથી કે કોઈ મારી સેવા કરે.તેને કોઈ વસ્તુની અપેક્ષા નથી તેની ઈચ્છા એવી નથી કે,વૈષ્ણવો મને ભોગ ધરે. ઈશ્વરને ખાવાની ઈચ્છા નથી, ઈશ્વર નિષ્કામ છે. આ તો ઈશ્વરનું ઈશ્વરને અર્પણ કરવાનું છે. પ્રેમથી અર્પણ કરશો તો ભગવાન પ્રસન્ન થશે. ભાગવત નિવેદનકર્યા વગર કાંઈ ખાશોનહીં ઈશ્વરને અર્પણ કર્યા વગર ખાય તે પાપ જમે છે. ઈશ્વરને અર્પણ કરશો તો અનંતગણું બનાવીને ઈશ્વર પાછું આપશે. ભગવાન ફક્ત તમારો ભાવ જુએ છે. ભગવાનને ઘરે ક્યાં ખોટ છે? ભગવાને આપેલું જ તમારે તેને આપવાનું છે. કોઈ વસ્તુને ઉત્પન્ન કરવાની શક્તિ જીવમાં નથી.આ સર્વ શ્રીકૃષ્ણનું છે.તમારી અર્પણ કરવાની રીતથી તમારો ભાવ દેખાઈ આવશે. દીવો કરવાથી સેવકને કે આરતી ઊતારવાથી ભગવાનના ઘરે અજવાળું થવાનું નથી,તેથીપ્રકાશ તમારા હૃદયમાં થશે.ઈશ્વરનું અંગ સ્વયં પ્રકાશમય છે. સેવા કરવાથી સેવકને સુખ થાય છે.તેથી ભગવાનને સુખ મળવાનું હતું? તે તો પરમાનંદ સ્વરૂપ છે.જીવને આપનાર ઈશ્વર છે,પરંતુ મનુષ્ય નિવેદન કરે એટલે ભગવાન ખાય છે. સેવા અને પૂજામાં ભેદ છે, જ્યાં પ્રેમપ્રધાન છે તે સેવા.જ્યાં વેદ મંત્રો પ્રધાન છે તે પૂજા. પૂજા કરો તો અનન્ય પ્રેમથી પૂજા કરો.સ્નેહ વગરનું સમર્પણ વ્યર્થ જાય છે. સારાં કપડાં બગડવાની બીકે મંદિરમાં મનુષ્ય ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરતો નથી. દુઃખની વાત છેકે,માણસ કપડાંની ચિંતા કરે છે,અને નરકમાં પડવું પડશે તેની ચિંતા કરતો નથી.

દક્ષિણમાં એક કથા પ્રચલિત છે. એક ગામમાં એક ગૃહસ્થને ત્યાં લગ્ન હતાં. વિઘ્નનાશ માટે સર્વ પ્રથમ ગણપતિજીની પૂજા કરવાની હોય છે. ગોર મહારાજે પૂજા કરતી વખતે જોયું તો ગણપતિની મૂર્તિ હતી નહીં,હવે શું થાય? ગોર મહારાજે નૈવેદ્યનો ગોળ હતો, તે ગોળના ગણપતિ બનાવ્યાને યજમાનને પૂજા કરવાનું કહ્યું. ધૂપદીપ થયા પછી નૈવેદ્ય અર્પણ કરવાનો સમય આવ્યો.નૈવેદ્યના ગોળના તો ગણપતિ બનાવ્યા હતા.હવે નૈવેદ્ય લાવવું ક્યાંથી એટલે ગોર મહારાજે હવે તે ગોળના

ગણપતિની મૂર્તિમાંથી થોડો ગોળ કાઢી લઈ તે ગોળનું નૈવેદ્ય ધર્યું. ગોળના ગણપતિ અને ગોળનું નૈવેદ્ય!આવી પૂજાથી પણ ગણપતિ પ્રસન્ન થયા.યજમાનના કાર્યમાં કંઈ વિઘ્ન ન આવ્યું, કારણ આ કાર્ય પાછળ ભાવના શુદ્ધ હતી.વસ્તુનું મહત્ત્વ નથી પણ ભાવની મહત્તા છે.સેવા સદ ભાવથી કરો તો સફળ થાય.સેવા કરતાં રોમાંચ થાય,આંખમાં આંસુ આવે,ને સાચીસેવા ક્રિયાત્મકનહીં ભાવાત્મક હોવી જોઈએ.થોડું કરો પણ પ્રેમપૂર્વક કરો. રસોઈ કરી ભગવાનને અર્પણ કરતાં કહો, પ્રભુ તમે તો વિશ્વંભર છો,વિશ્વનું ભરણ પોષણ કરનાર છો.તમને કોણ જમાડી શકે?તમારું તમને અર્પણ કરું છું. ઈશ્વરનું ઈશ્વરને અર્પણ કરવાનું છે. અરે આ જીવ બીજું લાવે ક્યાંથી? બીજું છે જ ક્યાં? ફક્ત ભાવનાની કિંમત છે. પરમાત્મા પરિપૂર્ણ છે.ઈશ્વરને અપેક્ષા નથી.પરમાત્માને કોઈ વસ્તુની ભૂખ નથી પણ ફક્ત પ્રેમની ભૂખ છે.ભગવાનને ભાવ વધારોથી અર્પણ કરશો તો તે અનંત ગણું કરીને આપે છે. ભક્તિમાર્ગમાં ભાવના વગર સિદ્ધિ મળતી નથી.જ્ઞાન માર્ગમાં ત્યાગ અને વૈરાગ્યની જરૂર છે.

બાળકને બાપ રૂપિયો આપે છે,ને પછી પાછો માગે છે ત્યારે બાળક તે આપતો નથી.પિતાને દુઃખ થાય છે કે,મેં રૂપિયો આપ્યો અને મને જ તે આપતો નથી,પણ જો બાળક રૂપિયો આપે તો પિતાને આનંદ થાય છે.રૂપિયો પિતાનો છે તો પણ આનંદ થાયછે.જીવમાત્ર ના પિતા ઈશ્વર છે.તેણે જે આપ્યું તે જ તેને આપવાનું છે એવો નિયમ લેજો કે,ઠાકોરજીનેઅર્પણ કર્યા વગર હું ખાઈશ નહીં ઘરમાં કોઈ જમનાર ન હોય તો પણ ભગવાન માટે રસોઈ બનાવો કથામાંથી કાંઈ નિયમ નહીં લો તો કથા તમારી સાંભળી વ્યર્થ અને મારી કહીપણ વ્યર્થ.કેટલાક કહે છે,કથા સાંભળી નાખી!અરે કથા સાંભળીને નાખી દેવાની નહીં, કથા કાનમાં રાખવાની,કથા હૈયા માં રાખવાની છે.

કોઈપણ સ્વરૂપની મૂર્તિ રાખી ભાવ અને પ્રેમપૂર્વક સેવા કરો. ચિત્રસ્વરૂપ કરતાં મૂર્તિસ્વરૂપ સારું છે,સેવા કરો ત્યારે એવી ભાવના રાખોકે,સાક્ષાત્ પરમાત્મા છે. સેવાના આરંભમાં ધ્યાન કરો, સંપત્તિ પ્રમાણે અર્થ કરો. સુંદર સિંહાસન બનાવો.ધ્યાન સાથે ભાવના કરો કે,ભગવાન વૈકુંઠ માંથી આવે છે. મારા ઘરમાં જે સેવ્ય સ્વરૂપ છે તેમાં ભગવાન પ્રવેશ કરે છે. સેવામાં બેસો ત્યારે કોઈપણ આવે તેની સાથે બોલશો નહીં.દેહનું ભાન હોય તો તેને નમસ્કાર કરજો.પરમાત્માથી કોઈ શ્રેષ્ઠ નથી.પરમાત્મા સમાન કોઈ નથી તો શ્રેષ્ઠ તો ક્યાંથી હોય? સેવામાં મનને પરોવી રાખવુંએ સેવા છે. તમે શરીરમાં જેવો પ્રેમ રાખો છો એવો ઠાકોરજીના સ્વ રૂપમાં પ્રેમ રાખજો.પરમાત્માના અનંત ઉપકાર છે.પ્રભુએ અનેક વખત મારું રક્ષણ કર્યું છે.હું ભગવાનનો દાસાનુદાસ છું, આવો દાસ્યભાવ સેવામાં મુખ્ય છે. દાસ્યભાવ હૃદયને જલદી દીન બનાવે છે અને સેવામાં દીનતા આવે તો હૃદય જલદી પીગળે છે. શ્રીકૃષ્ણ સેવામાં હૃદય ન પીગળે ત્યાં સુધી સેવા સફળ થતી નથી. દાસ્યભાવ વગર સેવાફળતી નથી સેવા સ્નેહથી કરો,સમર્પણ ભાવ થી કરો.મૂર્તિમાં ભાગવતભાવ ન જાગે ત્યાં સુધી પ્રત્યેક પદાર્થમાં ઈશ્વર ભાવ જાગશે નહીં સેવા કરતાં નિષ્ઠા રાખો કે આ તો પ્રત્યક્ષ ઈશ્વર છે. એક રાજાનો જન્મદિવસ હતો. તે સવારે જ્યારે તે ફરવા ગયો,ત્યારે તેણે રસ્તામાં જે પણ પહેલી વ્યક્તિને મળે તેને સંપૂર્ણપણે ખુશ અને સંતુષ્ટ બનાવવાનું નક્કી કર્યું. તે એક ભિખારીને મળ્યો.ભિખારી રાજા પાસે ભીખ માંગતો હતો, તેથી રાજાએ ભિખારીને તાંબાનો સિક્કો ફેંકી દીધો. ભિખારીના હાથમાંથી સિક્કો સરકી ગયો અને નાળામાં પડી ગયો. ભિખારી તાંબાનો સિક્કો શોધતો શોધતો નાળામાં પહોંચ્યો રાજાએ તેને બોલાવ્યો અને તેને બીજો તાંબાનો સિક્કો આપ્યો. ખુશ થઈને ભિખારીએ પોતાના ખિસ્સામાં સિક્કો મૂક્યો અને નાળામાં પડેલા સિક્કાને શોધવા પાછો ગયો.રાજાએ, ભિખારીને ખૂબ ગરીબ સમજીને,તેને ચાંદીનો સિક્કો આપ્યો.

# અમદાવાદ મંડળ પર રાષ્ટ્રગીત "વંદે માતરમ" ના 150 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સ્મરણ ઉત્સવ કાર્યક્રમનું આયોજન

**અમદાવાદ, તા. 07**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર રેલવે બોર્ડની સૂચના મુજબ નિવૃત્ત કર્મચારી માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ આજે 07.11.2025ના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રગીત "વંદે માતરમ્"ના 150 વર્ષ પૂર્ણ થવાના ઉપક્રમે વર્ષભર ચાલનારા સ્મરણ સમારોહનો શુભારંભ કર્યો હતો. દેશભરમાં ઉજવાતા "રાષ્ટ્રવ્યાપી ઉત્સવ"ના ભાગરૂપે પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળમાં પણ આ ઐતિહાસિક પ્રસંગ પૂરા શ્રદ્ધા, ઉત્સાહ અને દેશભક્તિની ભાવનાથી ઉજવાયો હતો।

માનનીય પ્રધાનમંત્રીએ આ પ્રસંગે 150 વર્ષ નું પ્રતીક,સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ પણ પ્રકાશિત કર્યા હતા. આ કાર્યક્રમ 7 નવેમ્બર 2025 થી 7 નવેમ્બર 2026 સુધી ચાર તબક્કામાં ચાલનારા રાષ્ટ્રવ્યાપી સ્મરણોત્સવના ઔપચારિક પ્રારંભનું પ્રતિક છે. જે આ અમર રચના, જેણે ભારતના સ્વતંત્રતા આંદોલનને પ્રેરણા આપી હતી અને આજે પણ રાષ્ટ્રીય ગૌરવ તથા એકતાની ભાવનાને મજબૂત બનાવે છે.

આ ઉત્સવ દરમિયાન "વંદે માતરમ્"ના પૂર્ણ સંસ્કરણનું સામૂહિક ગાન દેશભરના જાહેર સ્થળોએ આયોજિત કરવામાં આવ્યું, જેમાં સમાજના તમામ વર્ગોના નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

વર્ષ 2025 "વંદે માતરમ્"ના 150 વર્ષ પૂર્ણ થવાનું પ્રતિક વર્ષ છે. આપણા



રાષ્ટ્રગીત "વંદે માતરમ્"ની રચના બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયેએ 7 નવેમ્બર 1875ના શુભ અક્ષય નવમીના દિવસે કરી હતી। "વંદે માતરમ્" પ્રથમ વખત તેમના ઉપન્યાસ આનંદમઠના સ્વરૂપમાં સાહિત્યિક સામયિક બંગદર્શનમાં પ્રકાશિત થયું હતું .

અમદાવાદ મંડળમાં આ સ્મરણોત્સવ સમારોહનું મુખ્ય આયોજન મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધકસહિત તમામ વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. સમારંભમાં ઉપસ્થિત સૌએ એક સ્વરમાં "વંદે માતરમ્"નું સામૂહિક ગાન કર્યું, જેના કારણે આખું પરિસર દેશભક્તિ, એકતા અને ગૌરવની ભાવનાથી ગુંજી ઉઠ્યું. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં આયોજિત ઉદ્ઘાટન સમારોહનું લાઈવ ટેલિકાસ્ટ પણ જોવામાં આવ્યું. 'વંદે માતરમ માત્ર એક ગીત નથી, પરંતુ ભારતના આત્મા અને તેના સ્વતંત્રતા સંગ્રામ પાછળની પ્રેરણાનું પ્રતીક છે. આ ગીત આપણા રાષ્ટ્રની એકતા, સમર્પણ અને માતૃભૂમિ પ્રત્યેના પ્રેમની ભાવનાને સશક્ત બનાવે છે.' અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો, ઓફિસો, ડેપો, વર્કશોપ, રેલ્વે હોસ્પિટલ, ટ્રેનિંગ સેન્ટર અને સાબરમતી ડીઝલ શેડ પર 'વંદે માતરમ' ના સમૂહ ગાયનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બધા સ્થળો દેશભક્તિ અને ભારતીય સાંસ્કૃતિક ગૌરવની ભાવનાથી ભરેલા હતા. આ ઉપરાંત, મંડળના મુખ્ય રેલ્વે સ્ટેશનો પર 'વંદે માતરમ' સંબંધિત ખાસ ઓડિયો સંદેશ, જાહેરાતો અને એલ ઈ ડી ડિસ્પ્લે દ્વારા મુસાફરોને રાષ્ટ્રગીતના ઈતિહાસ અને મહત્વ અંગેની માહિતી પૂરી પાડવામાં આવી રહી છે. આ જનજાગૃતિ પહેલ આગામી વર્ષ સુધી ચાલુ રહેશે.

## અસારવા-કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ટ્રેનના ફેરા વિસ્તૃત

**ટ્રેન નંબર 01905 કાનપુર સેન્ટ્રલ-અસારવા વિશેષ, 3 નવેમ્બર 2025 સુધી સૂચિત કરવામાં આવી હતી**

**અમદાવાદ, તા. 07**

રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અસારવા-કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર 01906/01905 અસારવા-કાનપુર સેન્ટ્રલ-અસારવા સાપ્તાહિક વિશેષ (6 ફેરા) ટ્રેન નંબર 01906 અસારવા-કાનપુર સેન્ટ્રલ વિશેષ, જેને 4 નવેમ્બર 2025 સુધી માટે સૂચિત કરવામાં આવી હતી, તેને હવે 25 નવેમ્બર 2025 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. એ જ રીતે, ટ્રેન નંબર 01905 કાનપુર સેન્ટ્રલ-અસારવા વિશેષ, જેને 3 નવેમ્બર 2025 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે 24 નવેમ્બર 2025 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. ટ્રેન નંબર 01906 ની વિસ્તૃત ટ્રિપ્સની બુકિંગ તમામ પી.આર.એસ. કાઉન્ટર તથા આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ છે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને નિહાળી શકે છે

## ઝાલોદ તાલુકાના સાંપોઇ રોડ પર અજાણ્યા વાહનની અડફેટે બાઇક પર સવાર એક જ પરિવારના ત્રણ વ્યક્તિઓના મોત



**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 07**

ઝાલોદ નગરપાલિકા વિસ્તારના દાઢીયા મુકામે રહેતા તેરસીંગ સુકજી સેલોત તેઓના પત્ની શર્મિલા સેલોત અને પુત્ર રાહુલ સેલોત ને લઈ પોતાની બાઈક GJ-20-B-3057 લઈને લીલવાદેવા મુકામે ભજન મંડળીમા ગયેલ હતા. આ ભજન મંડળી મોડી રાત્રી સુધી ચાલેલ હતી અંદાજીત રાત્રીના 3 વાગ્યા પછી તેઓ બાઈક લઈને પરત ઝાલોદ તરફ આવતા હતા ત્યારે સાંપોઈ ગામે અજાણ્યા વાહન ચાલકે આ બાઈકને અડફેટે લીધી હતી. આ અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી નાસી ગયેલ હોવાનું માલુમ પડેલ હતું. અકસ્માતમાં બાઈક પર બેસેલ ત્રણેય વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થયેલ હતી અને જાણવા મળેલ સૂત્રો મુજબ આ બાઈક લઈને આવતા પિતા અને પુત્ર બંનેનું મોત સ્થળ પર થયેલ હતું તેમજ મૃતકના પત્નીને વધુ ગંભીર ઈજાઓ હોવાથી દાહોદ ઝાયડસ મુકામે દાખલ કરવામાં આવેલ હતા અને જાણવા મળેલ સૂત્રો મુજબ ત્યાં આ મહિલાનુ પણ મૃત્યુ થયેલ છે. એક જ પરિવારના ત્રણ વ્યક્તિઓના મોત થતા પરિવારજનોમાં માતમ છવાઈ ગયેલ હતો. પોલીસ દ્વારા આ અંગે કાયદેસરની કાર્યવાહી નોંધી ફરાર વાહન વાહન ચાલકની શોધખોળ આદરી છે તેમજ રોડ પર આવતા સી.સી.ટી.વી ફુટેજ પણ પોલીસ દ્વારા જોવામાં આવી રહેલ છે.

## ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ ખાતે ONGC ના સૌજન્યથી મળેલ આધુનિક સાધનોનું આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાના હસ્તે લોકાર્પણ

**ગાંધીનગર, તા. 07**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદની ગવર્મેન્ટ (CL&SC) સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ, સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયાના હસ્તે પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ (P&O) વિભાગ માટેના આધુનિક સાધનોનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા તથા ONGC ના જનરલ મેનેજર (CSR) શ્રી શિલાદિત્ય સરકાર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી પ્રફુલ પાનશેરિયાએ આ સાધનો માટે આર્થિક સહયોગ બદલ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન(ONGC)ની સામાજિક જવાબદારીને બિરદાવતાં જણાવ્યું કે આ અત્યાધુનિક સાધનોથી સંસ્થાના P&O વિભાગની કામગીરી વધુ સચોટ અને ઝડપી બનશે. જેનો સીધો લાભ અહીં સારવાર લેતા હજારો દર્દીઓને મળશે. તેમણે રાજ્યની આરોગ્ય સેવાઓને મજબૂત કરવા બદલ ONGCને અભિનંદન પાઠવ્યા હતા. આ અવસરે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ પણ આ પહેલની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં ગવર્મેન્ટ (CL&SC) સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ. પીયૂષ મિત્તલે સૌ ઉપસ્થિતોનું સ્વાગત કર્યું હતું અને સંસ્થાની કામગીરી તેમજ નવાં સાધનોની ઉપયોગીતા વિશે વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના તબીબો, અધિકારીઓ અને કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025 : જ્ઞાન, કળા અને સંસ્કૃતિનું નવ-દિવસીય મહાકુંભ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રિન્સિપાલોને આ નવ-દિવસીય જ્ઞાનના મહાકુંભમાં જોડાવા અપીલ

- **સ્લોટ બુક કરાવવાની છેલ્લી તારીખ 11 નવેમ્બર 2025 રહેશે**
- ***સંપર્ક તેમજ બલ્ક બુકિંગ માટેની લિંક https://forms.gle/**

**ગાંધીનગર, તા. 07**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં આગામી 13 થી 21 નવેમ્બર 2025 દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ભવ્ય 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025'નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રિન્સિપાલોને આ નવ-દિવસીય જ્ઞાનના મહાકુંભમાં જોડાવા, સર્જન કરવા, સ્પર્ધા કરવા અને ઉજવણી કરવા માટે ખાસ આહ્વાન કરવામાં આવ્યું છે. આ 9 દિવસમાં 300થી વધુ ઈવેન્ટ્સ અને દરેક યુવા માટે એક મુખ્ય સ્ટેજ તૈયાર છે. આ બુક ફેસ્ટિવલ માત્ર એક પુસ્તક મેળો નથી, પરંતુ ગુજરાતનો સૌથી મોટો ક્લાસરૂમ છે, જ્યાં કોઈ દીવાલો નથી. ધોરણ 1 થી 12 અને કોલેજના વિદ્યાર્થીઓ નિ:શુલ્ક નોંધણી કરાવીને આ ફેસ્ટિવલને તેમની વાર્ષિક શૈક્ષણિક યાત્રા બનાવી શકે છે. આ બુક ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓ માટે ઝોન-વાઈઝ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઝોન 1 - ચિલ્ડ્રન્સ કોર્નર (NCCL પેવેલિયન), જેમાં સવારના સ્લોટ્સ (સવારે 9 થી 12.30) શાળા જૂથો માટે ખાસ તૈયાર કરાયેલા છે, જેમાં સ્ટોરી ટેલિંગ, પપેટ થિયેટર, મંડલા આર્ટ, બેસ્ટ-આઉટ-ઓફ-વેસ્ટ અને ડાન્સ-ડ્રામા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઝોન 2 - જ્ઞાન ગંગા, જેમા રોજિંદા લેખન અને ડિઝાઈન સ્ટુડિયો (સવારે 10 થી સાંજે 5) ગઝલ, કવિતા, ડ્રામા, ફિલ્મ-સ્ક્રિપ્ટ, નિબંધ, બાયોગ્રાફી વર્કશોપ્સ, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ જેમ કે ફેબ્રિક પપેટ, ઝાઈન મેકિંગ, ટેરાકોટા હોર્સ, માતા-ની-પચ્છેડી, ઓઈલ પેઈન્ટિંગ, મેટલ એમ્બોસિંગનો સમાવેશ થાય છે.

### કોલેજના વિદ્યાર્થીઓ માટે ખાસ અવસર

કોલેજના વિદ્યાર્થીઓને જાણીતા આચાર્ય પ્રશાંત, ગુરચરણ દાસ, નિતિન સેઠી, કુલપ્રીત યાદવ જેવા મહાનુભાવોને મળવાનો અવસર મળશે. એઆઈ, ક્રાઈમ જર્નાલિઝમ, ગાંધી-મંડેલા લેગસી પર લાઈવ સેશન યોજાશે. આ ઉપરાંત પ્રકાશકો સાથે સ્થળ પર જ ઈન્ટર્નશિપ અને કન્ટેન્ટ-રાઈટિંગની તકો મળશે.

### આ કાર્યક્રમમાં કેવી રીતે જોડાશો:

૧. તમારી સમગ્ર શાળા/કોલેજ માટે એક જ Google ફોર્મ ભરો.
૨. તમારી અનુકૂળ તારીખ અને ઝોન પસંદ કરો.
૩. કન્ફર્મ થયેલ બસ-પાર્કિંગ સ્લોટ અને શિક્ષક પાસ રિટર્ન મેઈલ દ્વારા મેળવો.
૪. યુનિફોર્મમાં આવેલા વિદ્યાર્થીઓ અને સાથ આપતા શિક્ષકો (1.15ના રેશિયોમાં) માટે પ્રવેશ નિ:શુલ્ક છે. કૃપા કરીને આઈડી કાર્ડ સાથે રાખો.
૫. સ્લોટ બુક કરાવવાની છેલ્લી તારીખ: 11 નવેમ્બર 2025 રહેશે
૬. સંપર્ક માટેની લિંક (બલ્ક બુકિંગ): https://forms.gle/ood9G9eSpoFHxXyU9

**માંગ હશે તો પુરવઠો આપમેળે ઉભો થશે ; સૌને સ્વાસ્થ્યપ્રદ આહાર માટે પ્રાકૃતિક ઉત્પાદનો જ ખરીદવા રાજયપાલશ્રીની અપીલ**

# અમદાવાદ ખાતે આયોજિત 'ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી' માર્ગદર્શન શિબિરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

**રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી આજના સમયની માંગ, જેનો મૂળ આધાર ગૌ માતા: ધારાસભ્ય શ્રી કંચનબેન રાદડિયા**

**ગાંધીનગર, તા. 07**

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદમાં કૃષ્ણનગર ખાતે આયોજિત 'ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી' માર્ગદર્શન શિબિરમાં પ્રાકૃતિક ખેતી, ગૌસંવર્ધન અને આરોગ્ય સંબંધિત ગંભીર મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. રાજયપાલશ્રીએ ધરતીની હાલત, રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવો અને પ્રાકૃતિક ખેતીના ફાયદા જણાવ્યા હતા. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, રાસાયણિક ખાતર-પેસ્ટિસાઈડના અતિઉપયોગથી જમીનનો ઓર્ગેનિક કાર્બન ઘટી ગયો છે. રાસાયણિક ખેતીને કારણે નુકસાન માત્ર જમીન પૂરતું મર્યાદિત નથી. પરંતુ, તે ખોરાકમાં 'ધીમા ઝેર'ની જેમ જઈ રહ્યું છે, જે માનવ સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે. તાજેતરમાં 105 માતાઓના દૂધ પર થયેલા સંશોધન અનુસાર હવે બાળકો માટે માતાનું દૂધ પણ સલામત નથી રહ્યું. દેશી ગાય આધારિત







પ્રાકૃતિક ખેતી માત્ર મનુષ્યના સ્વાસ્થ્ય માટે જ નહીં, પરંતુ પર્યાવરણ માટે પણ હિતકારક છે. ગુજરાતની કૃષિ વિશ્વવિદ્યાલયોએ ત્રણ વર્ષના સંશોધનો દ્વારા સાબિત કર્યું છે કે, પ્રાકૃતિક ખેતીમાં પ્રથમ વર્ષથી જ પેદાવાર સમાન આવે છે અને ત્યારબાદ વધતી જાય છે. રાજયપાલશ્રીએ હરિયાણામાં કુરૂક્ષેત્રના ગુરૂકુલ પ્રાકૃતિક કૃષિ ફાર્મનું દ્રષ્ટાંત આપીને જણાવ્યું કે, કેવી રીતે પ્રાકૃતિક કૃષિથી અળસિયાઓ અને સૂક્ષ્મજીવો ઉત્પાદન વધારવામાં અને વરસાદી પાણીનો જમીનમાં ઉતારીને નેચરલ વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમનું કામ કરે છે. જેના લીધે વધુ વરસાદ પડવાના સમયે પણ પાકને નુકશાન થતું નથી. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનની શરૂઆત થતાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રોત્સાહન મળ્યું છે. ગુજરાત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજી તથા સહાય આપીને પ્રાકૃતિક કૃષિનો મોટાપાયે પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

"સેક્સડ-સૉર્ટેડ સીમેન" ટેક્નોલોજીનો ઉલ્લેખ કરીને રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ખેડૂતો અને પશુપાલકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેક્સડ-સૉર્ટેડ સીમેન નજીવા દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેના વડે દુધાળા પશુઓની પ્રજાતિમાં સુધારો આવશે, દૂધ ઉત્પાદન વધશે અને મોટા પ્રમાણમાં માદા જન્મશે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે રાજ્ય સરકારના પ્રયત્નથી રાજ્યભરમાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતી જણસના વેચાણ માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે આજના સમયની માંગ છે. રાજ્યપાલશ્રીએ સૌને અપીલ કરી કે, માંગ હશે તો પુરવઠો આપમેળે ઉભો થશે" માટે સૌએ સ્વાસ્થ્યપ્રદ આહાર માટે પ્રાકૃતિક ઉત્પાદનો જ લેવા જોઈએ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી કંચનબેન રાદડિયાએ જણાવ્યું હતું કે, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી રાજ્યના બંધારણીય વડાની સાથે-સાથે પ્રાકૃતિક ખેતીના પ્રણેતા છે. તેમણે પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે અથાક પ્રયત્નો કર્યા છે. જેના કારણે આ ક્ષેત્રે વિકાસને વેગ મળ્યો છે. તેમના અમૂલ્ય માર્ગદર્શને ખેડૂતોના જીવનમાં ક્રાંતિનું સર્જન કર્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી આજના સમયની માંગ છે, જેનો મૂળ આધાર ગૌ માતા છે. પ્રાકૃતિક ખેતીથી આત્મનિર્ભર ભારતમાં સહભાગી બની શકાય અને લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરી શકાય છે.

આ કાર્યક્રમમાં અમદાવાદ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, સાંસદશ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્યશ્રી પાયલબહેન કુકરાણી, ધારાસભ્યશ્રી દિનેશભાઈ કુશવાહ, પૂર્વ ગૃહ મંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફીયા તથા સ્થાનિક કોર્પોરેટરો, સભ્યો તથા મોટી સંખ્યમાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાહતા.





## બોર્ડે તપાસ સમિતિ બનાવી

# બાંગ્લાદેશ મહિલા ક્રિકેટ ટીમમાં યૌન ઉત્પીડનનો આરોપ : પૂર્વ સિલેક્ટરે જહાનઆરા આલમને પીરિયડ્સ વિશે સવાલ કર્યો

**મુંબઈ, તા. 07**

બાંગ્લાદેશની મહિલા ક્રિકેટર જહાનઆરા આલમે એક વીડિયોમાં પૂર્વ સિલેક્ટર મંજુરુલ ઈસ્લામ અને અન્ય અધિકારીઓ પર યૌન ઉત્પીડન અને દુર્વ્યવહારના ગંભીર આરોપ લગાવ્યા છે. જહાનઆરાએ કહ્યું કે તેણે આ વિશે બોર્ડના CEO નિઝામુદ્દીન ચૌધરી અને પૂર્વ ડાયરેક્ટર શફિઉલ ઈસ્લામ નાડેલને પણ ફરિયાદ કરી હતી. 2022 વર્લ્ડ કપ દરમિયાન ખરાબ વર્તન આલમે જણાવ્યું કે 2022 વર્લ્ડ કપ દરમિયાન મંજુરુલ ઈસ્લામનું વર્તન વધુ ખરાબ થઈ ગયું. મંજુભાઈ મહિલા ખેલાડીઓ સાથે અતિશય નિકટતા બનાવવાનો પ્રયાસ કરતા હતા અને ખોટા સવાલો પૂછતા હતા. 'એકવાર તેમણે મને મારા પીરિયડ્સ વિશે સવાલ કર્યો અને ખોટી કમેન્ટ કરી હતી.' જહાનઆરાએ યુટ્યુબ ચેનલ 'ધ રિયાસત અઝીમ' પર કહ્યું: 'મેં એક-બે વાર નહીં, પણ ઘણી વાર આવી ખોટી બાબતોનો સામનો કર્યો છે. જ્યારે તમે ટીમ સાથે જોડાયેલા હોવ છો, તો ખુલ્લેઆમ બોલી શકતા નથી, કારણ કે આ તમારી રોજીરોટી સાથે જોડાયેલું હોય છે. જ્યારે તમે કોઈ ક્ષેત્રમાં નામ કમાઈ લો છો, તો ઈચ્છા હોવા છતાં દરેક વાતનો વિરોધ કરી શકતા નથી.' તેણે આગળ કહ્યું, 'ક્રિકેટ મારો પરિવાર છે અને હું બોલીશ, જેથી મારા જેવી બીજી 10 છોકરીઓ સુરક્ષિત રહે. હું ઈચ્છું છું કે આગળ આવનારી છોકરીઓ ક્રિકેટ એક સુરક્ષિત માહોલમાં રમી શકે.' જહાંઆરા આલમે તેની કારકિર્દીમાં કુલ 108 વિકેટ લીધી છે. 2021માં પણ અશ્લીલ પ્રસ્તાવ મૂકાયો માનસિક સ્વાસ્થ્યના કારણોસર ક્રિકેટથી બ્રેક લઈને જહાનઆરા હાલમાં ઓસ્ટ્રેલિયામાં રહે છે. તેણે કહ્યું, '2021માં બોર્ડ કોઓર્ડિનેટર સરફરાઝ બાબુના માધ્યમથી તૌહીદ મહમૂદે મારી સામે અશ્લીલ પ્રસ્તાવ મૂક્યો હતો. ખબર નથી તેમણે મારી સાથે આવું વર્તન કેમ કર્યું. મેં ખૂબ કોશિશ કરી કે હું બધું દબાવી દઉં અને માત્ર ક્રિકેટ પર ધ્યાન આપું, પરંતુ જ્યારે મેં તેમના પ્રસ્તાવને ટાળવાની કોશિશ કરી, તો મંજુરુલ ઈસ્લામે મારી સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કરી દીધું. બીજા જ દિવસથી તેમણે મને નીચું દેખાડવાનું શરૂ કરી દીધું.''તમે તૌહીદ સરનું ધ્યાન રાખો' જહાનઆરાએ વધુમાં કહ્યું, 'તૌહીદ ભાઈએ ક્યારેય સીધા મારી સાથે વાત ન કરી, હંમેશા બાબુ ભાઈના માધ્યમથી કહ્યું. લગભગ દોઢ વર્ષ પછી, મેં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના CEOને એક પત્ર આપ્યો. મેં તેને કમ્પ્લેન્ટ લેટર નહીં, પણ ઓબ્ઝર્વેશન લેટર કહ્યું, જેમાં મેં બધી ઘટનાઓ 'A થી Z' સુધી લખી હતી.' 'આના જવાબમાં બાબુ ભાઈએ મને કહ્યું કે 'તમે તૌહીદ સરનું ધ્યાન રાખો'. મેં કહ્યું, 'તેમનું ધ્યાન રાખવાનો અર્થ શું છે? તે તો મોટા અધિકારી છે, તેમનું ધ્યાન હું કેમ રાખું.' મેં એવો જવાબ આપ્યો, જેથી વાત આગળ ન વધે અને હું સમજી ન શકી તેવું દેખાડું. પરંતુ આ પછી જ મંજુરુલ ભાઈનું વલણ મારા પ્રત્યે વધુ ખરાબ થઈ ગયું.' 2022 વર્લ્ડ કપના સમયે બીજી વાર સંપર્ક કર્યો જહાનઆરાએ જણાવ્યું કે, '2022 વર્લ્ડ કપ દરમિયાન મંજુરુલ ભાઈએ મને બીજો પ્રસ્તાવ આપ્યો. ત્યારે મેં વિચાર્યું કે હવે બોર્ડને આ વિશે જણાવવું જોઈએ. મેં નાડેલ સરને ઘણી વાર જણાવ્યું, પરંતુ તેઓ માત્ર અસ્થાયી સમાધાન આપતા હતા. એક-બે દિવસ માટે મંજુરુલ ભાઈ ઠીક થઈ જતા, પછી ફરી એ જ હાલત.' 'તે આવશે અને ગળે લગાવશે' જહાનઆરાએ આગળ આ વાતનું વર્ણન કર્યું કે 'વર્લ્ડ કપ દરમિયાન અમે ન્યૂઝીલેન્ડમાં હતા, ત્યારે મંજુરુલ પ્રેક્ટિસ દરમિયાન મારી પાસે આવ્યા. તે અવારનવાર છોકરીઓના ખભા પર હાથ મૂકીને વાત કરતા હતા, ગળે લગાડતા હતા, માથું દબાવતા હતા અને ક્યારેક ખૂબ નજીક આવીને કાનમાં વાત કરતા હતા. અમે બધા આનાથી ડરતા હતા અને મજાકમાં કહેતા પણ હતા કે, 'લો, હવે તે આવશે અને ગળે લગાવશે.'' 'પ્રેક્ટિસના સમયે તેમણે મારા ખભા પર હાથ મૂક્યો, મારો હાથ પકડ્યો અને પછી માથાની નજીક આવીને પૂછ્યું- 'તારે પિરિયડ્સ કેટલા દિવસથી ચાલી રહ્યા છે?' તેમણે આ સવાલ એટલે કર્યો, કારણ કે તેમને પહેલાથી માહિતી હતી, કેમ કે ડોક્ટરો પાસે અમારો આખો સાઈકલનો રેકોર્ડ હોય છે.'

'પછી તેમણે કહ્યું, 'પાંચ દિવસ, કોઈનો આટલો લાંબો કેવી રીતે ચાલી શકે છે. જ્યારે પૂરો થઈ જાય, તો જણાવજે, મારે મારી બાજુનું પણ ધ્યાન રાખવાનું છે.' મેં કહ્યું, 'ભાઈયા, સમજી નહીં.' તો તેમણે કહ્યું, 'સમજવાની જરૂર નથી, જ્યારે પૂરો થઈ જાય તો જણાવજે.' તેમની વાતો સાંભળીને હું આશ્ચર્યચકિત થઈ ગઈ. તે સમયે સમજાયું નહીં કે શું કહું.' મંજુરુલ ઈસ્લામે બાંગ્લાદેશ માટે 17 ટેસ્ટ અને 34 વન-ડે રમી છે. બચાવ પક્ષનો દાવો: 'આરોપો સાવ ખોટા છે' પૂર્વ સિલેક્ટર મંજુરુલ ઈસ્લામે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે કહ્યું કે, 'મારા વિરુદ્ધ લગાવેલા આરોપો ખોટા છે. તમે બાકીના ખેલાડીઓને પૂછી શકો છો કે મેં ક્યારેય અયોગ્ય વર્તન કર્યું છે કે નહીં.' સરફરાઝ બાબુએ કહ્યું કે તે એક મૃત વ્યક્તિ (તૌહીદ)નું નામ ઢસડી રહી છે, આ દુર્ભાગ્યપૂર્ણ છે. આરોપો સાબિત કરવા માટે તેમણે પુરાવા આપવા જોઈએ. તપાસ સમિતિ 15 દિવસમાં રિપોર્ટ આપશે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ નિવેદન બહાર પાડીને કહ્યું કે, 'બોર્ડ આ આરોપોને ગંભીરતાથી લઈ રહ્યું છે અને મામલાની તપાસ માટે એક સમિતિની રચના કરી છે. સમિતિ 15 કાર્યદિવસોમાં પોતાનો રિપોર્ટ સોંપશે. BCB તમામ ખેલાડીઓ માટે સુરક્ષિત અને સન્માનજનક માહોલ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.'

# દુબેની 117 મીટરની લાંબી સિક્સથી બોલ જ ખોવાઈ ગયો



**મુંબઈ, તા. 07**

ગોલ્ડ કોસ્ટમાં ચોથી T20Iમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 48 રનથી હરાવ્યું. 168 રનના ટાર્ગેટને ચેઝ કરતા ઓસ્ટ્રેલિયા 18.2 ઓવરમાં 119 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ગુરુવારે, શિવમ દુબેએ 117 મીટર લાંબો છગ્ગો ફટકાર્યો. તેની સિક્સથી બોલ ખોવાઈ ગયો. માર્કસ સ્ટોઈનિસનો બાઉન્સર અભિષેક શર્માના ખભા પર વાગ્યો.

1. પહેલી ઓવરમાં અભિષેકને લાઈફ લાઈન મળી, તેનો કેચ ડ્રોપ થયો ભારતીય ઈનિંગ્સની પહેલી ઓવરમાં અભિષેક શર્માને લાઈફ લાઈન મળી. બેન ડ્વાર્શુઈસના ત્રીજા બોલ પર ઝેવિયર બાર્ટલેટે કેચ છોડી દીધો.

અભિષેક ઑફ સ્ટમ્પની નજીકના ગુડ લેન્થ બોલ પર આગળ વધીને મારવા માગતો હતો. એડ્જ વાગતા બોલ બેકવર્ડ પોઈન્ટ્સ પાસે ઊંચો ગયો. ત્યાં બાર્ટલેટે કેચ ડ્રોપ કર્યો.

2. સ્ટોઈનિસનો બોલ અભિષેકના ખભા પર વાગ્યો છઠ્ઠી ઓવરમાં માર્કસ સ્ટોઈનિસના શોર્ટ લેન્થ બોલ પર અભિષેક શર્માના ખભા પર વાગ્યો. અભિષેક તેને રોકવા માગતો હતો, પરંતુ બોલના બાઉન્સથી થાપ ખાઈ ગયો. જોકે, અભિષેકે તેના પછીના જ બોલ પર મિડ-ઑફ પર ચોગ્ગો ફટકાર્યો.

3. શિવમ દુબેની સિક્સરથી બોલ ખોવાયો 11મી ઓવરમાં, શિવમ દુબેએ એડમ ઝામ્પાના બોલ પર 117 મીટર લાંબો છગ્ગો ફટકાર્યો. તેના છગ્ગાને કારણે બોલ ગુમ થઈ ગયો, જેના કારણે અમ્પાયરોને બીજો બોલ મંગાવવાની ફરજ પડી. ઝામ્પાએ નાખેલા ઑફ સ્ટમ્પની બહારના બોલને ફટકાર્યો, અને તે સાઈડસ્ક્રીન તરફ ઉડી ગયો. ત્યારબાદ થર્ડ અમ્પાયરે બીજો બોલ લઈને આવ્યા.

4. રિવ્યૂ લઈને LBW થતાં બચ્યો ગિલ 14મી ઓવરમાં શુભમન ગિલ રિવ્યૂ લઈને LBW થવાથી બચી ગયો. માર્કસ સ્ટોઈનિસના પહેલા બોલ પર ગિલના પેડ પર બોલ વાગ્યો. ઓસ્ટ્રેલિયાની અપીલ પર ફીલ્ડ અમ્પાયરે તેને આઉટ પણ આપી દીધો. આથી ગિલે રિવ્યૂની માગ કરી. રિપ્લેથી જાણવા મળ્યું કે બોલ બેટને અડ્યો હતો. તેથી ફીલ્ડ અમ્પાયરે પોતાનો નિર્ણય પાછો ખેંચ્યો.

5. ઝામ્પાએ ઓવરમાં બે વિકેટ ઝડપી, તિલક-જીતેશ આઉટ 17મી ઓવરમાં ભારતે બે વિકેટ ગુમાવી. એડમ ઝામ્પાએ ઓવરના પહેલા બોલ પર તિલક વર્માને વિકેટકીપર જોશ ઈંગ્લિસના હાથે કેચ કરાવ્યો. તેના પછી ચોથા બોલ પર જીતેશ શર્માને LBW આઉટ કર્યો.

6. અક્ષરને DRSમાં વિકેટ મળી પાંચમી ઓવરમાં ઑસ્ટ્રેલિયાની પહેલી વિકેટ પડી. અક્ષર પટેલના બોલ પર મેથ્યુ શોર્ટ LBW આઉટ થયો. અક્ષરે ઓવરના પાંચમા બોલ પર સ્વીપ શૉટ રમ્યો, પણ ચૂકી ગયો. અહીં ભારતીય ખેલાડીઓએ અપીલ કરી, પરંતુ અમ્પાયરે આઉટ ન આપ્યો. કેપ્ટન સૂર્યાએ DRSની માગ કરી. રિવ્યૂમાં દેખાયું કે બોલ સ્ટમ્પ્સ પર લાગી રહ્યો હતો. થર્ડ અમ્પાયરે નિર્ણય બદલ્યો અને મેથ્યુ શોર્ટ 25 રન બનાવીને આઉટ થયો.


## મહિને 4 લાખ નહીં, 10 લાખ આપો...: બંગાળ સરકાર-ક્રિકેટરને નોટિસ ફટકારી

# શમીની પત્ની સુપ્રીમ કોર્ટ પહોંચી, કોર્ટે પૂછ્યું- આટલું ભરણપોષણ ઓછું પડે છે?

### હસીન જહાંએ મહિને 10 લાખ રૂપિયાના ભરણપોષણની માગણી કરી હતી, જેમાં 4 લાખ રૂપિયા અપૂરતા ગણાવ્યા હતા

**મુંબઈ, તા. 07**

સુપ્રીમ કોર્ટે ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની પત્ની હસીન જહાંને ઠપકો આપ્યો છે. કોર્ટે હસીન જહાંને પૂછ્યું, 'શું 4 લાખ રૂપિયા પૂરતા નથી?' કોલકાતા હાઈકોર્ટે શમીને તેની પુત્રીને 2.5 લાખ રૂપિયા અને તેની પત્નીને 1.5 લાખ રૂપિયા ભરણપોષણ તરીકે ચૂકવવાનો આદેશ આપ્યો હતો. આ અંગે હસીન જહાંએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. હસીન જહાંએ મહિને 10 લાખ રૂપિયાના ભરણપોષણની માગણી કરી હતી, જેમાં 4 લાખ રૂપિયા અપૂરતા ગણાવ્યા હતા. કોર્ટે પશ્ચિમ બંગાળ સરકાર અને ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને નોટિસ ફટકારી હતી, જેમાં ચાર અઠવાડિયામાં તેમના જવાબો માગ્યા હતા. હાઈકોર્ટે દર મહિને 4 લાખ ચૂકવવાનો આદેશ આપ્યો અગાઉ, જુલાઈમાં, કલકત્તા હાઈકોર્ટે શમીને હસીન જહાં અને પુત્રી આયરાને દર મહિને 4 લાખ ચૂકવવાનો આદેશ આપ્યો હતો. શમીને માસિક ભરણપોષણ તરીકે આ રકમ આપવાનું કહેવામાં આવ્યું હતું. શમીના કેસની સુનાવણી 21 એપ્રિલ, 2025ના રોજ થઈ હતી અને 1 જુલાઈ, 2025ના રોજ ચુકાદો જાહેર કર્યો હતો. આ રકમ છેલ્લા સાત વર્ષથી લાગુ રહેશે. લગ્ન 2014માં થયા હતા શમી અને હસીન જહાંના લગ્ન 2014માં થયા હતા. 2018માં, શમીની પત્નીએ ક્રિકેટર અને તેના પરિવાર પર હિંસાનો આરોપ લગાવ્યો હતો. તેમના લગ્નના લગભગ એક વર્ષ પછી, 17 જુલાઈ, 2015ના રોજ, તેમને એક પુત્રીનો જન્મ થયો. તેમની પુત્રી, આયરાના જન્મ પછી, શમીને ખબર પડી કે હસીન જહાં પહેલાથી જ પરિણીત છે અને તેના પાછલા લગ્નથી બે બાળકો છે. શમીએ પોતાના પરિવારની વિરુદ્ધ જઈને હસીન સાથે લગ્ન કર્યા શમી ઉત્તર પ્રદેશના અમરોહાના સહસપુર અલી નગર ગામનો રહેવાસી છે.



# બધાઈ હો! કેટરીના-વિક્કીના ઘરે ગુંજ્યો પારણિયાનો અવાજ



**મુંબઈ, તા. 07**

બોલિવૂડ એક્ટ્રેસ કેટરીના કૈફ અને એક્ટર વિક્કી કૌશલે દીકરાને જન્મ આપ્યો છે. કેટરીનાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને તેના જન્મની જાહેરાત કરી. કેટરીનાએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'અમારી ખુશીઓની નાની ગિફ્ટ આવી ગઈ છે. અપાર પ્રેમ અને કૃતજ્ઞતા સાથે અમે અમારા પુત્રનું સ્વાગત કરીએ છીએ. 7 નવેમ્બર, 2025 કેટરીના અને વિક્કી' કેટરીના અને વિક્કીનાં લગ્ન ડિસેમ્બર 2021માં રાજસ્થાનમાં થયાં હતાં અને હવે લગભગ ચાર વર્ષ પછી આ ખુશી તેમના ઘરે આવી છે.

કેટરીના કૈફે સપ્ટેમ્બરમાં પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. તેણે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પર, પોતાનો અને પતિ વિક્કી કૌશલનો બેબી બમ્પ પકડી રાખેલો એક બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો પોસ્ટ કર્યો હતો. એની સાથે કેટરીનાએ લખ્યું, 'અમે અમારા જીવનનો શ્રેષ્ઠ અધ્યાય શરૂ કરવા જઈ રહ્યાં છીએ.' કેટરીના અને વિક્કીનાં લગ્ન 2021માં થયાં હતાં કેટરીના અને વિક્કીના લગ્ન 9 ડિસેમ્બર, 2021ના રોજ થયાં હતાં, જેમાં ફક્ત નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા. કેટરીના કૈફ અને વિક્કી કૌશલની લવસ્ટોરી પણ રસપ્રદ રહી છે. બોલિવૂડની ડિવા કેટરીના કૈફ માટે વિક્કી કૌશલના હૃદયમાં કૂણી લાગણીઓ હતી. વિક્કીએ એક એવોર્ડ શો દરમિયાન સ્ટેજ પર કેટરીનાને રમૂજી અંદાજમાં પ્રપોઝ કરી હતી, જોકે બંનેનાં લગ્ન થયાં ત્યાં સુધી તેમણે આ સંબંધને ખાનગી રાખ્યો હતો. કેટરીનાએ એક વખત જણાવ્યું હતું કે એવોર્ડ ફંક્શન બાદ કરણ જોહરે હોસ્ટ કરેલી પાર્ટીમાં મળ્યાં હતાં, જ્યાં તેણે ફિલ્મમેકર ઝોયા અખ્તરને વિક્કી માટેની ફીલિંગ્સ જાહેર કરી હતી. વિક્કી અને કેટરીનાએ 9 ડિસેમ્બર 2021ના રોજ રાજસ્થાનના માધોપુરના ફોર્ટ બરવાડા ખાતે પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં. વર્કફ્રન્ટની વાત કરીએ તો વિક્કી કૌશલ સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'માં રિયલ લાઈફ કપલ આલિયા ભટ્ટ અને રણબીર કપૂર સાથે જોવા મળશે. ઉપરાંત તે 2026માં ક્રિસમસ પર રિલીઝ થનારી 'મહાવતાર' ફિલ્મમાં પણ જોવા મળશે. જ્યારે કેટરીના કૈફ છેલ્લે વિજય સેતુપતી સાથે 2024માં 'મેરી ક્રિસમસ'માં જોવા મળી હતી. વર્કફ્રન્ટની વાત કરીએ તો વિક્કી કૌશલ સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'માં રિયલ લાઈફ કપલ આલિયા ભટ્ટ અને રણબીર કપૂર સાથે જોવા મળશે. ઉપરાંત તે 2026માં ક્રિસમસ પર રિલીઝ થનારી 'મહાવતાર' ફિલ્મમાં પણ જોવા મળશે. જ્યારે કેટરીના કૈફ છેલ્લે વિજય સેતુપતી સાથે 2024માં 'મેરી ક્રિસમસ'માં જોવા મળી હતી.

# 'ધ ફેમિલી મેન 3'માં શિકારી જ શિકાર બનશે

### નિમરત કૌર અને જયદીપ અહલાવતની એન્ટ્રી, મનોજ બાજપેયી સોગઠાંમાં ફસાયો ; વેબસિરીઝનું ટ્રેલર રિલીઝ



**મુંબઈ, તા. 07**

'ધ ફેમિલી મેન 3' વેબસિરીઝનું શુક્રવારે ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. વેબસિરીઝમાં મનોજ બાજપેયી ફરી પોતાના સ્પાય (જાસૂસ) શ્રીકાંત તિવારીના રૂપમાં પરત ફર્યો છે, જેને ભાગેડું ગુનેગાર જાહેર કરવામાં આવ્યો છે. આ સીઝનમાં શ્રીકાંતનો નોર્થ ઈસ્ટના સૌથી મોટા ડ્રગ સ્મગલર (જયદીપ અહલાવત) સામનો થાય છે. ટ્રેલરની શરૂઆતમાં શ્રીકાંત (મનોજ) તેના દીકરાની સામે ખુલાસો કરે છે કે તે જાસૂસ છે. તેનો દીકરો પૂછે છે કે, શું તમારું કોડ નેમ પણ છે, જેમ કે ટાઈગર, પેન્થર, લાયન? ત્યારે શ્રીકાંત જવાબ આપે છે કે, ઈન્ટેલિજન્સમાં કામ કરીએ છીએ દીકરા, સર્કસમાં નહીં. ત્રીજી સીઝનમાં બે પ્રભાવશાળી કલાકારોની એન્ટ્રી, 'ધ ફેમિલી મેન'ની ત્રીજી સીઝનમાં બે પ્રભાવશાળી કલાકારો, નિમરત કૌર (મીરા) અને જયદીપ અહલાવત (રુકમા)ની એન્ટ્રી થઈ છે. નિમરત અને જયદીપ બંને શ્રીકાંત (મનોજ) માટે મુશ્કેલી ઊભી કરે છે. આ સીઝનમાં શ્રીકાંતની સાથે સાથે તેનો પરિવાર પણ મોટી મુશ્કેલીમાં ફસાવાનો છે. મીરા કહે છે કે, 'હું જ તો સર્કસ ચલાવું છું.' જયદીપ અહલાવત નોર્થ ઈસ્ટના સૌથી મોટા ડ્રગ સ્મગલર રુકમાની ભૂમિકા ભજવી રહ્યો છે. 21 નવેમ્બરે સીઝન સ્ટ્રીમ થશે, રાજ અને ડીકેએ લખેલી 'ધ ફેમિલી મેન 3'માં સુમન કુમાર પણ જોડાયા છે. વેબસિરીઝના ડાયલોગ સુમિત અરોરાએ લખ્યા છે. ત્રીજી સીઝનનું ડિરેક્શન રાજ અને ડીકેએ સુમન કુમાર અને તુષાર સેઠ સાથે મળીને કર્યું છે.

# નીલ ભટ્ટ અને ઐશ્વર્યા શર્મા છૂટાછેડા લેશે

### કપલે કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી, તેમના લગ્ન 2021 માં થયા હતા

**મુંબઈ, તા. 07**





ટીવી એક્ટર નીલ ભટ્ટ અને એક્ટ્રેસ ઐશ્વર્યા શર્મા છેલ્લા કેટલાક સમયથી તેમના છૂટાછેડાની અફવાઓને કારણે હેડલાઈન્સમાં છે. પરંતુ બંને પક્ષો દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી, મીડિયા અહેવાલો સૂચવે છે કે આ કપલ ટૂંક સમયમાં અલગ થઈ શકે છે. નીલ અને ઐશ્વર્યા ઘણા સમયથી અલગ રહી રહ્યા છે. તેમણે હવે સત્તાવાર રીતે છૂટાછેડા માટે અરજી કરી છે અને છૂટાછેડાની કાર્યવાહી ટૂંક સમયમાં શરૂ થશે. અમને ખબર નથી કે બંને વચ્ચે સમસ્યાઓ કેવી રીતે શરૂ થઈ, પરંતુ પુષ્ટિ થઈ છે કે તેઓ હવે છૂટાછેડા લઈ રહ્યા છે. છૂટાછેડાની અફવાઓ ઘણા સમયથી ફેલાઈ રહી છે. નીલ ભટ્ટ અને ઐશ્વર્યા શર્માના છૂટાછેડા અંગે ઘણા સમયથી અટકળો ચાલી રહી છે. ચાહકોએ એ પણ જોયું છે કે નીલ અને ઐશ્વર્યાએ લાંબા સમયથી સોશિયલ મીડિયા પર એકબીજાના કોઈ ફોટા કે વીડિયો શેર કર્યા નથી. આ પછી તેમના છૂટાછેડાની અફવાઓ સામે આવવા લાગી. દરમિયાન, ઐશ્વર્યા શર્મા વારંવાર ઈન્સ્ટાગ્રામ પર ગુપ્ત પોસ્ટ્સ શેર કરે છે, જે આ અફવાઓને વધુ વેગ આપે છે. તાજેતરમાં, તેણે એક વાર્તા પોસ્ટ કરી જેમાં તેણીએ લખ્યું, 'હું અત્યાર સુધી ચૂપ રહી કારણ કે હું શાંતિ ઈચ્છતી હતી, એટલા માટે નહીં કે હું નબળી છું. પરંતુ કેટલાક લોકો મારા નામે ખોટી માહિતી ફેલાવી રહ્યા છે, જે મેં ક્યારેય કહી નથી. તેઓ એવી વાર્તાઓ બનાવી રહ્યા છે જેની સાથે મારો કોઈ લેવાદેવા નથી. મારા નામનો ઉપયોગ કોઈ સત્ય વિના વ્યક્તિગત લાભ માટે થઈ રહ્યો છે તે જોઈને ખૂબ જ દુઃખ થાય છે.' મને સ્પષ્ટ કરવા દો કે, મેં કોઈ ઈન્ટરવ્યૂ, નિવેદન કે રેકોર્ડિંગ આપ્યું નથી. જો તમારી પાસે કોઈ વાસ્તવિક પુરાવા હોય - મારા આ શબ્દો કહેતા કોઈ સંદેશ, ઑડિઓ કે વીડિયો - તો તે બતાવો. જો નહીં, તો કૃપા કરીને મારા નામે જૂઠાણા ફેલાવવાનું બંધ કરો. મારું જીવન તમારી ઈચ્છા નથી.

# સોનું 21 દિવસમાં ₹10,643 ઘટીને ₹1.20 લાખ થયું

## ચાંદીનો ભાવ ₹30,090 ઘટ્યો, ચાંદી ₹1.48 લાખમાં વેચાઈ રહી છે

**નવી દિલ્હી, તા.07**

સોનાનો ભાવ 21 દિવસમાં 10,643 ઘટીને આજે 1,20,231 પ્રતિ 10 ગ્રામ થયો છે. 17 ઓક્ટોબરના રોજ સોનું 1,30,874 ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. અમદાવાદમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,22,070 છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 7 નવેમ્બરના રોજ સોનાના ભાવમાં 439 રૂપિયાનો ઘટાડો થયો હતો. ગુરુવારે તેની કિંમત 1,20,670 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.

આ દરમિયાન, ચાંદીનો ભાવ 24 દિવસમાં 30,090 ઘટીને 1,48,010 પ્રતિ કિલો થયો છે. 14 ઓક્ટોબરના રોજ તે 1,78,100 ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી. આજે, ચાંદીનો ભાવ 232 ઘટ્યો છે. ગઈકાલે, તે 1,48,242 પ્રતિ કિલો હતો.

IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી. તેથી વિવિધ શહેરોમાં અલગ અલગ ભાવ હોય છે. આ ભાવનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ



બોન્ડના દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

ભારતમાં મોસમી ખરીદી પુર્ણ થઈ: દિવાળી જેવા તહેવારો પછી ભારતમાં સોના અને ચાંદીની ખરીદી ધીમી પડી ગઈ છે. જેના કારણે સોના અને ચાંદીની માંગમાં ઘટાડો થયો છે.

વૈશ્વિક તણાવમાં ઘટાડો: સોના અને ચાંદીને 'સેફ હેવન' માનવામાં આવે છે, એટલે કે લોકો મુશ્કેલ સમયમાં તેમને ખરીદે છે. વૈશ્વિક તણાવમાં ઘટાડો થવાથી તેમના ભાવમાં ઘટાડો થયો છે.

પ્રોફિટ ટેકિંગ અને ઓવરબોટ સિગ્નલ: રોકાણકારો તેજી પછી પ્રોફિટ બુક કરી રહ્યા છે. રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (RSI) જેવા ટેકનિકલ ઈન્ડિકેટર્સ દર્શાવે છે કે કિંમતો ઓવરબોટ ઝોનમાં પહોંચી ગઈ છે. તેથી, ટ્રેન્ડ ફોલોઅર્સ અને ડીલરો વેચાણ શરૂ કરી દીધું છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 44,069નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,20,231 થયો છે.

આ દરમિયાન ચાંદીના ભાવમાં પણ 61,993નો વધારો થયો છે. એક કિલોગ્રામ ચાંદીનો ભાવ, જે 31 ડિસેમ્બર, 2024ના રોજ 86,017 હતો, તે હવે વધીને 1,48,010 પ્રતિ કિલોગ્રામ થયો છે. હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે.

ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતા નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.

ટ્રાન્સપોર્ટેશન ખર્ચ: સોનું એક ફિઝિકલ વસ્તુ છે, તેથી તેનું પરિવહન મોંઘુ છે. મોટાભાગની આયાત હવાઈ માર્ગે થાય છે. ત્યારબાદ સોનાને આંતરિક ભાગમાં પહોંચાડવું પડે છે. ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં ફ્યુઅલ, સુરક્ષા, વાહનો, સ્ટાફ અને અન્ય ખર્ચનો સમાવેશ થાય છે.

સોનાની ખરીદીનું પ્રમાણ: શહેર અને રાજ્ય પ્રમાણે સોનાની માંગ બદલાય છે. ભારતના કુલ સોનાના વપરાશમાં દક્ષિણ ભારતનો હિસ્સો આશરે 40% છે. અહીં, વેચાણકર્તાઓ જથ્થાબંધ સોનું ખરીદે છે, જેનાથી કિંમતો ઓછી થાય છે. જોકે, ટાયર-2 શહેરોમાં કિંમતો વધુ હોય છે.

સ્થાનિક જ્વેલરી એસોસિએશન: ઉદાહરણ તરીકે, તમિલનાડુમાં, સોનાનો દર જ્વેલર્સ અને ડાયમંડ ટ્રેડર્સ એસોસિએશન દ્વારા નક્કી કરવામાં આવે છે. તેવી જ રીતે, દેશભરમાં ઘણા અન્ય સંગઠનો છે જે ભાવ નક્કી કરે છે.

4. સોનાની ખરીદ કિંમત: વિવિધ શહેરોમાં સોનાના ભાવને અસર કરતું આ સૌથી મોટું પરિબળ છે. જે ઝવેરીઓએ પોતાનો સ્ટોક ઓછી કિંમતે ખરીદ્યો છે તેઓ ઓછા દર વસૂલ કરી શકે છે.

# 600 પોઈન્ટ ઘટ્યા બાદ બજાર સુધર્યું : સેન્સેક્સ 95 પોઈન્ટ ઘટીને 83,216 પર બંધ

## IT-મીડિયા શેર ગગડ્યા, મેટલ અને બેન્કિંગ શેરોમાં ખરીદી રહી

**મુંબઈ, તા.07**

7 નવેમ્બર, અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 95 પોઈન્ટ ઘટીને 83,216 પર બંધ થયો. નિફ્ટી પણ 17 પોઈન્ટ ઘટીને 25,492 પર બંધ થયો. આજે બજાર 600 પોઈન્ટ સુધી ઘટી ગયું.

સેન્સેક્સના 30માંથી 16 શેર ઘટાડા સાથે બંધ થયા. એરટેલના શેર 4.4% ઘટ્યા. ટેક મહિન્દ્રા, ટ્રેન્ટ અને રિલાયન્સ પણ નીચા સ્તરે બંધ થયા. બજાજ ફાઈનાન્સ, ટાટા સ્ટીલ અને બજાજ ફિનસર્વ 2%થી વધુ વધીને બંધ થયા.

નિફ્ટીના 50માંથી 30 શેર વધ્યા. મેટલ, બેંકિંગ અને નાણાકીય સેવાઓના શેર 2%થી વધુ વધ્યા. FMCG, IT, મીડિયા અને ફાર્મા નીચા સ્તરે બંધ થયા.

એશિયન બજારોમાં જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 1.19% ઘટીને 50,276 પર અને કોરિયાનો કોસ્પી 1.81% ઘટીને 3,954 પર બંધ થયો.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.92% ઘટીને 26,242 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.25% ઘટીને 3,998 પર બંધ થયો.

6 નવેમ્બરના રોજ અમેરિકાનો




ડાઉ જોન્સ 0.84% ઘટીને 46,912 પર બંધ થયો. દરમિયાન, નાસ્ડેક કમ્પોઝિટ 1.90% અને S&P 500 1.12% ઘટીને બંધ થયો.

6 નવેમ્બરના રોજ, FII એ 3,605 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા, જ્યારે DIIએ 4,814કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

ઓક્ટોબર મહિનામાં, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ 14,610 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

સપ્ટેમ્બરમાં વિદેશી રોકાણકારોએ 35,301.36 કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ દરમિયાન 65,343.59 કરોડની નેટ ખરીદી કરી હતી.

6 નવેમ્બરના રોજ શેરબજારમાં ઘટાડો થયો. સેન્સેક્સ 148 પોઈન્ટ ઘટીને 83,311 પર બંધ થયો. નિફ્ટી પણ 88 પોઈન્ટ ઘટીને 25,509 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 12મા તેજી અને 18 ઘટ્યા. મેટલ અને મીડિયા શેરોમાં ઘટાડો જોવા મળ્યો, જ્યારે ઓટો અને આઈટી શેરોમાં ખરીદી જોવા મળી.

# ક્રેડિટ કાર્ડ લિમિટ વધારવાના નામે ફ્રોડ : બેંક અધિકારીઓ તરીકે ઓળખ બનાવીને ફોન કરે છે


**નવી દિલ્હી, તા.06**

એક નવી છેતરપિંડી ઝડપથી ફેલાઈ રહી છે, જે બેંક ખાતા અથવા કાર્ડ લિમિટમાં વધારો હોવાનું ડોળ કરે છે. છેતરપિંડી કરનારાઓ હવે બેંક અધિકારીઓ હોવાનો ઢોંગ કરીને લોકોને ફોન અથવા મેસેજ કરે છે અને કહે છે, 'તમારી ક્રેડિટ લિમિટ વધારવામાં આવી રહી છે. કૃપા કરીને તમારો OTP શેર કરો.'

તમે OTP આપો છો કે તરત જ, તેઓ તમારા કાર્ડ અથવા બેંક ખાતાને નવા ડિવાઈઝ સાથે લિંક કરે છે અને પૈસા ઉપાડી લે છે. તો, અમે તમને જણાવી રહ્યા છીએ કે આ પ્રકારની છેતરપિંડીથી કેવી રીતે બચવું. સ્કેમર પાસે તમારું નામ અને તમારા કાર્ડના છેલ્લા ચાર અંક પહેલેથી જ છે. તે દાવો કરે છે કે તમારી લિમિટ વધારવા માટે 'સિસ્ટમ વેરિફિકેશન' જરૂરી છે.

તે ક્ષણે એક OTP આવે છે, જે વાસ્તવમાં નવા ડિવાઈઝ અથવા વોલેટને લિંક કરવા માટે હોય છે. એકવાર તમે OTP આપો છો, પછી તમારું કાર્ડ સ્કેમરના ફોન અથવા એપ્લિકેશન સાથે લિંક થઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં સ્કેમર્સ સ્ક્રીન-શેરિંગ એપ્લિકેશનો પણ ઈન્સ્ટોલ કરે છે.

છેતરપિંડીના કોલ્સ કેવી રીતે ઓળખવા, જો તમે પોતે લિમિટ અપગ્રેડ માટે અરજી કરી નથી, તો ખાતરી કરો કે આવો કોલ છેતરપિંડીભર્યો છે. જો તમને કોઈ અજાણ્યા નંબર પરથી કોલ આવે



અને OTP માંગવામાં આવે, તો તેને ડિસ્કનેક્ટ કરો. બેંક ક્યારેય PIN, CVV અથવા OTP માંગતી નથી. 'મને હમણાં કહો નહીંતર ઓફર સમાપ્ત થઈ જશે' કહીને ફોન કરતા સ્કેમર્સથી સાવધ રહો. ખાનગી નંબરો અથવા અજાણી લિંક્સ પરથી આવતા SMS સંદેશાઓ પર ક્લિક કરશો નહીં. જો સંદેશમાં 'OTP શેર કરશો નહીં' લખેલું હોય અને કૉલર તે માટે પૂછતો હોય, તો તે 100% છેતરપિંડી છે.

આ ટિપ્સનો ઉપયોગ કરીને છેતરપિંડીથી બચો, દરેક ટ્રાન્ઝેક્શન માટે SMS/ઈમેલ એલર્ટ ચાલુ રાખો. ઓછી ટ્રાન્ઝેક્શન મર્યાદા નક્કી કરો અને જો જરૂર ન હોય તો આંતરરાષ્ટ્રીય અને ઓનલાઈન વિકલ્પો બંધ રાખો.

કાર્ડનો ફોટો કે OTP સ્ક્રીનશોટ ક્યારેય ગેલેરી કે ચેટમાં સેવ કરશો નહીં.

જ્યારે તમે તમારો ફોન કે સિમ બદલો છો, ત્યારે તમારા જૂના ડિવાઈસમાંથી બેંક એક્સેસ દૂર કરવાનું ભૂલશો નહીં.

જ્યારે કાર્ડ ઉપયોગમાં ન હોય ત્યારે લોક કાર્ડ સુવિધાનો ઉપયોગ કરો.

જો તમે ભૂલથી તમારો OTP શેર કરો તો શું કરવું?

બેંક એપ ખોલીને તાત્કાલિક કાર્ડ બ્લોક કરો.

બધી બેંકિંગ એપ્સ અને ઈમેઈલ્સ માટે પાસવર્ડ બદલો.

કસ્ટમર કેરને કૉલ કરો અને આંતરરાષ્ટ્રીય કે ઓનલાઈન વ્યવહારો બંધ કરો.

ફરિયાદ નોંધાવો અને 1930 હેલ્પલાઈન અથવા cybercrime.gov.in પર તેની જાણ કરો.

ફરિયાદનો ટિકિટ નંબર નોંધી રાખો, વહેલા રિપોર્ટ કરવાથી નાણા પરત મળવાની શક્યતા વધી જાય છે.

# HCL ફાઉન્ડર નાદર ફરી ભારતના સૌથી મોટા દાનવીર બન્યા: દરરોજ ₹7.4 કરોડનું દાન કર્યું

## અંબાણી બીજા નંબર પર, મહિલાઓમાં રોહિણી નિલેકણી ટોપ પર

**નવી દિલ્હી, તા.06**

ગયા વર્ષે ભારતના 191 ધનિક વ્યક્તિઓએ 10,380 કરોડ (આશરે 1.2 અબજ ડોલર)નું દાન આપ્યું હતું. એડલગિવ-હુરુન ઈન્ડિયા ફિલાન્થ્રોપી ઈન્ડેક્સ 2025 મુજબ, એચસીએલ ટેકના સ્થાપક શિવ નાદર ફરી એકવાર દેશના સૌથી મોટા દાનવીર તરીકે ઉભરી આવ્યા છે. તેમણે ગયા વર્ષે દરરોજ સરેરાશ 7.4 કરોડ (આશરે 1.2 અબજ ડોલર)નું દાન આપ્યું હતું, જેનાથી કુલ દાન 2,708 કરોડ (આશરે 2.7 અબજ ડોલર) થયું હતું.

રિલાયન્સના મુકેશ અંબાણી બીજા ક્રમે આવ્યા અને બજાજ ગ્રુપ ત્રીજા ક્રમે આવ્યું. અદાણી પાંચમા ક્રમે આવ્યા. ટોચના દાતાની યાદીમાં ચોવીસ મહિલાઓએ સ્થાન મેળવ્યું, જેમાં ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણીના પત્ની રોહિણી નિલેકણી 204 કરોડના દાન સાથે યાદીમાં ટોચ પર છે.

બાયોકોનના સ્થાપક કિરણ મઝુમદાર શો બીજા ક્રમે રહ્યા, તેમણે 83 કરોડનું દાન આપ્યું. ઝેરોધાના નિખિલ કામથ (ઉં.વ.39) અને નીતિન કામથ




(ઉં.વ.46)એ 147 કરોડનું દાન આપીને સૌથી નાના દાનવીરોની યાદીમાં ટોચ પર રહ્યા. બિન્ની બંસલ (ઉં.વ.42) બીજા ક્રમે રહ્યા, તેમણે 18 કરોડનું દાન આપ્યું.

નાદર અને તેમનો પરિવાર વ્યક્તિગત દાનની યાદીમાં પણ ટોચ પર રહ્યા, તેમણે 2,537 કરોડ (25.37 અબજ રૂપિયા)નું દાન આપ્યું. ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણી અને તેમની પત્ની રોહિણી બીજા અને ત્રીજા ક્રમે રહ્યા, જેમણે 3.56 અબજ (35.6 અબજ રૂપિયા) અને 1.99 અબજ (19.9 અબજ રૂપિયા)નું દાન આપ્યું.

ઈન્ફોસિસના સહ-સ્થાપકો અને તેમના પરિવારોએ એક નવો રેકોર્ડ બનાવ્યો. નંદન નિલેકણી, ક્રિસ ગોપાલકૃષ્ણન, કે. દિનેશ, રોહિણી નિલેકણી અને કુમારી શિબુલાલે આ વર્ષે મળીને 850 કરોડથી વધુનું દાન આપ્યું. આ કોઈ એક કંપની દ્વારા સૌથી મોટું પરોપકારી યોગદાન છે.

ઘણા અગ્રણી વ્યાવસાયિક મેનેજરોએ તેમની અંગત સંપત્તિમાંથી દાન આપ્યું, જેમાં L&T ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન એએમ નાઈક (54 કરોડ રૂપિયા), અમિત ચંદ્રા અને અર્ચના ચંદ્રા (47 કરોડ રૂપિયા), અને સાહસ મૂડીવાદીઓ પ્રશાંત પ્રકાશ અને અમિતા પ્રશાંત (17 કરોડ રૂપિયા)નો સમાવેશ થાય છે.

મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) હેઠળ સૌથી વધુ 1,309 કરોડનું દાન આપ્યું. આ ફરજિયાત ખર્ચ કરતાં 261 કરોડ વધુ છે. રૂંગટા સન્સે CSRમાં 181 કરોડનું યોગદાન આપ્યું, જે ફરજિયાત ખર્ચ કરતાં 114 કરોડ વધુ હતું. જિંદાલ સ્ટીલ એન્ડ પાવરે CSR પર 267 કરોડ ખર્ચ્યા, જે તેના ફરજિયાત ખર્ચ કરતાં 100 કરોડ વધુ છે.

HCLના સ્થાપક શિવ નાદર ગયા વર્ષે દેશના સૌથી મોટા દાનવીર પણ હતા. શિવ અને તેમના પરિવારે 2023-24 નાણાકીય વર્ષમાં 2,153 કરોડનું દાન આપ્યું હતું, જે દરરોજ 5.90 કરોડ જેટલું હતું. આ માહિતી એડલગિવ હુરુન ઈન્ડિયા ફિલાન્થ્રોપી લિસ્ટ 2024માં પણ આપવામાં આવી હતી.

આ યાદી મુજબ, ટોચના 10 દાનવીરોએ કુલ 4,625 કરોડનું દાન આપ્યું હતું, જે યાદીમાં કુલ દાનના આશરે 53% છે. કૃષ્ણા ચિવુકુલા અને સુષ્મિતા અને સુબ્રતો બાગચી અનુક્રમે 7મા અને 9મા ક્રમે છે. ટોચના 10 દાનવીરોમાંથી છ દાનવીરોએ તેમની CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) પહેલ હેઠળ શિક્ષણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

79 વર્ષીય શિવ નાદર, એચસીએલ ટેક્નોલોજીસ લિમિટેડ અને શિવ નાદર ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરમેન એમેરિટસ છે. તેઓ વિશ્વના પરમા સૌથી ધનિક વ્યક્તિ છે. ફોર્બ્સની રીઅલ-ટાઈમ બિલિયોનેર્સ લિસ્ટ અનુસાર, તેમની કુલ સંપત્તિ $34.4 બિલિયન (2.99 લાખ કરોડ) છે.

HCL ટેકના સ્થાપક શિવ નાદર છે. તેમણે 1976માં HCLની સ્થાપના કરી હતી. તેના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) અને મેનેજિંગ ડિરેક્ટર સી. વિજયકુમાર છે. કંપની ડિજિટલ, એન્જિનિયરિંગ, ક્લાઉડ અને સોફ્ટવેરમાં નિષ્ણાત છે. HCL 227,481થી વધુ લોકોને રોજગારી આપે છે.

# મસ્ક વિશ્વના પ્રથમ ટ્રિલિયનેર બની શકે છે : 1 ટ્રિલિયન ડોલરના પેકેજને મંજૂરી મળ્યા બાદ ડાન્સ કર્યો, ટાર્ગેટ પૂર્ણ કર્યા પછી જ મળશે

**વોશિંગ્ટન, તા.06**

ટેસ્લાના શેરધારકોએ સીઈઓ ઈલોન મસ્ક માટે અત્યારસુધીના સૌથી મોટા વેતન પેકેજને મંજૂરી આપી છે, જેનું પેકેજ લગભગ 1 ટ્રિલિયન ડોલર (આશરે 83 લાખ કરોડ) છે.

આ નિર્ણય સાથે મસ્ક વિશ્વના પ્રથમ ટ્રિલિયનેર બનવાની રેસમાં જોડાયા છે, જોકે આ પેકેજ મેળવવા માટે મસ્કે કંપનીના ટાર્ગેટ પણ પૂરા કરવા પડશે, જેને મહત્તમ 10 વર્ષનો સમય આપવામાં આવ્યો છે.

ગુરુવારે કંપનીની વાર્ષિક બેઠકમાં 75%થી વધુ શેરધારકોએ પેકેજની તરફેણમાં મતદાન કર્યું. ત્યાર બાદ મસ્ક સ્ટેજ પર આવ્યા, ડાન્સ કર્યો અને કહ્યું...

કંપનીએ મસ્ક માટે 12 ટાર્ગેટ નક્કી કર્યા છે. એમાંથી ચાર મુખ્ય છે: ટેસ્લાની માર્કેટ વેલ્યુ 2 ટ્રિલિયન ડોલર (177 લાખ કરોડ) સુધી વધારવી, આગામી 10 વર્ષમાં 20 મિલિયન (2 કરોડ) કાર પહોંચાડવી, કંપનીના કાર્યકારી નફામાં ત્રણ ગણો વધારો કરવો અને 10 લાખ રોબોટિક ટેક્સીઓ બનાવવી.

જો મસ્ક આ ટાર્ગેટ પૂરા કરે છે, તો તે વિશ્વના પ્રથમ ટ્રિલિયનેર બની શકે છે, જોકે આમાં 10 વર્ષ જેટલો સમય લાગી શકે છે. જો મસ્ક ટેસ્લાના બધા ટાર્ગેટ પૂરા કરી શકે નહીં તોપણ તેમને નોંધપાત્ર પુરસ્કારો મળી શકે છે.

દરેક ટાર્ગેટ સાથે તેમનો પગાર વધતો જશે. કંપનીના એક સૂત્રના જણાવ્યા અનુસાર, જો તેઓ કંપનીની માર્કેટ વેલ્યુમાં 80% વધારો કરે છે, ગાડીનોનું વેચાણ બમણું કરે છે, નફો ત્રણ ગણો કરે છે અથવા આમાંથી કોઈપણ બે લક્ષ્યો પૂરા કરે છે, તો તેમને ટેસ્લાના 50 અબજ ડોલર (આશરે 4 લાખ કરોડ) મૂલ્યના શેર મળશે.

ઓક્ટોબરની શરૂઆતમાં મસ્ક 500 બિલિયન ડોલરના આંકડે પહોંચનારી વિશ્વની પ્રથમ વ્યક્તિ બન્યા હતા. ફોર્બ્સની રિયલ-ટાઈમ બિલિયોનેર્સ લિસ્ટ અનુસાર, 1 ઓક્ટોબરના રોજ જ્યારે યુએસ માર્કેટ બંધ થયું ત્યારે ઈલોન મસ્કની કુલ સંપત્તિ 500 બિલિયન ડોલર (44.33 લાખ કરોડ) સુધી પહોંચી ગઈ. છેલ્લાં 10 વર્ષમાં મસ્કની સંપત્તિમાં 34 ગણો વધારો થયો છે.

મસ્ક દ્વારા પેકેજની જાહેરાત બાદ ટેસ્લાના શેરમાં 1.8%નો વધારો થયો છે. આ વર્ષે અત્યારસુધીમાં કંપનીના શેરમાં 14%નો વધારો થયો છે. ટેસ્લાનું માર્કેટ કેપ આશરે 1.4 ટ્રિલિયન ડોલર (રૂ. 120 લાખ કરોડ) છે. તેના શેરની કિંમત 5445.91 ડોલર છે. ટેસ્લાના શેરમાં 78% રિટર્ન મળ્યું છે



અને છેલ્લા 6 મહિનામાં કંપનીના શેરમાં 62%નો વધારો થયો છે.

ઈલોન મસ્ક વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ છે. તેઓ લોકપ્રિય ઈલેક્ટ્રિક વ્હીકલ મેકર ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ છે. મસ્કે 10 વર્ષની ઉંમરે કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ શીખ્યા અને 12 વર્ષની ઉંમરે 'બ્લાસ્ટર' નામની વીડિયો ગેમ બનાવી હતી. એક સ્થાનિક મેગેઝિને તેમની પાસેથી એ US 500 ડોલરમાં ખરીદી હતી. આ મસ્કની પ્રથમ વ્યાવસાયિક સિદ્ધિ ગણી શકાય.

1995માં તેમણે વેબ સોફ્ટવેર કંપની Zip2 બનાવી. કોમ્પેકએ 1999માં કંપનીને 307 મિલિયન ડોલરમાં ખરીદી લીધી હતી. મસ્કને કંપનીમાં 7% હિસ્સાના બદલામાં 22 મિલિયન ડોલર મળ્યા. આનાથી ઈલોન મસ્કનો બિઝનેસની ખરેખરમાં શરૂઆત થઈ.

મસ્કે 1999માં પેપાલની સ્થાપના કરી હતી. ઈબેએ 2002માં એને 1.5 અબજ ડોલરમાં ખરીદી હતી. આ ડીલથી મસ્ક 180 મિલિયન ડોલર કમાયા હતા. થોડા સમય પછી મસ્કે સ્પેસએક્સની સ્થાપના કરી. આ કંપની દ્વારા મસ્ક મંગળ પર એક કોલોની વસાવવાનો અને હ્યુમેનિટીને મલ્ટી પ્લેનેટ સ્પીશીઝ બનાવવા માગે છે.

ટેસ્લા: ટેસ્લાની સ્થાપના 2003માં માર્ટિન એબરહાર્ડ અને માર્ક ટાર્પેનિંગ દ્વારા કરવામાં આવી હતી. ઈલોન મસ્ક કંપનીના શરૂઆતના રોકાણકારોમાંના એક હતા અને ફેબ્રુઆરી 2004માં ટેસ્લામાં નોંધપાત્ર રોકાણ કર્યું હતું. ત્યાર બાદ મસ્ક ટેસ્લાના ચેરમેન અને પછી સીઈઓ બન્યા. ટેસ્લાનું મિશન ઈલેક્ટ્રિક વાહનોને જાહેર જનતા માટે સુલભ બનાવવાનું અને ટકાઉ ઊર્જાને પ્રોત્સાહન આપવાનું હતું.

સ્પેસએક્સ: સ્પેસએક્સની સ્થાપના માર્ચ 2002માં ઈલોન મસ્ક દ્વારા કરવામાં આવી હતી. તેમનું સપનું સ્પેસ લોન્ચનો ખર્ચ ઘટાડવાનું અને મંગળ પર માનવ કોલોની બનાવવાનું હતું. સ્પેસએક્સે 2008માં તેનું પહેલું સફળ રોકેટ (ફાલ્કન 1) લોન્ચ કર્યું, અને એની ડ્રેગન કેપ્સ્યુલ 2012માં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સાથે જોડાઈ.

ન્યુરાલિંક: ન્યુરાલિંકની સ્થાપના ઈલોન મસ્ક દ્વારા 2016માં કરવામાં આવી હતી. આ કંપનીનો ઉદ્દેશ માનવ મગજ અને કોમ્પ્યુટરને જોડતી બ્રેન મશીન ઈન્ટરફેસ ટેક્નોલોજી વિકસાવવાનો છે. ન્યુરાલિંકનો ઉદ્દેશ ન્યુરોલોજિકલ રોગોની સારવાર કરવાનો છે અને ભવિષ્યમાં માનવોને આર્ટિફિશિયલ આન્ટેસિજેન્સ સાથે વધુ સારી રીતે જોડવાનો છે.

# દારૂબંધીને લઈ ભાજપ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનો હુંકાર

## અસામાજિક તત્વો હેરાન કરતા હોય કે દારૂના અડ્ડા ચાલતા હોય તો મને કહેજો, હું જાતે સાથે આવીશ



**અમદાવાદ, તા.07**

ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ તરીકે રાજ્યમાં ચાલી રહેલા દારૂના અડ્ડાઓ પર જનાતા રેડ કરનાર અલ્પેશ ઠાકરો છેલ્લા ઘણા સમયથી દારૂબંધી સામે અવાજ ઉઠાવવા મામલે નિષ્ક્રિય બન્યા હતો. જોકે, ફરી એકવાર ભાજપના ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય તરીકે અલ્પેશ ઠાકોરે શહેરના ચાંદખેડા વિસ્તારમાં ભાજપના નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમમાં દારૂબંધીને લઈને હુંકાર કર્યો છે. દારૂના અડ્ડાઓ મામલે જાહેર સ્ટેજ પરથી કહ્યું હતું કે, જો ક્યાંય પણ દારૂના અડ્ડા ચાલતા હોય તો મને કહેજો હું જાતે દારૂના અડ્ડા ઉપર આવીશ. અમદાવાદના ચાંદખેડા વોર્ડમાં ભાજપનો નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે સ્ટેજ પરથી હુંકાર કર્યો હતો કે, જો વિસ્તારમાં કોઈપણ ગરીબ કે સામાન્ય વ્યક્તિને અસામાજિક તત્વો હેરાન કરતા હોય, રંજાડતા અથવા હપ્તાખોરી કરતા હોય તો મને કહેજો હું પાછો નહીં પડું. ક્યાંય પણ જો દારૂના અડ્ડા ચાલતા હોય તો મને કહેજો હું જાતે આવીશ. મારું નામ ક્યાંય પણ ચાલતું હોય તો હું આવીશ. મને ખબર જ ન હોય તો હું કેવી રીતે કાર્યવાહી કરું. જેથી મને જાણ કરજો હું જાતે તમારી સાથે આવીશ.

વધુમાં તેમણે કહ્યું હતું કે, એક કાર્યકર્તાએ મને કહ્યું તો હું જાતે ગાડી ચલાવીને ગયો હતો. જેથી મને કહેજો હું જાતે એકલો આવીશ. તમારા ઘરની બાજુમાં કોઈપણ અસામાજિક પ્રવૃત્તિ ચાલતી હોય અને તમે એવું માનતા હોય કે મારે શું? તો એવું ના માનતા કારણ કે આ ઝેર તમારા ઘર સુધી પણ પહોંચી શકે છે. જેથી કોઈપણ અસામાજિક પ્રવૃત્તિ તમારા ઘરની બાજુમાં ચાલતી હોય તો જાણ કરજો. દરેકને વ્યસન મુક્ત જમાઈ જોઈએ છે, પરંતુ કોઈને વ્યસન મુક્ત જમાઈ આપવો નથી. જેથી આપણા નબીરાઓનું પણ ધ્યાન રાખજો. મારી માત્ર રોડ, પાણી, ગટર અને લાઈટ માટેની જવાબદારી નથી. તમારા જાનમાલના રક્ષણની પણ મારી જવાબદારી છે. કોઈપણ અસામાજિક તત્વો જો હેરાન કરતા હોય તો મને ધ્યાન દોરજો. મને બધી ખબર ના હોય. તમારે મારૂ ધ્યાન દોરવાનું હોય. ભાજપનો દરેક કાર્યકર રાષ્ટ્રવાદને ભરેલો છે. જેથી જ્યાં પણ અસામાજિક પ્રવૃત્તિ ચાલતી હોય ત્યાં દરેક લોકોએ કટિબદ્ધ થઈને કામ કરવું જોઈએ.

જોકે, આ દરમિયાન અલ્પેશ ઠાકોરનું દર્દ પણ છલકાયું હતું. ચાંદખેડા વોર્ડમાં કેટલાક ભાજપના નેતાઓ અલ્પેશ ઠાકોરને ધારાસભ્ય તરીકે ગણકારતા નથી. ભાજપના સંગઠનના કેટલાક નેતાઓ પોતાની મનમાની રીતે પાર્ટીમાં કામ કરતા હોય છે તેમજ આંતરિક ઝઘડા અને કામગીરી પણ યોગ્ય નથી. જેથી આ તમામ બાબતે તેઓએ મીઠી ટકોર કરી હતી. તેઓએ કહ્યું હતું કે, આપણે એકને ગમતા હોઈએ બીજાને ગમતા પણ ના હોઈએ. પરંતુ જે નારાજગી હોય તો તે નારાજગીનું કારણ જાણીને તેમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવો પડે. તેઓએ વધુમાં કહ્યું હતું કે, હું તમને બધાને પ્રેમ કરું છું. હું રાજનીતિ માટે નથી બેઠો. મારા આંખમાં ક્યારેય તમને રમત નહીં દેખાય. તમે બધાએ મને અહીંયા ધારાસભ્ય બનાવ્યો છે. તમામ પ્રાંત અને તમામ વર્ગના લોકો અહીંયા છે. જેથી મારે તમામ લોકોનું ધ્યાન રાખવું જે મારી જવાબદારી છે. મારું અહીંયા ગોકુલધામ વસે છે.

ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે તમામ લોકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે, સૌ લોકો પૈસા કમાવો, સુખી થાવ અને ખુશ રહો તેવી શુભેચ્છા પાઠવી દીધી હતી.

ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શહેર ભાજપમાંથી સરસપુર-રખિયાલ વોર્ડના ભાજપના કોર્પોરેટર ભાસ્કર ભટ્ટ હાજર રહેવાના હતા, પરંતુ ભાસ્કર ભટ્ટ કાર્યક્રમમાં ગેરહાજર જોવા મળ્યા હતા. આમંત્રણ પત્રિકામાં પણ ભાસ્કર ભટ્ટનું નામ સૌથી મોટું લખવામાં આવ્યું હતું અને ઉપર લખવામાં આવ્યું હતું, પરંતુ ખુદ ભાસ્કર ભટ્ટ જ ગેરહાજર રહેતા તેમની જગ્યાએ શહેર ભાજપમાંથી મહેશ ઠક્કર હાજર રહ્યા હતા. અમદાવાદમાં નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા માટે શહેર ભાજપ દ્વારા દરેક વોર્ડમાં નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે, ત્યારે શહેર ભાજપના વોર્ડ મુજબના સ્નેહમિલન કાર્યક્રમમાં એક બાદ એક વિવાદ સામે આવી રહ્યા છે. ચાંદખેડા વોર્ડમાં આજે 6 નવેમ્બર 2025ના રોજ સાંજે જનતાનગર ખાતે યોજનારા સ્નેહમિલન કાર્યક્રમની નિમંત્રણ પત્રિકાને લઈને વિવાદ પણ થયો હતો. દરેક વોર્ડ મુજબ કાર્યક્રમમાં નિમંત્રક તરીકે વોર્ડના પ્રમુખ અથવા હોદ્દેદારો હોય, પરંતુ ચાંદખેડા વોર્ડમાં નિમંત્રક તરીકે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનું નામ લખી દેવામાં આવ્યું હતું. જોકે, ધારાસભ્યને પણ આ બાબતે જાણ ન હોવાનું સામે આવ્યું છે.

### 'આમંત્રણ પત્રિકા છપાઈ ત્યારે હું બહારગામ હતો': કેતન દેસાઈ

ચાંદખેડા વોર્ડના ભાજપના પ્રમુખ કેતન દેસાઈએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમની નિમંત્રણ પત્રિકા મહામંત્રી દીપક ડાભલીયા દ્વારા છપાવવામાં આવી છે, જ્યારે આમંત્રણ પત્રિકા છપાઈ ત્યારે હું બહારગામ હતો. મને પત્રિકા જોવા માટે મોકલવામાં આવી હતી. જોકે, આ પ્રમાણેની નિમંત્રણ પત્રિકા છપાવવામાં આવી છે. મુખ્ય વક્તા અને મહેમાન તરીકે ભાજપના કોર્પોરેટર ભાસ્કર ભટ્ટ હોવાથી તેમનું નામ ઉપર લખવામાં આવ્યું છે. ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે કહ્યું હતું કે આ બાબતે મને જાણ નથી. હું બહાર હતો.

### 'નિમંત્રણ પત્રિકાને લઈને સમગ્ર વિવાદ સામે આવ્યો'

નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમની નિમંત્રણ પત્રિકામાં સરસપુર-રખિયાલ વોર્ડના ભાજપના કોર્પોરેટર અને પૂર્વ શાસક પક્ષના નેતા ભાસ્કર ભટ્ટનું નામ સૌથી ઉપર લખવામાં આવ્યું છે અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનું નામ નીચે લખવામાં આવ્યું હતું. આ નિમંત્રણ પત્રિકામાં નિમંત્રક તરીકે ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનું નામ લખાયું છે. આ ઉપરાંત નીચે પણ ચાંદખેડા વોર્ડ ભાજપ પરિવાર લખવામાં આવ્યું છે. જેથી નિમંત્રણ પત્રિકાને લઈને સમગ્ર વિવાદ સામે આવ્યો છે.

# અમદાવાદની 12, સુરત-વડોદરાની 2-2 ફ્લાઈટ 1થી 3 કલાક મોડી

## દિલ્હી એરપોર્ટના એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ખામી સર્જાતા આવતી-જતી 300થી વધુ ફ્લાઈટો ડીલે

**અમદાવાદ, તા.07**

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ (IGI) પર એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાઈ છે, જેના કારણે ફ્લાઈટ કામગીરી પર ભારે અસર પડી છે. દિલ્હી એરપોર્ટથી આવતી અને જતી 300થી પણ વધુ ફ્લાઈટો અચાનક ડીલે થઈ છે. દિલ્હીથી અમદાવાદ એરપોર્ટ પર આવતી કેટલીક ફ્લાઈટો ડીલે થઈ છે. આજે બપોરના 1 વાગ્યા સુધીમાં 5 જેટલી ફ્લાઈટ મોડી પડી છે. દિલ્હીમાં એટીસીમાં સર્જાયેલ ખામીના કારણે વડોદરા આવનાર દિલ્હીની બે ફ્લાઈટ ડીલે થઈ છે. આવીજ રીતે દિલ્હીથી સુરત જતી સવારની એરઈન્ડિયા અને ઈન્ડિગોની બંને ફ્લાઈટ્સ ફ્લાઈટ એકથી દોઢ કલાક મોડી પડી છે. પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે, પરંતુ સવારની ઘણી ફ્લાઈટ્સ ખોરવાઈ ગઈ છે. એકાએક સમયમાં ફેરફાર થતાં મુસાફરોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

અમદાવાદથી દિલ્હીની વચ્ચે આજે અનેક ફ્લાઈટ્સ ડીલે થઈ છે. જેમાં અમદાવાદથી દિલ્હીની વચ્ચે આજે કુલ 22 ફ્લાઈટ્સ સંચાલિત થઈ, જેમાંથી 12 ફ્લાઈટ્સમાં ડીલે થઈ છે. ઈન્ડિગોની કુલ 9 ફ્લાઈટ્સમાંથી ચાર ફ્લાઈક જેના નંબર 6E 6731, 6695, 2209 અને 5006 ડીલે થઈ છે.

એર ઈન્ડિયાની કુલ 10 ફ્લાઈટ્સમાંથી AI 818, 2946, 2848, 2716 અને 882 ડીલે થઈ. આકાશા એરની QP 1342, સ્માર્ટ વિંગ્સની SG 8194 તથા બ્લ્યુ ડાર્ટની BZ 154 ફ્લાઈટ પણ સમય કરતાં મોડુ ટેક ઓફ થયું.

દિલ્હીથી અમદાવાદ સહિત અનેક શહેરોમાં જતી ફ્લાઈટો એક કલાકથી પણ વધારે સમય માટે ડીલે થઈ છે. ફ્લાઈટ મોડી પડતા હજારો પ્રવાસીઓ પરેશાન થઈ રહ્યા છે.

**ગાંધીનગરના ઝુંડાલમાં તસ્કરો ત્રાટક્યા**

# બંધ મકાનને નિશાન બનાવી 20 કલાકના ગાળામાં 10 લાખની ઘરફોડ ચોરી, પરિવારને સગાની માંદગી વચ્ચે લાખોનો ફટકો...

**ગાંધીનગર, તા.07**

ગાંધીનગરના ઝુંડાલ ગામમાં રહેતા એક પરિવારના સભ્યો સ્વજનની ખબર અંતર પૂછવા માટે ગયા હતા. આ દરમ્યાન 20 કલાકના ગાળામાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી અંદાજિત 10 લાખની કિંમતના સોના ચાંદીના દાગીનાની ચોરીને અંજામ આપ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





ગાંધીનગરના ઝુંડાલ ગામમાં જોગણી માતાના મંદીર પાસે વચલો વાસમાં રહેતા અમૃતજી મંગાજી ઠાકોર ટેક્સી ડ્રાઈવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમના સગા ભાઈ દશરથજી ઠાકોરની (રહે. મેલડી માતાનો વાસ, ઝુંડાલ ગામ) બાયપાસ સર્જરી થઈ હોવાથી અમૃતજીના પરીવારના તમામ સભ્યો તા. 26 ઓક્ટોબરના રોજ બે વખત તેમના ખબર પૂછવા ગયા હતા. ઘરને સ્ટોપર મારીને પ્રથમ વખત પરિવારજનો બપોરે 12.30 થી સાંજના 4 વાગ્યાના ગાળામાં ખબર અંતર પૂછીને પરત આવી ગયા હતા. બાદમાં ફરીથી રાત્રે જમી કરીને ઘરને બહારથી સ્ટોપર લગાવીને 8 વાગે પાછા દશરથજીના ઘરે ગયા હતા. રાતે સાડા અગિયાર વાગ્યાના અરસામાં પરત ઘરે આવીને બધા સૂઈ ગયા હતા. બીજા દિવસે તા.27 ઓક્ટોબરની સવારે આઠેક વાગે અમૃતજીની પુત્રવધૂ કામિનીબેનને માલૂમ પડ્યું હતું કે, ઘરના ઉપરના રૂમમાં દાગીના રાખેલી ગુલાબી કલરની પતરાંની પેટી ગાયબ છે. આ પેટીમાં કામિનીબેને તહેવાર નિમિત્તે પહેરેલા સોના-ચાંદીના દાગીના મૂક્યા હતા. આ અંગે ઘરમાં શોધખોળ કરવા છતાં પેટી મળી આવી ન હતી. જેમાં ગળામાં પહેરવાનો સોનાનો ગોળ રાઉન્ડ સેટ, હાથમાં પહેરવાનુ સોનાનુ આશરે બે તોલાનુ લોકેટ, હાથમાં પહેરવાની સોનાની બંગડી નંગ 2, ગળામાં પહેરવાનો સોનાનો દોરો,પગમાં પહેરવાના ચાંદીના કલ્લા નંગ 2 ,પગમાં પહેરવાની ચાંદીની પાયલ નંગ 2 , ચાંદીના વાસણ જેમાં ડીસ-1, ગ્લાસ-1, વાટકી-71, ચમચી-1, ચાંદીની લક્કી કુલ નંગ-5, ચાંદીના કોડીયા કુલ નંગ 4, ચાંદીના ઝુડા ,ચાંદીનો કંદોરો મળીને આશરે 10 લાખની મત્તા હતી.

# હાઈકોર્ટે ભવિષ્યને લઈને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મેન પાવર એસેસમેન્ટ કરવા

## સરકારી વકીલે કહ્યું- આગામી કોમનવેલ્થ અને ઓલમ્પિકને ધ્યાન રાખીને AIનો પણ ઉપયોગ કરાશે, ચાર સભ્યોની કમિટી બની

**ગાંધીનગર, તા.07**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમદાવાદમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા, અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિક નિયમોના પાલન અંગે ચીફ જજની બેંચ દ્વારા સુઓમોટો અરજી લેવામાં આવી હતી. જેની ઉપર આજે સુનાવણી યોજાઈ હતી. જેમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે, ટ્રાફિક પોલીસની જરૂરિયાત અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને આગામી 15 વર્ષ માટે શહેરનું આયોજન કેવું હશે તે માટે એક્સપર્ટ એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવવામા આવ્યું છે. આગામી વર્ષોમાં ટ્રાફિક કેવો હશે, રોડ અને ટ્રાન્સપોર્ટ માટે વિઝન, મેનપાવર અને ટેક્નોલોજીનો ઉપયોગનો સંગમ કરવામાં આવશે. 13 નવેમ્બર સુધી ટેન્ડર ભરવાની તારીખ રાખવામાં આવી છે. જેનો રીપોર્ટ 15 સપ્તાહમાં આપવાનો રહેશે. આ માટે ચાર સિનિયર પોલીસ ઓફિસરની કમિટી બનાવવામા આવી છે. જેના ચેરમેન IGP ટ્રાફિક છે. ગૃહ વિભાગ દ્વારા મેનપાવરને લઈને ફ્રેશ એસેસમેન્ટ કરવામાં આવશે.



કોર્ટે સૂચન કર્યું હતું કે, આજની અને ત્યારબાદના 5 વર્ષમાં કેટલા મેનપાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર હશે તે નક્કી કરવામાં આવે. વર્તમાનમાં અમદાવાદ શહેરના મોટા ચાર રસ્તાઓ ઉપર પણ હોમગાર્ડને મૂકવામા આવે છે કારણ કે, તમારી પાસે પૂરતો ટ્રાફિક સ્ટાફ નથી. તમે કોમનવેલ્થ અને ઓલિમ્પિક યોજવાનું આયોજન કરવા જઈ રહ્યા છો તો તે મુજબ એસેસમેન્ટ કરો. આ મુદ્દે વધુ સુનાવણી 12 ડિસેમ્બરના રોજ યોજાશે.

અગાઉની સુનવણીમાં કોર્ટને જણાવાયું હતું કે, સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા રાજ્યમાં 1315 ટ્રાફિક કર્મચારીની જરૂર છે. આગામી સમયમાં આ જગ્યાઓ ઉપર સીધી ભરતી કરાશે. જેની જાહેરાત બહાર પાડવામાં આવશે. 1315 કર્મચારીઓમાંથી અમદાવાદમાં 200 ટ્રાફિક કોન્સ્ટેબલ ફાળવવામાં આવશે. આગામી 15 વર્ષ માટે પોલીસની જગ્યાઓને લઈને થર્ડ પાર્ટી એક્સપર્ટ સલાહ લેવાઈ રહી છે. વર્તમાનમાં 12 હજાર જગ્યાઓ પોલીસમાં ભરાઈ રહી છે. જોકે, કોર્ટે કહ્યું હતું કે વર્તમાન સમયમાં રાજ્યમાં વસ્તીના હિસાબમાં પોલીસની જરૂરિયાત અંગે સ્પષ્ટતા નથી. આ માટે એનાલીસીસ જરૂરી છે., ટ્રાફિક પોલીસની કેટલી જરૂર છે? ભવિષ્યમાં કેટલી જરૂર પડશે? આ સાથે જ કોર્ટે આ મુદ્દે ગૃહ વિભાગના સેક્રેટરીને પ્રોગ્રેસ રીપોર્ટ રજૂ કરવા અગાઉ જણાવ્યું હતું.

અગાઉની સુનાવણીમાં કોર્ટને જણાવ્યું હતું કે, ટ્રાફિક પોલીસની જગ્યા બિન હથિયારધારી પોલીસ કર્મચારીઓમાંથી કરવામાં આવે છે. સીધી ભરતી અંતર્ગત જ ટ્રાફિક પોલીસમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્તમાન ભરતી ટૂંકા અને મધ્યમ ગાળાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહી છે. ટ્રાફિક પોલીસ માટે કોઈ અલગ કેડર નથી. આમ કરવામાં આવે તો પ્રમોશન સહિતના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે. જેથી રોટેશન કરીને ટ્રાફિક પોલીસમાં પોલીસને તૈનાત કરવામાં આવે છે. હાઈકોર્ટે કહ્યું હતું કે, પોલીસ કર્મચારીને ભલે આખું જીવન ટ્રાફિક વિભાગમાં રાખવામાં ના આવે, પરંતુ પોલીસ ભરતી બોર્ડ રોટેશન અંગે નિર્ણય કરે.

# ઈતિહાસના સૌથી મોટા 10 હજાર કરોડના કૃષિ પેકેજની જાહેરાત

## CMની એક્સ પર પોસ્ટ દ્વારા ઘોષણા, રાજ્યના 16 હજારથી વધુ ગામના 42 લાખ ખેડૂતોને લાભ મળી શકે

**ગાંધીનગર, તા.07**

રાજ્યના ખેડૂતો માટે આજનો દિવસ નિર્ણાયક સાબિત થયો. સરકારે પાક નુકસાની માટે 10 હજાર કરોડના ઈતિહાસના સૌથી મોટા કૃષિ પેકેજની જાહેરાત કરી છે. આ અંગે CM ભૂપેન્દ્ર પટેલે સમીક્ષા બેઠક બાદ નિર્ણય કરીને એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી હતી.જિતુ વાઘાણીએ જણાવ્યું હતું કે સર્વેનો રિપોર્ટ મુખ્યમંત્રી સમક્ષ રજૂ થયો હતો. જેમાં લગભગ 42 લાખ હેક્ટરથી વધારે અને 16 હજાર ગામથી વધારે ગામોમાં નુકસાન થયાનો અંદાજ રજૂ કરાયો હતો.

કમોસમી વરસાદ અને કુદરતી આફતોને કારણે પાકને થયેલા ભારે નુકસાન બાદ સરકારે ખેડૂતોને રાહત આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાંજે અતિ મહત્ત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. જેમાં કૃષિ, મહેસૂલ અને નાણાં વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે કૃષિમંત્રી અને નાણામંત્રી ચર્ચા કરી હતી. ત્યારબાદ CM ભૂપેન્દ્ર પટેલે એક્સ પર પોસ્ટ કરી માહિતી આપીને પાક નુકસાની માટે 10 હજાર કરોડની રાજ્ય સરકારની જાહેરાત કરી છે.

'ગત બે દાયકામાં ન થયો હોય એવો કમોસમી વરસાદ આ વર્ષે' સીએમ ભૂપેન્દ્ર પટેલે x પર પોસ્ટ કરીને જણાવ્યું કે, ગુજરાતમાં ગત બે દાયકામાં ન થયો હોય એ પ્રકારનો અસાધારણ કમોસમી વરસાદ આ વર્ષે થતા રાજ્યના વિવિધ જિલ્લાના ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે. આ સંદર્ભે, મેં તથા મારા સાથી મંત્રીઓએ જુદા-જુદા જિલ્લાઓમાં જઈને અસરગ્રસ્ત ખેડૂતોની સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને તેમની સ્થિતિ જાણી હતી.



ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

